(૩) વિધાનસભા મતદાર વિભાગની નગરપાલિકા / નગરપંચાયત વિસ્તારની મતદારયાદીના મતદારોની કુલ સંખ્યા, તે પૈકી કમી મતદારો અને બાકી રહેતા મતદારોની વિગત બતાવતું પત્રક નમુના નંબર : ૧ પ્રમાણે સબંધકર્તા તાલુકા મામલતદારશ્રીઓએ જે તે નગરપાલિકા/નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને વિધાનસભાના રોલ/સેટ સાથે લેખિત પત્ર દ્વારા પુરૂ પાડવાનું રહેશે. આ પત્રક તા.૧૧–૩–૯૮ ના આદેશ ક્રમાંક : રાજય–ચટણ–નપા– પીડીઈ–૯૮ અનુસાર ફેરફાર સાથેનું તૈયાર કરી પુરૂ પાડવાનું રહેશે.

(૪) નગરપાલિકા/નગરપંચાયતોની પુરવણી મતદારયાદીઓ, મતદારોની તા.૧–૧–૨૦૦૦ના રોજની ઉમરને ધ્યાનમાં લઈને તૈયાર કરવાની છે અને તેવી તે અનુસાર ઉમર ૨૦૦૦ ની પુરવણી મતદારયાદીમાં નવીન મતદારોની યાદીના કોલમ નં. ૭ માં દર્શાવવાનું રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે છે અને નમુના નંબર : ૭ (૧) ની પુરવણી મતદારયાદીના વધારાના મતદારોની યાદીના મથાળાના કોલમ નંબર : ૭ માં તા. ૧–૧–૨૦૦૦ ના રોજની ઉમર એ મુજબ દર્શાવવાનું રહેશે.

INDEX

(૫) તા.૧૩–૧–૨૦૦૦ ના પરિપત્રમાં આપેલ સુચનાઓ અનુસાર વિધાનસભાની ૨૦૦૦ ની પુરવણી યાદી ઉપરથી નગરપાલિકા/નગરપંચાયતની વોર્ડવાર/વિભાગવાર સને ૨૦૦૦ ની પુરવણી મતદારયાદી નંબર : ૧ તૈયાર કરવાની રહેશે.

(૬) આ યાદીની સૌપ્રથમ હસ્તલિખિત ૪ (ચાર) પ્રતો તૈયાર કરવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે. નમુના નંબર:૭ (૧) અનુસાર સને ૨૦૦૦ ની વોર્ડવાર/વિભાગવાર પુરવણી મતદારયાદીનું મથાળું રાજય ચુંટણી પંચના તા.૧૧–૩–૯૮ના આદેશથી નમુના નંબર : ૭ (૧) ના નકકી કરેલ મથાળા પ્રમાણે દર્શાવવાનું છે.

(૭) તા.૧૩–૧–૨૦૦૦ ના પરિપત્ર મુજબ દરેક વોર્ડના દરેક વિભાગ માટે ૨૦૦૦ ની પુરવણી મતદારયાદી નં. ૧ તથા નં. ૨ માં તૈયાર કરવાનું અને તેવી યાદી ન હોય તો તેવી યાદી માટેની સુચના અનુસાર " આવી યાદી નથી" તેની નોંધ જે તે યાદીના મથાળા નીચે કરી પુરવણી યાદી સંયુકત તૈયાર કરવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

(૮) ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો – ૧૯૯૪ ના નિયમ–૪ અનુસાર મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિની તથા આખરી પ્રસિધ્ધિની જાહેર સુચના અનુકમે તા. ૧૨–૧–૨૦૦૦ ના સુધારા આદેશથી સુધારેલ નમુના નંબર: ૪ તથા નંબર : ૬ અનુસાર કરવાની છે અને તે નગર/શહેરના જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરવાનું અને નગર/શહેરના દૈનિક/સ્થાનિક બે વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થાય તેવું રાજય ચુંટણી પંચ નકકી કરે છે. નમુના નંબર : ૪ તથા ૬ ની જાહેર સુચના માટે પ્રસિધ્ધિની તારીખ ઉપર જણાવેલ કાર્યક્રમ અનુસારની દર્શાવવા અને આ જાહેર સુચનાઓ જે તારીખે પ્રસિધ્ધ કરવાની હોય તે તારીખના વર્તમાનપત્રોમાં જ પ્રસિધ્ધ થાય તેવું રાજય ચુંટણી પંચ નકકી કરે છે. પ્રસિધ્ધિની તારીખ સિવાય વર્તમાનપત્રોમાં જાહેર સુચના પ્રસિધ્ધ થશે તેમજ જાહેર સુચનામાં પ્રસિધ્ધિની તારીખ સિવાયની કોઈ તારીખ દર્શાવેલ હશે, તો તે માટે સંબંધકર્તા નગરપાલિકા/ નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓને અંગત જવાબદાર ગણી ખુલાસાની અપેક્ષા સિવાય આગળની કાર્યવાહી કરવાનું રાજય ચુંટણી પંચ વિચારશે તેની નોંધ સંબંધકર્તા નગરપાલિકા/ નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ લેવાની રહેશે.

(૯) પ્રાથમિક પ્રસિધ્ધિનો અહેવાલ, જાહેર સુચના નં. ૪ ની નકલ, દૈનિક પેપરોની પ્રેસ કટીંગ તથા જાહેર સ્થળોની વિગત સાથે તેમજ નમુના નંબર : ૧, ૨ તથા 'ક' ના પત્રક સાથે પ્રસિધ્ધિની તારીખના બીજા દિવસે રાજય ચુંટણી પંચને મોકલવા અને તેવી જ રીતે આખરી પ્રસિધ્ધિનો અહેવાલ આખરી પ્રસિધ્ધિની તારીખ પછીના બીજા દિવસે તા.૧૩–૧–૨૦૦૦ ના પરિપત્રની આપેલ સુચનાઓ અનુસાર જરૂરી બિડાણો સાથે મોકલવાનું અને તે સાથે સને ૨૦૦૦ ની પુરવણી મતદારયાદી નંબર–૧ તથા નંબર : ૨ ના બે સેટ રાજય ચુંટણી પંચને મોકલવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

(૧૦) આ આદેશથી રાજયની વડોદરા જિલ્લાની પાદરા તથા રાજકોટ જિલ્લાની મોરબી નગરપાલિકા સિવાયની તમામ નગરપાલિકા/નગરપંચાયતોની સને ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા નંબર : ૨ છપાવવાને બદલે હસ્તલિખિત/સાઈકલોસ્ટાઈલ્ડ કરવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે. અને જયારે નગરપાલિકા/ નગરપંચાયતની સામાન્ય/મધ્યસત્ર ચુંટણી કે વોર્ડની બેઠકોની પેટા ચુંટણી યોજવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે હસ્તલિખિત યાદી ઉપરથી ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીની ૫૦ પ્રતો છપાવવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

(૧૧) રાજય ચુંટણી પંચ તરફથી નકકી કરેલ નમુના નંબર : ૭ (૧) તથા ૭ (૨) ના સુધારેલા નમુના પ્રમાણે તેમાં જણાવેલ મથાળા તથા કોલમો મુજબ કોલમ નંબરો તથા કોલમો મુજબની વિગતો સાથે પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા નંબર : ૨ તૈયાર કરવામાં આવશે નહીં અને તેમાં ફેરફાર કરી ફેરફારવાળા મથાળા તથા કોલમો દર્શાવી મતદારયાદી તૈયાર કરવામાં આવશે તો તે માટે જે તે નગરપાલિકા/નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓને અંગત જવાબદાર ગણી ખુલાસાની અપેક્ષા સિવાય આગળની કાર્યવાહી કરવાનું રાજય ચુંટણી પંચ વિચારશે.

(૧૨) રાજય ચુંટણી પંચ તરફથી નકકી કરેલ નમુના નંબર : ૧ તથા નંબર : ૨ ના પત્રક તથા નમુના નંબર 'ક' તથા 'ખ' ના પત્રકમાં આપેલ સુચનાઓ પ્રમાણે કોલમો મુજબ સાચી વિગતો તથા આંકડા દર્શાવી તેની મેળવણી કરવામાં આવે અને તે કોલમો મુજબ સાચી છે તેની ખાત્રી મુખ્ય અધિકારીઓ પાસે કરાવવા અને તેની મામલતદારશ્રીઓએ જાતે ખાત્રી કરવા અને કોલમોમાં જણાવેલ આંકડા, સંખ્યા તથા વિગતો સાચી નહીં જણાશે તો સંબંધકર્તા તાલુકા મામલતદારશ્રીને અંગત જવાબદાર ગણવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

INDEX

(૧૩) રાજ્ય ચુંટણી પંચના આદેશો/પરિપત્રોથી આપેલ સુચનાઓ અનુસાર જિલ્લાની નગરપાલિકા/નગરપંચાયતોની સને ૨૦૦૦ ની પુરવણી મતદારયાદી વોર્ડવાર/વિભાગવાર તૈયાર થયેલ છે કે નહીં અને તા. ૧૩–૧–૨૦૦૦ ના પરિપત્ર અનુસાર પુરવણી મતદારયાદીઓની કરેલ નોંધોની ૧૦૦ ટકા ચકાસણી કરાવવા અને તેની જિલ્લા કક્ષાએ ખાત્રી કરાવવા અને સુચનાઓનો અમલ થયેલ ન હોય તો સંબંધકર્તા નગરપાલિકા/નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રી તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મુખ્ય અધિકારીઓ પાસેથી ખુલાસા મેળવવા અને રીમાર્કસ/અભિપ્રાય સાથે અહેવાલ રાજ્ય ચુંટણી પંચને નગરપાલિકા/નગરપંચાયતવાર જિલ્લા કલેકટરશ્રીઓએ મોકલવાના રહેશે.

જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ આ આદેશ અનુસાર કાર્યવાહી કરતા જે તે નગરપાલિકા/નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારીશ્રી અને તાલુકા મામલતદારશ્રીઓને તથા નગરપાલિકા/નગરપંચાયતોના મુખ્ય અધિકારીઓને જિલ્લા કક્ષાએ બેઠક બોલાવી સુચનાઓ આપવાની રહેશે અને તેઓને આ આદેશની નકલો પણ મોકલવાની રહેશે.

આદેશ થી,

યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચુંટણી પંચ,
ગાંધીનગર.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No.113 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XLI] WEDNESDAY, FEBRUARY 2, 2000/ MAGHA 13, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નંબર : ૯ , ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તારીખ :૧૬–૧–૨૦૦૦

ક્રમાંક : રાચય–૧૮૯૯–ન.પા.–પીડીઈ–૨૦૦૦

વિષય : નગરપાલિકા / નગરપંચાયતો

મતદારયાદીમાં સુધારા–વધારા કરવા પુનઃ નિરીક્ષણ કરવા તથા પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા તથા પ્રસિધ્ધ કરવા બાબત.

પરિપત્ર :

૧. ગુજરાત નગરપાલિકા અધિનિયમ – ૧૯૬૩ ની કલમ–૯ ની પેટા કલમ – ૨, ૨(ક) તથા ૩ અનુસાર તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો – ૧૯૯૪ અન્વયે ગુજરાત રાજ્યની નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડવાર તથા વિભાગવાર મતદારયાદીઓ તૈયાર રાખવા, અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ રાજ્ય ચુંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

INDEX

૨. રાજ્યની નગરપાલિકા / નગરપંચાયતો-ની વોર્ડવાર તથા વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવા તેમજ તેની પ્રસિધ્ધિ કરવા રાજ્ય ચુંટણી પંચ તરફથી નીચેના પરિપત્રો / આદેશોથી વિભાગવાર સુચનાઓ આપવામાં આવેલ છે.

(૧) પરિપત્ર નંબર : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૫, તા. ૨૭–૧–૯૫
(૨) આદેશ નંબર : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૭૪૦–૯૬, તા. ૩–૪–૯૬
(૩) પરિપત્ર ક્રમાંક : રાચપ–ચટણ૯નપા–પીડીઈ–૯૬, તા. ૨૭–૬–૯૬
(૪) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૮, તા. ૧૧–૩–૯૮
(૫) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૮, તા. ૬–૧–૯૯
(૬) સુધારા આદેશ ક્રમાંક: રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૯, તા. ૨૧–૭–૯૯
(૭) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૯, તા. ૩–૮–૯૯
(૮) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૯, તા. ૧૨–૧૦–૯૯
(૯) આદેશ ક્રમાંક : એસઈસી–ઈએલસી–એમયુએન–પીડીઈ–૯૯, તા. ૩૦–૯–૯૯
(૧૦) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૨૦૦૦, તા. ૧૨–૧–૨૦૦૦

ઉપરોકત આદેશો / પરિપત્રોથી આપેલ સુચનાઓ અનુસાર ગુજરાત વિધાનસભા-ની જે તે વર્ષે અગાઉ હોય તેવી અને આખરી પ્રસિધ્ધિ થયેલી નીચે જણાવેલ મતદારયાદીઓ ઉપરથી નગરપાલિકા / નગરપંચાયતોના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશો રાજ્ય ચુંટણી પંચ તરફથી બહાર પાડેલ છે, તે સીમાંકનના આદેશો મુજબ શહેર / નગરના તમામ વોર્ડોની વોર્ડવાર તથા વિભાગવાર મતદારયાદીઓ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરવાની રહે છે અને તેની પ્રસિધ્ધિ રાજ્ય ચુંટણી પંચ નકકી કરે તે કાર્યક્રમ અનુસાર કરવાની રહે છે.

(૧) ગુજરાત વિધાનસભા-ની જે તે વર્ષ-ની નગર / શહેરની ભાગવાર યુળ મતદારયાદીઓ
(૨) ગુજરાત વિધાનસભા-ની જે તે વર્ષ-ની જે તે ભાગની પુરવણી મતદારયાદીઓ

૩. ભારત સરકારના કેન્દ્રીય ચુંટણી પંચ દ્વારા વિધાનસભાની ૧૯૯૮ની સ્થિતિની મતદારયાદીઓ કોમ્પ્યુટરાઈઝડ કરાવવામાં આવેલ છે. રાજ્ય ચુંટણી પંચે ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગો-ની કોમ્પ્યુટરાઈઝડ થયેલી ૧૯૯૮ની સ્થિતિની મતદારયાદીઓ પરથી રાજ્યની તમામ નગરપાલિકા / નગરપંચાયતો-ની ૧૯૯૮ની સ્થિતિની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરાવેલ છે. આ મતદારયાદીઓમાં નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારીઓએ ૧૯૯૬ તથા ૧૯૯૮ માં સંક્ષિપ્ત સુધારણા કર્યા પ્રમાણેના વધારાના મતદારોના નામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજ્ય ચુંટણી પંચ તરફથી ૧૯૯૮ની સ્થિતિની કોમ્પ્યુટરાઈઝડ તૈયાર કરેલ નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડવાર અને વિભાગવાર મતદારયાદીઓ તથા તેમાં સુધારા–વધારા કરી સને ૧૯૯૯ ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે તા.૨૦–૧૧–૯૯ નાં રોજ આખરી પ્રસિધ્ધિ કરી છે. ગુજરાત વિધાનસભા મતદાર વિભાગો-ની તા. ૧–૧–૨૦૦૦ની સ્થિતિએ સુધારી તા. ૭–૧–૨૦૦૦ના રોજ આખરી પ્રસિધ્ધિ કરેલ મતદારયાદીઓ પરથી નગરપાલિકા / નગરપંચાયતો-ની ૧૯૯૮ની સાલની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદીઓમાં સુધારા–વધારા કરી સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા અને તેની પ્રસિધ્ધિ કરવા રાજ્ય ચુંટણી પંચે નકકી કર્યું છે, અને તે માટે ઈલાયદા કાર્યક્રમ આપવામાં આવેલ છે.

INDEX

૪. ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની સને ૧૯૯૫ની સાલની મુળ મતદારયાદી સાથે ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા અને તેની પ્રસિધ્ધિ કરવાનું ભારતના ચુંટણી પંચે નકકી કર્યા મુજબ ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી સહિત ગુજરાત વિધાનસભાની ૨૦૦૦ની સાલે મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ તા. ૭–૧–૨૦૦૦ના રોજ કરવામાં આવેલ છે જે તા. ૭–૧–૨૦૦૦ થી અમલમાં આવેલ છે.

૫. ગુજરાત નગરપાલિકા અધિનિયમ – ૧૯૬૩ની કલમ–૯ ની પેટાકલમ–૨, ૨(ક), ૩ અનુસાર ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની તા. ૭–૧–૨૦૦૦ ના રોજ અમલમાં આવેલ મતદારયાદીઓ ઉપરથી રાજયની નગરપાલિકા / નગરપંચાયતોની ૧૯૯૮ની કોમ્પ્યુટરાઈઝડ તૈયાર કરેલ મતદારયાદીઓ તથા ૧૯૯૯ ની પુરવણી મતદારયાદીઓમાં સુધારા–વધારા કરી ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા માટે જે તે નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ નીચે પ્રમાણે કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા રાજય ચુંટણી પંચ સુચના આપે છે.

(૧) ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી તૈયાર કરવા માટે જિલ્લા કલેકટરશ્રીઓએ તાલુકા મામલતદારશ્રીઓને તા.૧–૧–૨૦૦૦ની રોજની ઉપરની સ્થિતિએ તૈયાર થયેલ અને તા. ૭–૧–૨૦૦૦ ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ ગુજરાત વિધાનસભાની મતદાર વિભાગોની ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદીઓના બે થી ત્રણ રોલ / સેટ નગરપાલિકા / નગરપંચાયતો પાસેથી થતી કિંમત વસુલ લઈ જે તે તાલુકા મામલતદારો તરફથી જે તે નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને પુરા પાડવાના રહેશે.

(૨) ગુજરાત વિધાનસભાની તા.૧–૧–૨૦૦૦ ની સ્થિતિએ તૈયાર થયેલ અને તા. ૭–૧–૨૦૦૦ ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદી બાદ નામો કમી કરવા / દાખલ કરવાના ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોના મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ તરફથી હુકમો થયેલ હશે. તો તેવા હુકમોની નકલો અગર તે અનુસાર પુરવણી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિધ્ધ કરેલ હશે તો તેવા હુકમોની નકલો અગર તે અનુસાર પુરવણી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિધ્ધ કરેલ હશે તો તેવી પુરવણી મતદારયાદીના બે થી ત્રણ સેટ / રોલ જે તે મામલતદારશ્રીઓએ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને દિન–૭ માં પુરાં પાડવાનાં રહેશે.

(૩) ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની જે તે વર્ષની મુળ તથા પુરવણી મતદારયાદીઓના ભાગો ઉપરથી જે તે શહેર / નગરના ભાગોના મતદારોની કુલ સંખ્યા પૈકી કમી મતદારો અને બાકી રહેતા મતદારોની વિગત બતાવતું પત્રક નમુના નંબર–૧ પ્રમાણે સંબંધકર્તા તાલુકા મામલતદારશ્રીઓએ જે નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને વિધાનસભાના રોલ / સેટ વેચાણ આપવામાં આવે ત્યારે લેખિત પત્ર સાથે પુરૂ પાડવાનું રહે છે. આ પત્રક તારીખ : ૧૧–૩–૯૮ના આદેશ સાથેના નમુના નંબર–૧ માં જરૂરી ફેરફાર કરીને તૈયાર કરવાનું રહે છે. તેમાં સને ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદીના મતદારો સહિતની સંખ્યાની વિગતો પુરી પાડવાની રહેશે.

(૪) ઉપર પેરા–૫ના પેટા પેરા (૧) તથા (૨) મુજબની ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની તા.૧–૧–૨૦૦૦ ના રોજની ઉપરની સ્થિતિએ તૈયાર થયેલ ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદીમાં દાખલ થયેલ નવીન મતદારોના નામોના લત્તા / વિસ્તાર નકકી કરી જે તે વર્ષની નગરપાલિકા / નગરપંચાયતની વોર્ડવાર / વિભાગવાર મુળ મતદારયાદીના લત્તા / વિસ્તાર અનુસાર જે તે વોર્ડના જે તે વિભાગના વિસ્તાર / લત્તામાં દાખલ કરવા હસ્તલિખિત પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે. જેના અનુક્રમ નંબરો ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની મુળ મતદારયાદી ઉપરથી કોમ્પ્યુટરાઈઝડ તૈયાર કરેલ નગરપાલિકા / નગરપંચાયતોની ૧૯૯૯ ની સ્થિતિની વોર્ડ / વિભાગની પુરવણી મતદારયાદીમાં છેવટે જણાવેલ મતદારોના અનુક્રમ નંબરો પછીના અનુક્રમ નંબરોથી શરૂઆત કરી ક્રમાનુસાર નંબરો આપવાના રહેશે. તમામ નવીન મતદારોનો નગરપાલિકા / નગરપંચાયતોના જે તે વોર્ડના જે તે વિભાગની યાદીમાં દાખલ કરવામાં આવે તે ખાસ જોવાનું રહેશે. આ મતદારયાદીને તા. ૧૧–૩–૯૮ના આદેશ સાથેના નમુના નંબર – ૭ (૧) મુજબ '૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી નંબર–૧' એ મુજબ મથાળુ આપી પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે. નગરપાલિકા / નગરપંચાયતોની પુરવણી મતદારયાદીઓના સુધારેલા નમુના નંબર–૭ (૧) તથા ૭(૨) તા. ૧૧–૩–૯૮ ના આદેશથી નકકી કરવામાં આવેલ છે. પુરવણી મતદારયાદી નમુના નંબર– ૭(૧) નો મુસદ્દારૂપ નમુનો તૈયાર કરી આ સાથે સામેલ રાખેલ છે તે મુજબ ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી નંબર – ૧ તૈયાર કરવાની રહેશે.

(૫) ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદીમાં જણાવેલ મતદારોની યાદી અનુસાર કમી મતદારોના નામો નમુના નંબર : ૭ (૧) ની કમી યાદીમાં જણાવવાના રહેશે જેના અનુક્રમ નંબરો જે તે વોર્ડની જે તે વિભાગની મુળ યાદીના જણાવવાના રહેશે. તમામ કમી મતદારોના નામો નગરપાલિકા / નગરપંચાયતના જે તે વોર્ડની જે તે વિભાગની યાદીમાં દર્શાવવામાં આવે તે ખાસ જોવાનું રહેશે.

(૬) વિધાનસભાની સુધારા નામોની યાદી મુજબ જે મતદારોના નામોમાં તથા અન્ય વિગતોમાં સુધારો થયેલ હશે તો તેની વિગત નગરપાલિકા / નગરપંચાયતના જે તે વોર્ડની જે તે વિભાગની નમુના નંબર : ૭ (૧) ની સુધારા નામોની યાદીમાં દર્શાવવાની રહેશે. જેના અનુક્રમ નંબરો કોલમ નંબર – ૧ માં જણાવવાના રહેશે.

(૭) જે તે વર્ષની પુરવણી યાદીમાં જણાવેલ નવીન મતદારોના લત્તા / વિસ્તાર યાદીમાં દર્શાવેલ નહીં હશે તો વિધાનસભા મતદાર વિભાગના મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ વિધાનસભાની જે તે વર્ષની પુરવણી મતદારયાદી તૈયાર કરવામાં આવેલ હોય તે સમયે નામો દાખલ કરવા રજુ થયેલ નમુના નંબર : ૬ ની મુળ અરજીઓમાં લત્તાની વિગતો નહીં હશે તો લત્તાની વિગતો નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને પુરી પાડવાની રહેશે અને તે માટે નમુના નંબર : ૬ ની મુળ અરજીઓ પણ પુરી પાડીને તાલુકા મામલતદારોએ પરત મેળવવાની રહેશે અને જે તે વોર્ડની જે તે વિભાગની મતદારયાદીમાં વિધાનસભાની જે તે વર્ષની પુરવણી મતદારયાદીના તમામ નવીન મતદારોનો સમાવેશ કરવાનો રહેશે.

(૮) વિધાનસભાની યાદીમાં જણાવેલ કમી નામોની યાદીમાં જણાવેલ મતદારોના નામોના અનુક્રમ નંબરો વિધાનસભાની મુળ મતદારયાદીમાં જણાવેલ અનુક્રમ નંબરો સાથે મળતા ન હોય તો તેવા મતદારોના અનુક્રમ નંબરો મેળવવા માટે વિધાનસભા મતદાર વિભાગના મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ મતદારોના નામો કમી કરવા હુકમો કરેલ હશે તે હુકમો અંગેનું રેકર્ડ તથા વિધાનસભાની હસ્તલિખિત મતદારયાદીની સ્થળપ્રત ઉપરથી મુળ મતદારયાદીના અનુક્રમ નંબરોની વિગત નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને તાલુકા મામલતદારશ્રીઓએ પુરી પાડવાની રહેશે.

(૯) ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોના નગરપાલિકા / નગરપંચાયતના વિસ્તારોના જે તે વિભાગોની જે તે વર્ષની પુરવણી મતદારયાદીમાં દર્શાવેલ મતદારો પૈકી નગરપાલિકા / નગરપંચાયતના હદ બહારના મતદારોની નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડની જે તે વિભાગની હસ્તલિખિત મતદારયાદીમાં સમાવેશ ન કરવામાં આવે તેની ખાસ નોંધ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ રાખવાની રહેશે.

(૧૦) નગરપાલિકા / નગરપંચાયતના વોર્ડોના સીમાંકનના આદેશ અનુસાર જે તે વોર્ડના લત્તા / વિસ્તારના મતદારોની જે તે વોર્ડની જેતે વિભાગની મતદારયાદીમાં સમાવેશ કરવા માટે જે તે વર્ષની પુરવણી મતદારયાદી જેતે વોર્ડના જેતે વિભાગ માટે તૈયાર કરવાની રહેશે. જેમાં એક વોર્ડના લત્તા / વિસ્તારના મતદારોનો અન્ય વોર્ડના લત્તા / વિસ્તારોમાં સમાવેશ કરવામાં ન આવે તેની ખાસ નોંધ રાખવાની રહેશે. અને તે માટે પેરા–૫ (૭) મુજબ ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની જેતે વર્ષની પુરવણી મતદારયાદીમાં જણાવેલ નવીન મતદારોના નામોના લત્તા અને વિસ્તાર સહુ પ્રથમ નકકી કરવાના રહેશે.

(૧૧) ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની જે તે વર્ષની પુરવણી મતદારયાદીમાં જણાવેલ નવીન મતદારોના નામો કયા વોર્ડની કયા વિભાગની મતદારયાદીમાં સમાવેશ કરેલ છે તેની નોંધ ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની જેતે વર્ષની છાપેલી પુરવણી મતદારયાદીમાં જે તે મતદારના નામ સામે કરવાની રહેશે અને ગુજરાત વિધાનસભાના જે તે મતદાર વિભાગની જે તે વર્ષની છાપેલી મતદારયાદીમાં નવીન મતદારોના નામ સામે નગરપાલિકા / નગરપંચાયતના જે તે વોર્ડના જેતે વિભાગની પુરવણી મતદારયાદીના અનુક્રમ નંબરોની વિગતો, વોર્ડ નંબર તેમજ વિભાગ નંબર સાથે દર્શાવવાની રહેશે કે જેથી ગુજરાત વિધાનસભાના મતદારવિભાગની જે તે વર્ષની પુરવણી મતદારયાદીના નવીન મતદારો નગરપાલિકા / નગરપંચાયતના કયા વોર્ડની કયા વિભાગની મતદારયાદીમાં કયા અનુક્રમ નંબરો ઉપર દાખલ કરેલ છે તેની ખાત્રી થઈ શકશે.

૬(૧) મતદારયાદીમાં સુધારા–વધારા કરવા માટે નકકી કરેલ નમુના 'ક' ના ફોર્મો પ્રાથમિક પ્રસિધ્ધિ પહેલા વેચાણ માટે તૈયાર / અગર ઉપલબ્ધ રાખવા અને તે અનુસાર નિયત સમયમર્યાદામાં રજુ થયેલ હકક / દાવાઓની નોંધણી માટે વોર્ડવાર તેમજ વિભાગવાર તા. ૧૨–૧૦–૯૯ના સુધારા આદેશથી નકકી કરેલ નમુના નંબર : 'અ' માં રજીસ્ટર રાખવાનું રહેશે અને તે રજીસ્ટરમાં દાવાના નિકાલની વિગત દર્શાવી મતદાર નોંધણી અધિકારીઓએ પોતાની સહીઓ દરેક દાવા સામે કરવાની રહેશે. જેથી કેટલા દાવા પૈકી કેટલા માન્ય રાખ્યા અને કેટલા અમાન્ય રાખી રદ કર્યા તેની વિગતો ઉપલબ્ધ થઈ શકશે.

૬(૨) નગરપાલિકા / નગરપંચાયતની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદી જે તે વર્ષે તા. ૧ લી જાન્યુઆરી ..... ની તારીખે મતદારની ઉમર હોય તે ધ્યાને લઈને તૈયાર કરવાની રહેશે અને તે અનુસાર નવીન નામો દાખલ કરવા દાવા અરજી રજુ કરવામાં આવે તેમાં ૧ લી જાન્યુઆરી ૨૦૦૦ ના રોજની ઉમર દર્શાવવાની રહેશે. અને તેના માટેનો આધાર પણ રજુ થાય અને એની ખાત્રી કરવાની વ્યવસ્થા પણ મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ કરવાની રહેશે.

૬(૩) નગરપાલિકા / નગરપંચાયતોની મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ બાદ નિયત કરેલ કાર્યક્રમ મુજબ નિયત કરેલ સમયમર્યાદામાં રજુ થયેલ દાવા / અરજીઓનો નિકાલ રાજય ચુંટણી પંચ તરફથી આપેલ સુચનાઓ તથા ઉપરોકત નિયમોની જોગવાઈઓ અનુસાર જે તે મતદાર નોંધણી અધિકારીઓએ કરવાનો રહેશે અને તે અંગે સંક્ષિપ્ત હુકમો કરવાના રહેશે અનેતેની જાણ સંબંધકર્તા અરજદારોને કરવાની રહેશે અને તેની વિગતો તા. ૧૨–૧૦–૯૯ના સુધારા આદેશ સાથેના નમુના નંબર:'અ' મુજબના રજીસ્ટરમાં દરેક દાવાના નિકાલ કર્યાની જાણ કર્યા સુધીની વિગતો મતદાર નોંધણી અધિકારીઓએ નોંધવાની રહેશે અને તેની તેઓએ ખાત્રી કરવાની રહેશે.

સમય મર્યાદામાં રજુ થયેલ દાવા અરજીઓના નિકાલ સમયે રાજય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : એસઈસી–ઈએલસી–એમયુએન–પીડીઈ–૯૯, તા. ૩૦–૯–૯૯ થી આપેલ સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

INDEX

૬(૪) વિધાનસભાની જે તે સાલની પુરવણી મતદારયાદીમાં જણાવેલ નવીન મતદારોના ઘરનંબર / સરનામા / લત્તાની વિગતો મતદારયાદીમાં દર્શાવેલ નહી હશે તો નવીન મતદારો કયા ઘરના છે તેની વિગત મેળવવા માટે વિધાનસભાની યાદીમાં નવીન નામ દાખલ કરવા રજુ થયેલ નમુના નંબર : ૬ ની મુળ અરજીઓ ઉપરાંત, સસ્તા અનાજની દુકાનદારોના રેશનકાર્ડના રજીસ્ટર ઉપરથી કયા લત્તાના કયા ઘર / કુટુંબના મતદાર છે તેમજ વિધાનસભાની યાદીના મતદારોના ફોટો કાર્ડના રજીસ્ટર ઉપરથી ઘર / કુટુંબના લત્તા / વિસ્તારની વિગત મેળવવી અને તેમ છતાં ઓળખ ન મળે તો જે તે લત્તા / વિસ્તારના નગરપાલિકા / નગરપંચાયતના અધિકારી / કર્મચારીઓ પાસે જે તે સ્થળે ખાત્રી કરાવી કયા ઘર / કુટુંબના મતદાર છે તેની ઓળખ મેળવી જે તે વોર્ડના જે તેવિભાગની મતદારયાદીમાં નામો દાખલ કરવાનો નિર્ણય મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ લેવાનો રહેશે.

૭. પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખથી નિયત સમય મર્યાદામાં દાવા / અરજીઓ રજુ થાય તેનો નિકાલ કરી લેવામાં આવેલ નિર્ણય અનુસાર મતદાર નોંધણી અધિકારીઓ તરફથી ઉપર પેરા ૬ (૩) , માં જણાવ્યા મુજબ કરેલ હુકમો અનુસાર હસ્તલિખિત વોર્ડવાર તથા વિભાગવાર પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે જેને " સને ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી નંબર : ૨" એ મુજબ દર્શાવવાનું રહેશે. આ પુરવણી મતદારયાદી નીચે જણાવ્યા મુજબ સળંગ સંયુકત તૈયાર કરવાની રહેશે.

(૧) તા.૧૧-૩-૯૮ ના આદેશ સાથેના નમુના નંબર : ૭ (૧) માં જણાવેલ નમુના પ્રમાણે જે તે વર્ષની નગરપાલિકા / નગરપંચાયતની વોર્ડવાર / વિભાગવાર પુરવણી મતદારયાદી નંબર : ૧ તૈયાર કરવાની રહેશે. જેમાં નમુના નંબર : ૭ (૧) માં જણાવેલ મથાળું તથા કોલમો મુજબ વિગત દર્શાવવાની છે. નમુના નંબર : ૭ (૧) મુજબ જે તે વર્ષની પુરવણી મતદારયાદી તૈયાર કરવા માટે કોલમ નંબર : ૭ માં ૨૦૦૦ ના વર્ષની પુરવણી મતદારયાદી માટે " તા. ૧ લી જાન્યુઆરી-૨૦૦૦ ના રોજની ઉમર " એ મુજબ દર્શાવવાનું રહેશે. પુરવણી મતદારયાદીના મથાળા ઉપર " નમુના નંબર : ૭ (૧) દર્શાવવાનું નથી તેની ખાસ નોંધ રાખવાની રહેશે.

મથાળા બાદ નીચે મુજબની યાદી તૈયાર કરવાની રહેશે.
(૧) વધારાના નામોની યાદી
(૨) સુધારા નામનો યાદી
(૩) કમી નામોની યાદી

(૨) નમુનારૂપ પુરવણી મતદારયાદી તૈયાર કરવાનો નમુના નંબર : ૭ (૧) તથા ૭ (૨) નો સુધારેલો નમુનો આ સાથે સામેલ રાખેલ છે. તે અનુસાર પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે. જો કોઈ વોર્ડના વિભાગમાં પુરવણી મતદારયાદીના દરેક પ્રકારના નામોની નીચે એટલે કે....
(૧) વધારાના નામોની યાદી
(૨) સુધારા નામનો યાદી
(૩) કમી નામોની યાદી

નીચેના ભાગે પુરૂષ / સ્ત્રી તથા કુલ નામોની સંખ્યા દર્શાવવાની છે.

ત્રણ પ્રકારના નામોની યાદી ન હોય તો પણ નીચે મુજબની વિગત જે તે મથાળા નીચે દર્શાવીને પુરવણી મતદારયાદી દરેક વોર્ડના દરેક વિભાગ માટે અલગ અલગ તૈયાર કરવાની ખાસ નોંધ નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી અને મામલતદારશ્રીઓએ રાખવાની રહેશે.
(૧) વધારાના નામોની યાદી નથી
(૨) સુધારા નામનો યાદી નથી
(૩) કમી નામોની યાદી નથી

૮(૧) નમુના નંબર : ૭ (૨) માં મથાળામાં તા. ૧૧-૩-૯૮ ના આદેશ મુજબ મથાળું દર્શાવી વધારાના નામોની યાદી તૈયાર કરવાની રહેશે. જેમાં વધારાના નામોની યાદીનું મથાળું તથા કોલમો મુજબ વિગત દર્શાવી નવીન મતદારોના નામો દાખલ કરવાના રહેશે. જેના અનુક્રમ નંબરો નગરપાલિકા / નગરપંચાયતની જે તે વોર્ડની જે તે વિભાગની જે તે વર્ષની પુરવણી મતદારયાદી નંબર : ૧ માં જણાવેલ અનુક્રમ નંબરો પછીના અનુક્રમ નંબરો આપી ક્રમાનુસાર અનુક્રમ નંબરો આપવાના રહેશે.

૮(૨) વધારાના નામો દાખલ કર્યા પછી સુધારા નામોની યાદીનું મથાળું તથા કોલમો મુજબ વિગત દર્શાવી સુધારાના નામોની યાદી તૈયાર કરવાની રહેશે. જેમાં નગરપાલિકા / નગરપંચાયતની જે તે વોર્ડની જે તે વિભાગની જે તે વર્ષની મુળ મતદારયાદીના અનુક્રમ નંબર તથા તે મતદારનું સાચું નામ અને ભુલવાળી તથા સુધારાની વિગતો જે તે કોલમમાં દર્શાવવાની રહેશે. આ યાદીના કોલમ નંબર : ૨ માં મતદારનું સાચું પુરેપુરૂ નામ દર્શાવવાનું છે. કોલમ નંબર : ૨ માં નગરપાલિકા / નગરપંચાયતની જે તે વોર્ડના જે તે વિભાગની મુળયાદીમાં છપાયેલ નામ દર્શાવવાનું નથી તેની ખાસ નોંધ રાખવાની છે અગર તો રાજય ચૂંટણી પંચે આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-નપા-પીડીઈ-૯૯, તા. ૩-૮-૯૯ થી નકકી કરેલ કોલમ ૧ થી ૮ ના નમુનામાં સુધારા નામોની યાદી તૈયાર કરી શકાશે.

INDEX

૮(૩) સુધારા નામોની યાદી પછી કમી નામોની યાદીનું મથાળું તથા કોલમો મુજબ વિગત દર્શાવી કમી નામોની યાદી તૈયાર કરવાની રહેશે. જેમાં નગરપાલિકા / નગરપંચાયતના જે તે વોર્ડની જે તે વિભાગની જે તે વર્ષની મુળ મતદારયાદીના અનુક્રમ નંબર તથા તેના મતદારનું નામ જે તે કોલમમાં દર્શાવવાનું રહેશે.

૮(૪) નમુના નંબર: ૭ (૧) તથા ૭ (૨) ના મથાળાના ઉપરના ભાગે ડાબી બાજુ જે તે વોર્ડના મતદાન કેન્દ્રનો નંબર દર્શાવવાનો છે. રાજ્ય ચુંટણી પંચ તરફથી જે તે નગરપાલિકા / નગરપંચાયત-ની ચુંટણી માટે જે તે વોર્ડના મતદાન મથકો મંજુર કરવામાં આવેલ છે, તે પ્રમાણેનો મતદાન કેન્દ્રનો નંબર દર્શાવવાનો છે.

૮(૫) નગરપાલિકા / નગરપંચાયત-ની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરવા રાજ્ય ચુંટણી પંચ નકકી કરેલ હોઈ નમુના નંબર : ૭ (૨) ના મથાળાના ઉપરના ભાગે જમણી બાજુ જે તે વોર્ડનો વિભાગ નંબર દર્શાવવાનો છે.

૯(૧) તા. ૧૧-૩-૯૮ ના આદેશ સાથે નમુના 'ક' તથા 'ખ' આપવામાં આવેલ છે. તેમાં જરૂરી ફેરફાર કરી પત્રકો તૈયાર કરાવવાની ખાસ નોંધ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારીઓએ રાખવાની છે.

૯ (૨) ઉપરોક્ત પેરા-૭ તથા ૮ માં જણાવેલ વિગતે હસ્તલિખિત પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા નંબર : ૨ તૈયાર કરવામાં આવે તેના પુરૂષ, સ્ત્રી તથા કુલ મતદારોની વિગત નમુના 'ક' ના પત્રક તથા નમુના 'ખ' ના પત્રક અનુસાર પ્રાથમિક પ્રસિધ્ધિની નકકી કરેલ તારીખ પછીના બીજા દિવસે નમુના 'ક' નું પત્રક અને આખરી પ્રસિધ્ધિની નકકી કરેલ તારીખ પછીના બીજા દિવસે નમુના 'ખ' નું પત્રક રાજ્ય ચુંટણી પંચના કાર્યાલય તથા જિલ્લા કલેકટરશ્રીઓને જાણકાર કર્મચારી સાથે રૂબરૂમાં મોકલવાની વ્યવસ્થા જે તે નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓને ગોઠવવાની રહેશે.

૯(૩) પ્રાથમિક પ્રસિધ્ધિ અને આખરી પ્રસિધ્ધિ કર્યા અંગેના નમુના નંબર : ૪ તથા ૬ ની જાહેર સુચના દૈનિક પેપરોના પ્રેસ કટીંગની નકલો તથા નમુના નંબર : ૪ તથા ૬ જાહેર સુચના જે જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરેલ હોય તે જાહેર સ્થળોના નામો તથા નમુના નંબર : ૪ તથા નંબર : ૬-ની જાહેર સુચના-ની નકલ સાથે અહેવાલ રાજ્ય ચુંટણી પંચના કાર્યાલયને તથા કલેકટરશ્રીઓને મોકલવાની ખાસ નોંધ મતદાર નોંધણી અધિકારીઓએ રાખવાની છે. આ અહેવાલ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીએ પોતાની સહીથી મોકલવાનો છે. નગરપાલિકા / નગરપંચાયતોના મુખ્ય અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓની સહીથી મોકલવાનો નથી તેની ખાસ નોંધ રાખવાની છે. તા.૧૨-૧-૨૦૦૦ ના સુધારા આદેશથી નકકી કરેલ જાહેર સુચના નમુના નંબર : ૪ તથા નમુના નંબર : ૬ ની પ્રસિધ્ધિ કરવાની છે તેની ખાસ નોંધ મતદાર નોંધણી અધિકારીઓ અને તાલુકા મામલતદારશ્રીઓએ રાખવાની છે.

૧૦ વિધાનસભાના મતદાર વિભાગોની ભાગવાર યાદીના મતદારોની નગરપાલિકા / નગરપંચાયતના કયા વોર્ડના કયા વિભાગમાં સમાવેશ કરેલ છે તથા કમી મતદારો નગરપાલિકા / નગરપંચાયતના કયા વોર્ડના કયા વિભાગના મતદારો છે તે દર્શાવતું રાજ્ય ચુંટણી પંચના તા.૧૧-૩-૯૮ના આદેશથી નકકી કરેલ નમુના – ૨ મુજબનું પત્રક તૈયાર કરવાનું રહેશે. નમુના નંબર:૧ તથા નમુના નંબર : ૨નું પત્રક પ્રાથમિક પ્રસિધ્ધિ નો અહેવાલ રાજ્ય ચુંટણી પંચ તથા જિલ્લા કલેકટરશ્રીઓને મોકલવામાં આવે તે સાથે મોકલવાની ખાસ નોંધ રાખવા જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓને અંગત ધ્યાન આપવા જણાવવામાં આવે છે.

૧૧ રાજ્ય ચુંટણી પંચના ઉપર પેરા-૨ માં જણાવેલ આદેશો / પરિપત્રો તથા આ પરિપત્રથી આપેલ સુચનાઓ અનુસાર રાજ્ય-ની નગરપાલિકા / નગરપંચાયતો-ની વોર્ડવાર / વિભાગવાર જે તે વર્ષે મુળ મતદારયાદીઓ તથા પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે ત્યારે આવી મતદારયાદીઓની ૧૦૦ ટકા ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારીઓએ કરવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે. આ ચકાસણી માટે નીચે જણાવેલ કક્ષાના અધિકારીઓ / કર્મચારીઓ વચ્ચે નગરપાલિકા / નગરપંચાયતોના વોર્ડો તથા તેના વિભાગો-ની વહેંચણી જિલ્લા કલેકટરશ્રીઓએ કરવાની રહેશે.

		મતદારયાદીમાં દાખલ કરેલ નોંધો-ની ચકાસણી કરવાની ટકાવારી
૧.	નાયબ કલેકટર	૧૦
૨.	મામલતદાર	૧૦
૩.	નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓ	૨૦
૪.	નાયબ મામલતદાર કક્ષાના કર્મચારીઓ / નગરપાલિકા/નગરપંચાયતના અધિકારી કક્ષાના કર્મચારીઓ	૩૦
૫.	નગરપાલિકા / નગરપંચાયતના ઈન્સ્પેકટરો / સુપરવાઈઝર કક્ષાના અધિકારીઓ	૩૦

તમામ નોંધોની ચકાસણી એ રીતે કરવાની રહેશે કે એક જ નોંધની ચકાસણી એકના એક અધિકારી તથા કર્મચારીઓ તરફથી થાય નહીં તે માટેની સુચનાઓ સંબંધકર્તા અધિકારી / કર્મચારીઓને આપવાની રહેશે.

ઉપર જણાવેલ અધિકારી / કર્મચારીઓ તરફથી ચકાસણી કરેલ હોય તેની વિગતો સંબંધકર્તા અધિકારી / કર્મચારી પાસેથી જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મેળવવાની રહેશે અને જિલ્લા કલેકટરશ્રીઓએ તેની વિગતો અહેવાલ સાથે રાજય ચુંટણી પંચને મોકલવાની રહેશે.

૧૨. ઉપર પેરા–૨ માં જણાવેલ પરિપત્રો / આદેશો તથા આ પરિપત્ર અનુસાર પુરવણી મતદારયાદીઓ તૈયાર થાય તે માટે નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓ તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ જરૂરી સુચનાઓ આપવાની રહેશે તથા આ તેઓને આ પરિપત્રની નકલો તાત્કાલિક મોકલવાની રહેશે.

રાજય ચુંટણી પંચ તરફથી નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિ તેમજ આખરી પ્રસિધ્ધિ જે તારીખે કરવાની નકકી કરેલ હોય તે તારીખની નોંધ દરેક વોર્ડની દરેક વિભાગની મુળ અગર પુરવણી મતદારયાદીમાં યથાપ્રસંગ પ્રમાણે નીચે મુજબની મતદાર નોંધણી અધિકારીઓએ હોદ્દા સાથે નોંધ તથા સહી કરવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

પ્રાથમિક પ્રસિધ્ધિ કરી	આખરી પ્રસિધ્ધિ કરી
સ્થળ : મતદાર નોંધણી અધિકારી .....નગરપાલિકા/નગરપંચાયત અને મામલતદાર.....તાલુકો	સ્થળ : મતદાર નોંધણી અધિકારી .....નગરપાલિકા/નગરપંચાયત અને મામલતદાર ..... તાલુકો

વો. જે. દીક્ષિત
સચિવ,
રાજય ચુંટણી પંચ
ગાંધીનગર.

INDEX

નમુના નંબર : ૭ (૧)

(જુઓ નિયમ–૭)

મતદાર કેન્દ્ર નંબર:..... વિભાગ નંબર :.....

.....નગરપાલિકા / નગરપંચાયતોની ચુંટણી માટેની સને ૧૯૯૮ની સાલની મતદારયાદીની સને ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નંબર: ૧

વોર્ડ નંબર :..... વોર્ડનું નામ : .....

વધારાના નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા. ૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજની ઉમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભુલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

કમી નામોની યાદી

મતદારયાદીના અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

મતદાર નોંધણી અધિકારી
.....નગરપાલિકા / નગરપંચાયત
મામલતદાર ..... તાલુકો

પ્રાથમિક પ્રસિધ્ધિ કરી

સ્થળ : મતદાર નોંધણી અધિકારી
.....નગરપાલિકા / નગરપંચાયત
તારીખ : મામલતદાર ..... તાલુકો

INDEX

નમુના નંબર : ૭ (૨)

(જુઓ નિયમ-૭)

મતદાર કેન્દ્ર નંબર:..... વિભાગ નંબર :.....

.....નગરપાલિકા / નગરપંચાયતો-ની ચુંટણી માટે-ની સને ૧૯૯૮-ની સાલ-ની મતદારયાદી-ની સને ૨૦૦૦-ની પુરવણી મતદારયાદી નંબર: ૨

ભાગ નંબર :..... ભાગનું નામ : .....

વધારાના નામો-ની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા. ૧ લી-જાન્યુઆરી ૨૦૦૦-ના રોજની ઉંમર	મતદાર-ની ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામો-ની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

સુધારા નામો-ની યાદી

મતદારયાદી-ની અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ખોટવાળી વીગત	સુધારેલી વીગતની વીગત
૧	૨	૩	૪	૫

સુધારા નામો-ની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

કમી નામો-ની યાદી

મતદારયાદી-ની અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામો-ની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

મતદાર નોંધણી અધિકારી
.....નગરપાલિકા / નગરપંચાયત
મામલતદાર ..... તાલુકો

આખરી પ્રસિધ્ધિ કરી

સ્થળ : મતદાર નોંધણી અધિકારી
.....નગરપાલિકા / નગરપંચાયત
તારીખ : મામલતદાર ..... તાલુકો

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No.114 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Gouernment Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XLII WEDNESDAY, FEBRUARY 2, 2000/ MAGHA 13, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the [illegible].

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.

તારીખ :૨૯–૧–૨૦૦૦

ક્રમાંક : રાપચ–મતક્ષ–મતપ્ર–જીમાપં–૨૦૦૦

વિષય : જામનગર અને ડાંગ જિલ્લા-ની તાલુકા / જિલ્લા પંચાયતો-ની મતદારયાદીના પુનઃનિરીક્ષણ ૨૦૦૦

: આદેશ :

૧. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩-ની કલમ ૧૭,૧૮,૨૦ (૧) અન્વયે ગુજરાત રાજ્ય-ની તમામ જિલ્લા / તાલુકા પંચાયત-ના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામો-ની મતદાર વિભાગવાર તૈયાર કરેલ મતદારયાદીઓ રાખવા અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કલમ–૨૦ (૨) તથા ૨૦ (૭) અન્વયે રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

INDEX

૨. રાજ્ય ચુંટણી પંચ તરફથી નીચેના આદેશ / પરિપત્ર ક્રમાંક તથા ગુજરાત પંચાયત ચુંટણી નિયમો ૧૯૯૪ના નિયમ–૩ થી નિયત કરેલ નમુનાઓ તથા રાજ્ય ચુંટણી પંચ તરફથી નિયત કરેલ નમુનાઓ અનુસાર જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદાર વિભાગવાર મતદારયાદીઓ ગુજરાત વિધાનસભાની સને ૧૯૯૫ની સાલની આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓ ઉપરથી નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓ પાસે તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ સને ૧૯૯૫માં કરવામાં આવેલ છે તે ૧૯૯૫ની સાલની જિલ્લા / તાલુકા પંચાયત મતદાર વિભાગોના મતદાર વિભાગવાર પ્રસિધ્ધ થયેલ મતદારયાદીમાં સુધારા વધારા કરી ૧૯૯૬ ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે ૧૯૯૫ની મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ સને ૧૯૯૬, ૧૯૯૮ તથા ૧૯૯૯ ની સાલની પુરવણી મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ ૧૯૯૯ ની સાલમાં કરવામાં આવેલ છે અને તે રીતે ૧૯૯૫ની સાલની તથા ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૮ તથા ૧૯૯૯ ની સાલની પુરવણી મતદારયાદીઓ અમલમાં છે.

૧. આદેશ ક્રમાંક : રાજય–પચત–મતય–જીતાપં–૯૫, તા. ૩૦–૩–૯૫
૨. પરિપત્ર ક્રમાંક : રાજય–પચત–મતય–જીતાપં–૯૫, તા.૫–૪–૯૫
૩. આદેશ ક્રમાંક : રાજય–પચત–મતય–જીતાપં–૯૫, તા.૬–૪–૯૫
૪. આદેશ ક્રમાંક : રાજય–ચટણ–મતય–૯૫, તા.૨૪–૭–૯૫
૫. આદેશ ક્રમાંક : રાજય–ચટણ–મતય–જીતાપં–૯૬, તા. ૭–૨–૯૬
૬. આદેશ ક્રમાંક : રાજય–ચટણ–મતય–૯૮, તા. ૧૨–૩–૯૮
૭. આદેશ ક્રમાંક : રાજય–ચટણ–મતય–જીતાપં–૯૯, તા.૨૧–૩–૯૮
૮. સુધારા આદેશ ક્રમાંક : રાજય–ચટણ–મતય–જીતાપં–૯૮, તા.૧–૪–૯૮

૩. ગુજરાત વિધાનસભાની તમામ મતદાર વિભાગોની તા. ૭–૧–૨૦૦૦ ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ ઉપરથી પેરા–૨ માં જણાવેલ વિગતે જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર સને ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૮ તથા ૧૯૯૯ ની સાલમાં આખરી પ્રસિધ્ધ કરેલ મતદારયાદીઓમાં સુધારા વધારા કરી તા. ૧–૧–૨૦૦૦ની સ્થિતિએ સને ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની રહે છે. પરંતુ રાજય સરકારે મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ની કલમ – ૭ હેઠળ જિલ્લા / તાલુકાઓની હદમાં પ્રાદેશિક ફેરફાર કરેલ હોઈ વિભાજન / પુનઃ ગઠન અને નવા રચાયેલા જિલ્લા / તાલુકાની જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના કરવાની થાય છે જેથી રાજયની તમામ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદારયાદીનું પુનઃ નિરીક્ષણ કરી ૨૦૦૦ ની સાલની પુરવણી યાદીઓ તૈયાર કરી શકાય તેમ ન હોઈ, પ્રાદેશિક ફેરફારથી અસર નહીં થયેલા જામનગર અને ડાંગ જિલ્લાની જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર મતદારયાદીઓમાં સુધારા–વધારા કરી તા.૧–૧–૨૦૦૦ ની સ્થિતિએ સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની છે.

INDEX

૪. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦ (૨) તથા ગુજરાત પંચાયત ચુંટણી નિયમો ૧૯૯૪ના નિયમ–૭ થી મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચુંટણી પંચ રાજ્યના જામનગર અને કચ્છ જિલ્લાની જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ૨૦૦૦ની સાલની મતદાર વિભાગવાર મતદારયાદીઓ નિર્દિષ્ટ અધિકારી ને તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે.

૫. રાજ્ય ચુંટણી પંચના પેરા–૨ માં જણાવેલ આદેશો તથા પરિપત્રોમાં આપેલ સુચના અનુસાર તથા તા.૧૨–૩–૯૮ના આદેશથી નકકી કરેલ નમુના નંબર : ૫ (૧) તથા ૫(૨) મુજબ સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદાર યાદીઓ તૈયાર કરવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે. આ મતદારયાદીઓ તૈયાર કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવાના રહેશે.

૧. મતદાર વિભાગવાર નમુના નંબર : ૫(૧) તથા ૫(૨) મુજબની પુરવણી મતદારયાદીના મથાળામાં " ૨૦૦૦ " એ મુજબ દર્શાવવાનું રહેશે.

૨. નમુના નંબર : ૫ (૧) તથા ૫(૨) મુજબ ૨૦૦૦ ની સાલની પુરવણી યાદી તૈયાર કરવા માટે કોલમ નંબર : ૭ માં "તા.૧–૧–૨૦૦૦ ના રોજની ઉમર " દર્શાવવાની રહેશે.

૩. વિધાનસભાની ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી મુજબ વધારાના નામોની યાદી તે ૧૨ કરવાની રહેશે.

૪. વિધાનસભાની ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી મુજબ સુધારા નામોની યાદી તૈયાર કરવાની રહેશે.

૫. વિધાનસભાની ૨૦૦૦ ની પુરવણી મતદારયાદીના કમી મતદારોના નામો મુજબ કમી મતદારોની યાદી તૈયાર કરવાની રહેશે.

૬. વિધાનસભાની ૨૦૦૦ ની પુરવણી મતદારયાદી મુજબના નવીન મતદારોનાં નામો જે તે જિલ્લા / તાલુકા પંચાયત મતદાર વિભાગોની યાદી માટે ગામની જે તે વિભાગની યાદીમાં સમાવેશ કરવાનો રહેશે અને તેના અનુક્રમ નંબર ૧૯૯૫ની મુળ મતદારયાદીમાં અગર ૧૯૯૫, ૧૯૯૬,૧૯૯૮ તથા ૧૯૯૯ ની પુરવણી મતદારયાદીમાં આપેલ અનુક્રમ નંબરો પછીના ક્રમાનુસાર નંબરો આપવાના રહેશે. આ પુરવણી મતદારયાદીને સને ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી નંબર : ૧ એ મુજબ મથાળું આપવાનું રહેશે.

૭. આ મતદારયાદીઓ તા. ૧–૧–૨૦૦૦ ના રોજની સ્થિતિએ તૈયાર કરવાની છે જેથી ૨૦૦૦ ની સાલની વિધાનસભાની પુરવણી મતદારયાદીમાં જણાવેલ ઉમરમાં કોઈ ફેરફાર કર્યા સિવાય ૨૦૦૦ ની પુરવણી મતદારયાદીમાં દર્શાવેલ ઉમર દર્શાવવાની રહેશે.

૮. નીચે પેરા ૯ માં દર્શાવેલ કાર્યક્રમ મુજબ મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિ થયા પછી નામ દાખલ કરવા આવેલ દાવા અરજીઓ નિયત સમયમર્યાદામાં નિકાલ કરી હસ્તલિખિત પુરવણી મતદારયાદી મતદાર વિભાગવાર તૈયાર કરવાની રહેશે જેને ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી નંબર: ૨ એ મુજબ મથાળું આપવાનું રહેશે.

૯. ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની તા. ૭–૧–૨૦૦૦ ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ સને ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી સાથે સર્વીસ મતદારોની યાદી પણ પ્રસિધ્ધ થયેલ હશે તો સર્વીસ મતદારોની યાદીમાં જણાવેલ સર્વીસ મતદારોના નામો જે તે જિલ્લા / તાલુકા પંચાયત મતદાર વિભાગમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદારયાદીમાં સમાવિષ્ટ કરવા માટે જે તે મતદાર વિભાગમાં સમાવેશ કરવાના રહેશે અને તે માટે સર્વીસ મતદારોની હસ્તલિખિત પુરવણી મતદારયાદી મતદાર વિભાગવાર તૈયાર કરી ૧૯૯૫ ની મુળ મતદારયાદી તથા ૧૯૯૫ની, ૧૯૯૬ની, ૧૯૯૮ની, ૧૯૯૯ની તથા ૨૦૦૦ ની પુરવણી મતદારયાદી સાથે રાખી તેની પ્રાથમિક પ્રસિધ્ધિ અને આખરી પ્રસિધ્ધિ પણ કરવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે.

૧૦. જિલ્લા/ તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ જિલ્લા / તાલુકા પંચાયતના ગામોની ગુજરાત વિધાનસભાની ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી નહી હશે, તો પણ તે ગામોની સને ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે અને તેવી જ રીતે ગુજરાત વિધાનસભાની ૨૦૦૦ની સાલની સર્વીસ મતદારોની પુરવણી મતદારયાદી નહીં હશે તો પણ તે ગામોની સર્વીસ મતદારોની ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી પણ તૈયાર કરવાની રહેશે ત્રણ પ્રકારના નામોની યાદી ન હોય તો પણ નીચે મુજબની વિગત જે તે મથાળા નીચે દર્શાવીને પુરવણી મતદારયાદી દરેક ગામોની અલગ અલગ તૈયાર કરી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

૧. વધારાના નામોની યાદી નથી.
૨. સુધારા નામોની યાદી નથી.
૩. કમી નામોની યાદી નથી.

INDEX

૧૧. રાજ્ય ચુંટણી પંચ તરફથી જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગને મતદાર વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવા પેરા–૨ માં જણાવેલ તા. ૧૨–૩–૯૮ ના આદેશથી નકકી કરેલ નમુના નંબર : ૫ (૧) તથા ૫(૨) ઉપરાંત સર્વીસ મતદારોની પુરવણી મતદારયાદી માટે નમુના નંબર: ૬ તથા ૭ નકકી કરવામાં આવેલ છે તે મુજબ ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની રહેશે. ૨૦૦૦ ની પુરવણી મતદારયાદી તૈયાર કરવા માટે નમુના રૂપ નમુના નંબર : ૫(૧) તથા ૫(૨) ના મુસદ્દા આ સાથે સામેલ રાખેલ છે.

૬. ઉપર પેરા–૫ માં આપેલ સુચનાઓ અનુસાર જામનગર અને ડાંગ જિલ્લાની જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર મતદારયાદીઓની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા માટે નીચે પ્રમાણે કાર્યક્રમ રાજ્ય ચુંટણી પંચ નકકી કરેછે.

૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદીઓની પ્રાથમિક તેમજ આખરી પ્રસિધ્ધિ કરવામાં આવે ત્યારે તેની સાથે નીચે મુજબની મતદારયાદી તથા પુરવણી મતદારયાદી રાખવાની રહેશે.

૧૯૯૫ ની સાલની મતદાર વિભાગવાર મુળ મતદારયાદીઓ
૧૯૯૫ ની સાલની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ
૧૯૯૬ ની સાલની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ
૧૯૯૮ ની સાલની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ તથા
૧૯૯૯ ની સાલની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ

		કાર્યક્રમ
૧.	તા. ૭–૧–૨૦૦૦ની સ્થિતિએ તૈયાર થયેલી ગુજરાત વિધાનસભાની ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી પરથી જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગવાર સને ૨૦૦૦ ની સાલની હસ્તલિખિત પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરી શરૂ કરવાની સમય મર્યાદા (આ પુરવણી મતદારયાદીને પુરવણી મતદારયાદી નં. ૧ આપવાની રહેશે.)	૧૫ દિવસ
૨.	હસ્તલિખિત મતદાર વિભાગવાર મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ (૧૯૯૫ની મુળ મતદારયાદી, ૧૯૯૫ની પુરવણી મતદારયાદી, ૧૯૯૬ની પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા ૨, ૧૯૯૮ની પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા ૨, ૧૯૯૯ની પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા ૨, તથા ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નંબર : ૧ સહિત)	૧–૨–૨૦૦૦
૩.	નિયમ–૩ (ક) તથા ૩(ખ) અન્વયે નમુના નંબર : ૧ (ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	૧૧–૨–૨૦૦૦
૪.	રજુ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ–૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	૨૯–૨–૨૦૦૦
૫.	મતદાર વિભાગવાર ૨૦૦૦ની હસ્તલિખિત પુરવણી મતદારયાદી નંબર : ૨ તૈયાર કરવાની તારીખ.	૬–૩–૨૦૦૦
૬.	મતદાર વિભાગવાર હસ્તલિખિત મતદારયાદીની આખરી પ્રસિધ્ધિની તારીખ (૧૯૯૫ની મુળ મતદારયાદી, ૧૯૯૫ની પુરવણી મતદારયાદી, ૧૯૯૬ની પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા ૨, ૧૯૯૮ની પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા ૨, ૧૯૯૯ની પુરવણી મતદારયાદી નંબર : ૧ તથા ૨, તથા ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નંબર: ૧ તથા ૨ સહિત)	૧૩–૩–૨૦૦૦

૭. જિલ્લા/ તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર હસ્તલિખિત ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ ઉપરથી જરૂરિયાત મુજબ ટાઈપ / સાઈકલોસ્ટાઈલ / ઝેરોક્ષ કઢાવી જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચુંટણી સમયે ઉપયોગમાં લેવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે.

INDEX

૮. રાજય ચુંટણી પંચના પેરા–૨ માં જણાવેલ તા.૨૪–૭–૯૫ના આદેશ અનુસાર જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ તૈયાર કરાવવામાં આવે તેની ૧૦૦ ટકા ચકાસણી કરાવવા નીચેનું ધોરણ રાજય ચુંટણી પંચ નકકી કરે છે તે અનુસાર મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓની ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી જામનગર તથા ડાંગે કરાવવાનું નકકી કરે છે. આ ચકાસણી માટે અધિકારીઓ / કર્મચારીઓ વચ્ચે જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોની ફાળવણી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી જામનગર અને ડાંગે કરવાની રહેશે. આ માટે મહેસુલ ખાતાના સર્કલ ઈન્સ્પેકટર/ પંચાયતના સર્કલ ઈન્સ્પેકટર કે તેની ઉપરની કક્ષાના કર્મચારીઓ / અધિકારીઓને જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોની તાલુકાના ધોરણે ફાળવણી કરી ચકાસણી કરાવવાની રહેશે. તેઓએ તલાટી–કમ–મંત્રીએ અગર અન્ય કર્મચારીઓએ તૈયાર કરેલી મતદારયાદીની જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગના નિર્દિષ્ટ સત્તાધિકારી અને તાલુકા મામલતદારો / તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા ઉપર જણાવેલ કક્ષાના કર્મચારીઓ વચ્ચે વહેંચણી કરવાની રહેશે. આ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોની મતદારયાદીઓની ચકાસણી કરેલ હોય તેની વિગતો સંબંધકર્તા અધિકારીશ્રી/ કર્મચારીઓ પાસેથી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મેળવવાની રહેશે અને તેની વિગતો રાજય ચુંટણી પંચને મોકલવાની રહેશે.

અધિકારી / કર્મચારીનો હોદ્દો	જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીમાં દાખલ કરેલ નોંધોની ચકાસણી કરવાની ટકાવારી
૧. મામલતદાર	૧૦
૨. તાલુકા વિકાસ અધિકારી	૧૦
૩. નાયબ મામલતદાર/નાયબ તાલુકા વિકાસ અધિકારી / નાયબ ચીટનીશ અને તેની સમકક્ષ કર્મચારીઓ	૨૦
૪. સર્કલ ઈન્સ્પેકટર / સીનીયર કલાર્ક કક્ષાના કલેકટરના તાબાના/ જિલ્લા/તાલુકા પંચાયતના સર્કલ ઈન્સ્પેકટર/સીનીયર કલાર્ક	૩૦

૯. ઉપર પેરા–૬ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ–૨૦ (૬) અનુસાર રાજય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : રાચય–ચટણ–પચત–મતય–૯૫, તા. ૩–૫–૯૫ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચુંટણી માટે ઉમેદવારીપત્રો રજુ કરવાની છેલ્લી તારીખ પહેલાની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે, નામ સુધારી શકાશે અને નામો કમી કરી શકાશે અને તે માટે પુરવણી મતદારયાદી નંબર: ૩ ઉપરોકત નમુના નંબર : ૫ (૧) તથા ૫(૨) મુજબ જરૂરી ફેરફાર સાથે તૈયાર કરવાની રહેશે.

૧૦. રાજય ચુંટણી પંચ તરફથી તા.૧૨–૩–૯૮ ના આદેશ સાથે નકકી કરેલ નમુના નંબર : 'ક' તથા 'ખ' ના પત્રકમાં જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગવાર અને મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોની મતદારયાદીના પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ અનુસાર મતદારોની સંખ્યાની વિગત દર્શાવી પત્રકમાં છેવટે દરેક મતદાર વિભાગવાર અને આખા તાલુકાના મતદારોની સંખ્યાના સરવાળા કરવાના રહેશે અને તેનો તાળામેળ મેળવીને પત્રકમાં દર્શાવેલ મતદારોની સંખ્યાની ચકાસણી કરીને પત્રક બે પ્રતોમાં રાજય ચુંટણી પંચને નીચે જણાવેલ તારીખ સુધીમાં મોકલવાની વ્યવસ્થા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીએ કરવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

	પત્રક મોકલવાની તારીખ
૧. પ્રાથમિક પ્રસિધ્ધિ અનુસાર મોકલવાનું પત્રક – 'ક'	પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખથી ૭ (સાત) દિવસમાં
૨. આખરી પ્રસિધ્ધિ અનુસાર મોકલવાનું પત્રક – 'ખ'	આખરી પ્રસિધ્ધિની તારીખથી ૭ (સાત) દિવસમાં

આ આદેશ અનુસાર જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરી ઉપરોકત કાર્યક્રમ અનુસાર પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા તથા આદેશ અનુસાર અમલ કરવા માટે જામનગર તથા ડાંગ જિલ્લાના તમામ નિર્દિષ્ટ અધિકારી વ તમામ મામલતદારશ્રીઓને સુચનાઓ આપવા તેમજ તેઓને આ આદેશની નકલો જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રી જામનગર,તથા ડાંગે મોકલવાની રહેશે.

આદેશ થી,

ચો. જે. દીક્ષિત,
સચિવ,
રાજય ચુંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

નમુના નંબર : ૫ (૧)

.....જિલ્લા પંચાયત તથા ..... તાલુકા પંચાયતની સને ૧૯૯૫ ની મતદારયાદીની સને ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નંબર : ૧

.....જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર : ..... નામ : ..... તથા તેમાં સમાવિષ્ટ : .....તાલુકા પંચાયત મતદાર વિભાગવાર નંબર : ..... નામ : .....

તાલુકાનું નામ : ..... ગામનું નામ : ..... વિભાગ નંબર : .....

વધારાનાં નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા. ૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજની ઉમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભુલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

કમી નામોની યાદી

મતદારયાદીના અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા ..... તાલુકા પંચાયત
મતદાર વિભાગ અને મામલતદાર ..... તાલુકા

પ્રાથમિક પ્રસિધ્ધિ કરી

સ્થળ :

તારીખ :

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા ..... તાલુકા પંચાયત
મતદાર વિભાગ અને મામલતદાર ..... તાલુકા

TDPVR

INDEX

નમુના નંબર : ૫ (૨)

.....જિલ્લા પંચાયત તથા ..... તાલુકા પંચાયતની સને ૧૯૯૫ ની મતદારયાદીની સને ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નંબર : ૨

.....જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર : ..... નામ : ..... તથા તેમાં સમાવિષ્ટ : .....તાલુકા પંચાયત મતદાર વિભાગવાર નંબર : ..... નામ : .....

તાલુકાનું નામ : ..... ગામનું નામ : ..... વિભાગ નંબર : .....

વધારાના નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા. ૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભુલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

કમી નામોની યાદી

મતદારયાદીના અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા ..... તાલુકા પંચાયત
મતદાર વિભાગ અને મામલતદાર ..... તાલુકા

આખરી પ્રસિધ્ધિ કરી

સ્થળ :

તારીખ :

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા ..... તાલુકા પંચાયત
મતદાર વિભાગ અને મામલતદાર ..... તાલુકા

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No.115

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL.XLI] WEDNESDAY, FEBRUARY 2, 2000/ MAGHA 13, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નંબર ૨૯, ૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર
તારીખ :૨૧-૧-૨૦૦૦

ક્રમાંક-રાયપ-ચટણ-મતય-જીતાપં-૨૦૦૦

વિષય : તાલુકા પંચાયતોની મતદારયાદીના પુન:નિરિક્ષણ ૧૯૯૯ તથા ૨૦૦૦.

--oo--

આ દેશ :-

૧.ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૭,૧૮,૨૦(૧) અન્વયે ગુજરાત રાજ્યની તમામ જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદાર વિભાગવાર તૈયાર

INDEX

કરેલ મતદારયાદીઓ રાખવા અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કલમ ૨૦(૨)તથા ૨૦(૭)અન્વયે રાજ્ય ચુંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

૨.રાજ્ય ચુંટણી પંચ તરફથી નીચેના આદેશ/પરિપત્ર ક્રમાંક તથા ગુજરાત પંચાયત ચુંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૩ થી નિયત કરેલ નમુનાઓ તથા રાજ્ય ચુંટણી પંચ તરફથી નિયત કરેલ નમુનાઓ અનુસાર તમામ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદાર વિભાગવાર મતદારયાદીઓ ગુજરાત વિધાનસભાની સને ૧૯૯૫ની સાલની આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓ ઉપરથી નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓ પાસે તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ સને ૧૯૯૫માં કરવામાં આવેલ છે તે ૧૯૯૫ની સાલની જિલ્લા/તાલુકા પંચાયતમતદાર વિભાગોના મતદાર વિભાગવાર પ્રસિધ્ધ થયેલ મતદારયાદીમાં સુધારા વધારા કરી ૧૯૯૬ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે ૧૯૯૫ની મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ સને ૧૯૯૬ની સાલમાં કરવામાં આવેલ છે.

૩. ગુજરાત વિધાનસભાની તમામ મતદાર વિભાગોની તા.૫-૧-૯૮ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ ઉપરથી જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર સને ૧૯૯૫ની સાલમાં તૈયાર કરેલ સને ૧૯૯૬ની સાલમાં આખરી પ્રસિધ્ધિ કરેલ મતદારયાદીઓમાં સુધારા વધારા કરી તા.૧-૧-૯૮ની સ્થિતિએ સને ૧૯૯૮ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે ૧૯૯૫ની મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ સને ૧૯૯૮ની સાલમાં કરવામાં આવેલ છે અને તે રીતે ૧૯૯૫ની સાલની મૂળ મતદારયાદીઓ તથા ૧૯૯૫, ૧૯૯૬તથા ૧૯૯૮ની સાલની પુરવણી યાદીઓ અમલમાં છે.

૧.આદેશક્રમાંક-રાચપ-પચત-મતય-જીતાપં-૯૫ તા.૩૦-૩-૯૫
૨.આદેશક્રમાંક-રાચપ-પચત-મતય-જીતાપં-૯૫ તા.૬-૪-૯૫
૩.પરિપત્રક્રમાંક-રાચપ-પચત-મતય-જીતાપં-૯૫ તા.૫-૪-૯૫
૪.આદેશક્રમાંક-રાચપ-ચટણ-મતય-૯૫ તા.૨૪-૭-૯૫
૫.આદેશક્રમાંક-રાચપ-ચટણ-મતય-જીતાપં-૯૬ તા.૭-૨-૯૬
૬.આદેશક્રમાંક-રાચપ-ચટણ-મતય-૯૮ તા.૧૨-૩-૯૮
૭.સુધારા આદેશ ક્રમાંક-રાચપ-ચટણ-મતય-જિતાપં-૯૯ તા.૨૧-૩-૯૮
૮.સુધારા આદેશ ક્રમાંક-રાચપ-ચટણ-મતય-જિતાપં-૯૮ તા.૧-૪-૯૮

૪.ગુજરાત વિધાનસભાના તમામ મતદાર વિભાગોની તા.૧-૧-૯૯ની સ્થિતિએ સુધાર્યા પ્રમાણેની તા.૨૧-૭-૯૯ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ તથા તા.૧-૧-૨૦૦૦ની સ્થિતિએ સુધાર્યા પ્રમાણેની તા.૭-૧-૨૦૦૦ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પરથી જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર સને ૧૯૯૫ની સાલમાં તૈયાર કરેલ

INDEX

અને ૧૯૯૬ તથા ૧૯૯૮ની સાલમાં સુધારા-વધારા કરેલ મતદારયાદીઓમાં સુધારા વધારા કરી તા.૧-૧-૨૦૦૦ની સ્થિતિએ સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની રહે છે. ૫.રાજ્ય સરકારે મુંબઇ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૭ હેઠળ રાજ્યના જિલ્લા/તાલુકાઓનું પુનઃગઠન કરી કેટલાક નવા જિલ્લાઓ તથા તાલુકાઓની રચના કરતાં જિલ્લા તથા તાલુકાઓની હદમાં ફેરફાર થતાં,રાજ્ય ચૂંટણી પંચે હદમાં ફેરફાર નહી થયેલા રાજ્યના જામનગર અને ડાંગ જિલ્લાની જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોની ૧૯૯૫ની સાલમાં તૈયાર કરેલ સને ૧૯૯૬ તથા ૧૯૯૮ની સાલમાં સુધારા વધારા કરેલ મતદારયાદીઓમાં ગુજરાત વિધાનસભાના સબંધિત મતદાર વિભાગોની તા.૧-૧-૯૯ની સ્થિતિની તા.૨૧-૭-૯૯ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ પરથી સુધારા વધારા કરી સને ૧૯૯૯ની સાલની પુરવણી મતદારયાદીઓ તા.૮-૧૨-૧૯૯૯ના રોજ આખરી પ્રસિધ્ધ કરેલ છે તેમજ ગુજરાત વિધાનસભાના સબંધીત મતદાર વિભાગોની તા.૧-૧-૨૦૦૦ની સ્થિતિની તા.૭-૧-૨૦૦૦ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પરથી સુધારા-વધારા કરી સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા અને પ્રસિધ્ધ કરવા આદેશ ક્રમાંક-રાચમ-ચટણ-મતય-જિતાપં-૨૦૦૦ તા.૧૭-૧-૨૦૦૦થી કાર્યક્રમ આપેલ છે.જામનગર અને ડાંગ જિલ્લા સિવાયના જિલ્લાઓની હદમાં (આંતરીક/બાહય) ફેરફાર થયેલ હોઇ,જિલ્લા પંચાયતોના મતદાર વિભાગોની મતદારયાદીની ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની સુધારણા ન કરવા તેમજ જે તાલુકાઓની હદમાં કોઇ ફેરફાર થયેલ નથી તેવા તાલુકાઓની તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર યાદીઓની ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની સુધારણા કરવા માટે,આ સાથેની અનુસૂચિમાં જે તે જિલ્લા સામે કોલમ ૩ માં દર્શાવેલ તાલુકા પંચાયતોના તમામ મતદાર વિભાગોની ૧૯૯૫ની મૂળ મતદારયાદીઓમાં ગુજરાત વિધાનસભાની તા.૧-૧-૯૯ની સ્થિતિની તા.૨૧-૭-૯૯ના રોજ પ્રસિધ્ધ થયેલ તથા તા.૧-૧-૨૦૦૦ની સ્થિતિની તા.૭-૧-૨૦૦૦ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પરથી સુધારા વધારા કરી તા.૧-૧-૨૦૦૦ની સ્થિતિએ તૈયાર કરી પ્રસિધ્ધ કરવા રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે.

૬. રાજ્ય ચુંટણી પંચના પેરા-૨માં જણાવેલ આદેશો તથા પરિપત્રોમાં આપેલ સુચના અનુસાર તથા આ આદેશ સાથે સામેલ કરેલ નમુના નં.૫(૧)તથા ૫(૨)મુજબ સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદાર યાદીઓ તૈયાર કરવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે.આ મતદાર યાદીઓ તૈયાર કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવાના રહેશે.

૧)મતદાર વિભાગવાર નમુના નં.૫(૧) તથા ૫(૨)મુજબની પુરવણી મતદારયાદીના મથાળામાં ''૨૦૦૦''એ મુજબ દર્શાવવાનું રહેશે.

૨)નમુના નંબર.૫(૧)તથા ૫(૨)મુજબ ૨૦૦૦ની સાલની પુરવણી યાદી તૈયાર કરવા માટે કોલમ નંબર.૬માં'' તા.૧-૧-૨૦૦૦ના રોજની ઉંમર'' દર્શાવવાની રહેશે.

૩)વિધાનસભાની ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ મુજબ વધારાના નામોની યાદી તૈયાર કરવાની રહેશે.

૪)વિધાનસભાની ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ મુજબ સુધારા નામોની યાદી તૈયાર કરવાની રહેશે.

૫)વિધાનસભાની ૧૯૯૯ તથા ૨૦૦૦ની પુરવણી મતદારયાદીઓકમી મતદારોના નામો મુજબ કમી મતદારોની યાદી તૈયાર કરવાની રહેશે.

INDEX

૨૦૦૦ની સાલની પુરવણી મતદાર યાદીઓની પ્રાથમિક તેમજ આખરી પ્રસિધ્ધિ કરવામાં આવે ત્યારે તેની સાથે નીચે મુજબની મતદારયાદી તથા પુરવણી મતદારયાદી રાખવાની રહેશે.

૧૯૯૫ની સાલની મતદાર વિભાગવાર મૂળ મતદારયાદીઓ
૧૯૯૫ની સાલની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ
૧૯૯૬ની સાલની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ
૧૯૯૮ની સાલની મતદાર વિભાગવાર પુરવણી મતદારયાદીઓ

	કાર્યક્રમ
(૧)તા.૨૧-૭-૯૯ તથા તા.૭-૧-૨૦૦૦ના રોજ પ્રસિધ્ધ થયેલી ગુજરાત વિધાનસભાની ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ ઉપરથી તાલુકા પંચાયતોના મતદાર વિભાગવાર સને ૨૦૦૦ની સાલની હસ્તલિખિત પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરી પુર્ણ કરવાની સમય મર્યાદા (આ પુરવણી મતદારયાદીને પુરવણી મતદારયાદી નં.૧ આપવાનો રહેશે.)	૧૫ દિવસ
9.	BAROT NARESHKUMAR GHANSHYAMBHAI	15-03-1995	Nadiad
15.	BRAHMBHATT UPENDRARAY SHIVLAL	24-06-1990	Ahmedabad
16.	CHAUHAN BHARATSINH KALUSINH	24-01-1994	Balasinor
17.	CHAUHAN KISHOR DINKARRAI	16-02-1990	Jamnagar
21.	DAVE SAMIR JYOTINDRAPRASAD	03-04-1992	Ahmedabad
53.	PATEL NITIN VITHALBHAI	07-07-1995	Ahmedabad
57.	PRAJAPATI ANILKUMAR JOITARAM	20-08-1997	Gandhinagar
69.	SHASTREEJEE BIPINCHANDRA DAHYALAL	12-08-1994	Ahmedabad
75.	TRADA HARSHAD BAVANJIBHAI	23-03-1990	Ahmedabad
81.	VAGHELA GIRDHAR ALABHAI	22-06-1992	Bhanvad

Ahmedabad :
Date : 27-1-2000

P. V. HATHI
Returning Officer
Bar Council of Gujarat

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 131 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIJ WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-B) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચની કચેરી

બ્લોક નં. ૯, ૬ઠ્ઠોમાળ, સરદાર પટેલ ભવન, નવા સચિવાલય, ગાંધીનગર, પમી ફેબ્રુઆરી, ૨૦૦૦.

આદેશ

ક્રમાંક : રાચપ--ચટણ--મ.ન.પા.--સચલ--૨૦૦૦.— મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ના નિયમ-૭૫(૧) ની જોગવાઈ મુજબ મતદાન મથકમાં અથવા તેની નજીક પ્રચાર વિગેરે કરવા પર પ્રતિબંધ છે. તથા નિયમ-૧૭ પ્રમાણે મતગણતરી કેન્દ્ર ખાતે મતદાનની ગુપ્તતા જાળવવાની જોગવાઈ છે.

મહાનગરપાલિકાની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી સમયે નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયી રીતે મતદાન અને મતગણતરી થાય તે માટે ભારતના બંધારણની કલમ ૨૪૩ (ઝ--ક) હેઠળ મળેલ સત્તાની રૂઈએ, રાજ્ય ચૂંટણી પંચ, સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા તથા તેના ઉપયોગ પર નીચે પ્રમાણે આથી પ્રતિબંધ મુકે છે.–

૧. મતદાન મથક અને મતદાન મથકથી નજીકના વિસ્તારમાં કોઈ વ્યકિત સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વિગેરે સાથે પ્રવેશ કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

૨. મતગણત્રી કેન્દ્ર અને મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ પર નિયંત્રણ કરવા સારૂ સલામતી અધિકારીઓએ ઘેરેલ (કોર્ડન કરેલ) વિસ્તારમાં કોઈ વ્યકિત સેલ્યુલર ફોન કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વિગરે સાથે પ્રવેશ કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

૩. જે કોઈ વ્યકિત ઉપર ક્રમ (૧) તથા (૨) થી મુકેલા પ્રતિબંધ વિરૂધ્ધ વર્તન કરશે તો તેમની હસ્તકનું સાધન/યંત્ર સલામતી અધિકારી/કર્મચારીઓ કબ્જે લઈ લેશે અને મતગણતરી પુરી થયે જે તે વ્યકિતને પરત કરશે.

કાયદો અને વ્યવસ્થામાં રોકાયેલા પોલિસદળના અધિકારીઓ રાજ્ય ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાન તથા મતગણતરી માટે નિમાયેલ અધિકારીઓને આ આદેશ લાગુ પડશે નહીં.

આદેશથી
યો. જે. દીક્ષિત,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 132

REGISTERED NO. G/GNR

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLI] WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Seperate paging is given to this part in order that it may be filed as a Separate Compilation

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other Authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચની કચેરી

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર, પમી ફેબ્રુઆરી, ૨૦૦૦.

આદેશ

ક્રમાંક : રાચપ-ચટણ-જિતાગ્રામ.-સચલ-૨૦૦૦.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૩૫ની જોગવાઈ મુજબ મતદાન મથકમાં તેની નજીક અથવા મતદાન મથકના જાહેર અથવા બાનગી સ્થળમાં પ્રચાર કરવા પર પ્રતિબંધ છે. કલમ -૩૬(૧) ની જોગવાઈ પ્રમાણે મતદાન મથકે મત નોંધવાની પ્રક્રિયામાં દખલ થાય તેવું વર્તન કરવા પર પ્રતિબંધ છે. કલમ -૩૮ પ્રમાણે મતગણતરી કેન્દ્ર ખાતે મતદાનની ગુપ્તતા જાળવવાની જોગવાઈ છે. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ ના નિયમ -૩૪ પ્રમાણે મતદાન મથકમાં કયા મતદારને દાખલ થવા દેવા તે અંગે કાર્યરીતી નક્કી કરેલ છે.

જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણીઓમાં નિષ્પક્ષ, મુક્ત અને ન્યાયી રીતે મતદાન અને મતગણતરી થાય તે માટે ભારતના બંધારણની કલમ ૨૪૩ (૬) હેઠળ મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચૂંટણી પંચ સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ, મોબાઈલ ફોન સાથે પ્રવેશવા તથા તેના ઉપયોગ પર નીચે પ્રમાણે આથી પ્રતિબંધ મુકે છે.

૧. મતદાન મથક અને મતદાન મથકથી નજીકના વિસ્તારમાં કોઈ વ્યકિત સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વિગેરે સાથે પ્રવેશ કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

૨. મતગણતરી કેન્દ્ર અને મતગણતરી કેન્દ્રમાં પ્રવેશ પર નિયંત્રણ કરવા સારૂ સલામતી અધિકારીઓએ ઘેરેલ (કોર્ડન કરેલ) વિસ્તારમાં કોઈ વ્યકિત સેલ્યુલર ફોન, કોર્ડલેસ ફોન, વાયરલેસ સેટ, મોબાઈલ ફોન વિગેરે સાથે પ્રવેશ કે તેનો ઉપયોગ કરી શકશે નહીં.

INDEX

૩. જે કોઇ વ્યકિત ઉપર ક્રમ (૧) તથા (૨) થી મુકેલા પ્રતિબંધ વિરૂધ્ધ વર્તન કરશે તો તેમની હસ્તકનું સાધન/યંત્ર સલામતી અધિકારી/ કર્મચારીઓ કબ્જે લઇ લેશે અને મતગણતરી પુરી થયે જે તે વ્યકિતને પરત કરશે.

આદેશ અને વ્યવસ્થામાં રોકાયેલા પોલિસદળના અધિકારીઓ રાજ્ય ચૂંટણી પંચે નિમેલા નિરીક્ષકો, મતદાન તથા મતગણતરી માટે રોકાયેલ અધિકારીઓને આ આદેશ લાગુ પડશે નહીં.

આદેશથી,

પો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ-ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ ગાંધીનગર.

INDEX

Extra No. 133 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLI] WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

નમૂનો--૬

(જુઓ નિયમ--૧૬)

હરિફ ઉમેદવારની યાદી

કુતિયાણા નગર પંચાયતની પેટા ચૂંટણી

વોર્ડ નંબર ૩ વોર્ડનું નામ..... ચૂંટણી પંચે નક્કી કરેલ બેઠકો.

૩જી બેઠક સામાન્ય

અ. નં.	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષ સાથે જોડાણ.	ઉમેદવારનો વર્ગ	ફાળવેલ પ્રતિક
૧.	૨.	૩.	૪.	૫.	૬.
૧.	પુંજા હાજા ઓડેદરા	ખોખર ચોરા, કુતિયાણા.	ભા.જ.પ.	પછાત વર્ગ	લંબચોરસમાં કમળ
૨.	સુરેશભાઇ વજસીભાઈ કડછા	રામવાડી, કુતિયાણા.	—	પછાત વર્ગ	લંબચોરસમાં બસ

સ્થળ : કુતિયાણા.
તારીખ : ૧૪-૨-૨૦૦૦.

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
કુતિયાણા નગર પંચાયત અને
નાયબ કલેકટર, પોરબંદર.

IV—C-Ex.–133--1

સરકારી મધ્યસ્થ પ્રેસ ગાંધીનગર.

INDEX

Extra No. 134 REGISTERED/NO. GGN R/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLI] WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

નમૂનો--૬

(જુઓ નિયમ-- ૧૬)

હરીફ ઉમેદવારોની યાદી

જસદણ નગરપાલિકાની પેટા ચૂંટણી

ક્રમાંક : ન.પા. જસદણ-પે. ચૂ.-- ૬--૨૦૦૦.

વોર્ડ નં. ૮ (આઠ) વોર્ડનું નામ :

ચૂંટણી પંચે નક્કી કરેલ બેઠકો :

૧લી બેઠક : —

૨જી બેઠક : —

૩જી બેઠક : બીન અનામત

અ. નં.	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષ સાથે જોડાણ	ઉમેદવારનો વર્ગ	ફાળવેલ પ્રતિક
૧	૨	૩	૪	૫	૬
(૧)	ભરત લાધાભાઈ છાયાણી	ગોખલાણા રોડ, રામેશ્વર નગર, જસદણ	ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ	સામાન્ય	હાથ
(૨)	વેલાભાઈ ગેલાભાઈ છાયાણી	આદમજી રોડ, જસદણ	ભારતીય જનતા પક્ષ	સામાન્ય	કમળ

સ્થળ : રાજકોટ.

તારીખ : ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૦.

અશ્વિનીકુમાર,
ચૂંટણી અધિકારી,
જસદણ નગરપાલિકા અને
આસીસ્ટન્ટ કલેકટર, રાજકોટ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 135

REGISTERED NO.G/GNR/2

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLI] WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—G

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

વલસાડ નગરપાલિકાની પેટા ચૂંટણી—૨૦૦૦

ચૂંટણી અધિકારી દ્વારા ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ-૬૮ અન્વયે ચૂંટાયેલા ઉમેદવારના નામોની જાહેરાત.

ક્રમાંક ચૂંટણી/વલસાડ/ન. પા./પેટા-૨૦૦૦.

(૧) વલસાડ જિલ્લાની વલસાડ નગરપાલિકાના નીચે જણાવેલ અ. નં. ૧ સામે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે કોલમ નંબર-૪માં જણાવેલ ઉમેદવારને ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ ૧૩ અન્વયે બિન-હરિફ ચૂંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ-૧૩ મુજબ જાહેર કરેલ પરિણામ મુજબ નીચે જણાવેલ વોર્ડની સામે જણાવેલ બેઠક માટે તેની સામે જણાવેલ ઉમેદવારને નિયમ-૬૮ અન્વયે વલસાડ નગરપાલિકાના ચૂંટાયેલા કાઉન્સિલર તરીકે જાહેર કરી તેઓનું નામ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

અ. નં.	વોર્ડ નંબર	બેઠકનો પ્રકાર	ચૂંટાયેલ ઉમેદવારનું		પક્ષ સાથે જોડાણ
			નામ	સરનામું	
૧	૨	૩	૪	૫	૬
૧	૫	અનુસૂચિત આદિજાતિ મહિલા	આશાબેન વિનોદભાઈ પટેલ	નાનાપારસીવાડ શહીદચોક, વલસાડ.	ભારતીય જનતાપક્ષ.

સ્થળ :—વલસાડ.

તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૦.

સી. એમ. પાડલીયા,
ચૂંટણી અધિકારી,
વલસાડ નગરપાલિકા અને
નાયબ કલેક્ટર વલસાડ, પ્રાંત વલસાડ.

સરકારી મધ્યસ્થ પ્રેસ ગાંધીનગર.

INDEX

Extra No. 136 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIJ WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PAKT IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gu at including those made by the Government of India, the High Court the Director of Municipalities the Commissioner of Police, the Director of Prohibities and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

નમુનો—૬.

(જુઓ નિયમ-૧૬).

હરિફ ઉમેદવારોની યાદી

બોરીયાવી નગરપંચાયતની પેટા ચૂંટણી

વોર્ડ નંબર—૭. વોર્ડનું નામ. ચૂંટણી પંચે ફાળવેલી બેઠકો.

૧લી બેઠક —

૨જી બેઠક સામાન્ય.

૩જી બેઠક —

આ.નં. ૧	ઉમેદવારનું નામ ૨	સરનામું ૩	પક્ષ સાથે જોડાણ ૪	ઉમેદવારનો વર્ગ ૫	ફાળવેલ પ્રતિક ૬
૧.	કેશવભાઈ ગોતાભાઈ રાઠોડ	રે. બોરીયાવી. ઠે. મોટી નહેર પાસે, પટાક વિસ્તાર તા. જી. આણંદ.	—	સામાન્ય	વિમાન
૨.	રમણભાઈ શંકરભાઈ વાઘેલા	રે. બોરીયાવી, ઠે. મનોરીયા તલાવડી. તા. જી. આણંદ.	—	સામાન્ય	મોટર

સ્થળ : આણંદ.
તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૦.

એ. જે. શાહ,
ચૂંટણી અધિકારી,
બોરીયાવી નગર પંચાયત અને
પ્રાન્ત અધિકારી, આણંદ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 137 REGISTERED NO. G/GNR-2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLI] WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

નમુનો—૬

(જુઓ નિયમ--૧૬)

હરીફ ઉમેદવારોની યાદી

ધંધુકા નગરપાલિકાની પેટા ચુંટણી.

વોર્ડ નંબર -૮ વોર્ડનું નામ : .....ચુંટણી પંચે ફાળવેલી બેઠકો.

ક્રમાંક : ચટણ/ધનપા/વોર્ડ-૮/પેચુ/૨૦૦૦. ૩જી બેઠક—સામાન્ય.

અ.નં.	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષ સાથે જોડાણ	ઉમેદવારનો વર્ગ	ફાળવેલ પ્રતિક.
૧	૨	૩	૪	૫	૬
૧.	લવજીભાઈ ગટોરભાઈ ખાંદળા	બજરંગ સોસાયટી, રાણપુર રોડ, ધંધુકા	—	સામાન્ય	પતંગ
૨.	વિનોદભાઈ હિરાભાઈ ચાંસીયા	એકતા સોસાયટી, પડાણા રોડ, ધંધુકા	—	અનુસૂચિત જાતિ	લંબચોરસમાં વિમાન
૩.	શૈલેશકુમાર લધરભાઈ ડાભી	જગનાથ દરવાજા, ધંધુકા.	—	પછાત વર્ગ	લંબચોરસમાં મોટર
૪.	સુરેશભાઈ બળદેવભાઈ (ઉર્ફે ઉદાભાઈ) જોગરાણા	-કૃષ્ણબાગ સોસાયટી, ધંધુકા	—	પછાત વર્ગ	લંબચોરસમાં બસ

સ્થળ : ધંધુકા
તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૦.

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી,
ધંધુકા નગરપાલિકા અને
નાયબ કલેકટર, ધોળકા પ્રાંત.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 138 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLI] WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

નમૂનો—૬

(જુઓ નિયમ—૧૬)

હરીફ ઉમેદવારોની યાદી

ગઢડા નગરપંચાયતની ચૂંટણી

વૉર્ડ નંબર : ૭ વૉર્ડનું નામ : ચૂંટણી પંચે ફાળવેલ બેઠકો
એક બેઠક:— —
બીજી બેઠક : સામાન્ય
ત્રીજી બેઠક:— —

અનુ. નંબર	ઉમેદવારનું નામ	સરનામું	પક્ષ સાથે જોડાણ	ઉમેદવારનો વર્ગ	ફાળવેલ પ્રતિક
૧	૨	૩	૪	૫	૬
૧.	લાભુભાઈ મેહુરભાઈ બોરીચા	સામાકાંઠે, ગઢડા (સ્વા.)	...	પછાતવર્ગ	લંબચોરસમાં મોટર
૨.	લાભુભાઈ વાસુરભાઈ બોરીચા	સામાકાંઠે, ગઢડા (સ્વા.)	...	પછાતવર્ગ	લંબચોરસમાં બસ

(સહી) અવાચ્ય,
ચૂંટણી અધિકારી ગઢડા નગરપંચાયત
અને
નાયબ કલેકટર, સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકનતંત્ર,
ભાવનગર.

સ્થળ :— ગઢડા

તારીખ ૧૬—૨—૨૦૦૦

138—1
સરકારી મધ્યસ્થ પ્રેસ ગાંધીનગર.

INDEX

Extra No. 139 REGISTERED NO. G/GNR/3

©

The Gujarat Government Gazette
EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLIJ WEDNESDAY, FEBRUARY 16, 2000/MAGHA 27, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નંબર : ૯, ૬ઠ્ઠો માળ,

નવા સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૦૦.

વિષય : રાજ્ય ચુંટણી પંચ દ્વારા ચુંટણી યોજાઈ ગઈ હોય તેવી ગ્રામ પંચાયતોની મતદારયાદીના પુન: નિરીક્ષણ બાબત.

આદેશ :

ક્રમાંક : રાચપ-ચટણ-મતય-ગ્રા. પં.-૨૦૦૦.—૧. ગુજરાત પંચાયત અધિનિયમ--૧૯૯૩ની કલમ ૧૭, ૧૮ તથા ૨૦ (૧) અન્વયે ગુજરાત રાજ્યની તમામ ગ્રામ પંચાયતોની વોર્ડવાર તૈયાર કરેલ મતદાર યાદીઓ રાખવા તથા તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કલમ--૨૦(૨) તથા ૨૦ (૭) અન્વયે રાજ્ય ચુંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

૨. ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ, ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની મતદારયાદીઓ ઉપરથી ક્ષતિરહિત તૈયાર થાય અને તેમાં એકસુત્રતા જળવાઈ રહે તે હેતુથી ગુજરાત પંચાયત ચુંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૩થી નિયત કરેલ નમુનાઓ તથા રાજ્ય ચુંટણી પંચ તરફથી નીચેના આદેશો/પરિપત્રોથી નમુનાઓ નિયત કરી વિગતવાર સુચનાઓ આપવામાં આવેલ છે.

(૧) આદેશ ક્રમાંક : રાચપ—પચત—મતય—જિતાપં—૯૫, તા. ૩૦-૩-૯૫
(૨) પરિપત્ર ક્રમાંક : રાચપ—પચત—મતય—જિતાપં—૯૫, તા. ૫-૪-૯૫
(૩) આદેશ ક્રમાંક : રાચપ—પચત—મતય—જિતાપં—૯૫, તા. ૬-૪-૯૫
(૪) આદેશ ક્રમાંક : રાચપ—ચટણ—મતય—૯૫, તા. ૨૪-૭-૯૫
(૫) આદેશ ક્રમાંક : રાચપ—ચટણ—મતય—જિતાપં—૯૬, તા. ૭-૨-૯૬
(૬) આદેશ ક્રમાંક : રાચપ—પચત—મતય—૯૮, તા. ૧૨-૩-૯૮.

INDEX

૩. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ અમલમાં આવતાં રાજ્યની વહીવટદાર હેઠળની ગ્રામ પંચાયતો, પદચ્યુત તથા વિભાજનથી નવી રચાયેલ તથા તા. ૨૯–૨–૯૬ સુધી પુરી થતી મુદતવાળી ગ્રામ પંચાયતોની વૉર્ડવાર મતદારયાદીઓ ગુજરાત વિધાનસભાની સને ૧૯૯૫ થી સાલની આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ ઉપરથી નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓ પાસે તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ ૧૯૯૫માં રાજ્ય ચુંટણી પંચ તરફથી નીચે જણાવેલા આદેશોથી નક્કી કરેલ કાર્યક્રમ પ્રમાણે કરવામાં આવેલ છે.

(૧) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જિતાપં–૯૫, તા. ૬–૪–૯૫ તથા તેના સુધારા આદેશો તા. ૧૦–૪–૯૫ તા. ૧૯–૪–૯૫, તથા તા. ૨૭–૪–૯૫.
(૨) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જિતાપં–૯૫, તા. ૨૯–૬–૯૫
(૩) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૫, તા. ૯–૧૦–૯૫ તથા તેનો સુધારા આદેશ તા. ૩–૧૧–૯૫

૪. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ–૨૦(૧) તથા (૨) અનુસાર ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની તા. ૨–૧–૯૬ ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ પરથી ઘેરા–૩ માં જણાવેલ વિગતોની ગ્રામ પંચાયતોની સને ૧૯૯૫ની મૂળ વૉર્ડવાર મતદારયાદીઓમાં સુધારા વધારા કરી ૧૯૯૬ ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે ૧૯૯૫ની મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જિતાપં–૯૬, તા. ૭–૨–૯૬ અનુસાર ૧૯૯૬ની સાલમાં (તા. ૨૨–૩–૯૬ના રોજ) કરવામાં આવેલ છે. ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની તા. ૫–૧–૯૮ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ પરથી ઉપરોકત ગ્રામ પંચાયતોની સને ૧૯૯૫ ની સાલની મૂળ વૉર્ડવાર મતદારયાદીઓ તથા ૧૯૯૬ની સાલની વૉર્ડવાર પુરવણી યાદીઓમાં સુધારા વધારા કરી ૧૯૯૮ તથા ૧૯૯૮ ની પુરવણી યાદીઓ સાથે ૧૯૯૫ની મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૮, તા. ૨૧–૩–૯૮ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૮, તા. ૧–૪–૯૮ અનુસાર તા. ૧૬–૫–૯૮ના રોજ કરવામાં આવેલ છે ત્યારબાદ ગુજરાત વિધાનસભાની મતદાર વિભાગોની તા. ૨૧–૭–૯૯ ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ પરથી ઉપરોકત ગ્રામ પંચાયતોની ૧૯૯૫ની સાલની મૂળ વૉર્ડવાર મતદારયાદીઓ ૧૯૯૬ તથા ૧૯૯૮ની પુરવણી યાદીઓ સાથે રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૯, તા. ૨૧–૭–૯૯ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૯, તા. ૫–૧૦–૯૯, અનુસાર તા. ૫–૧૧–૯૯ ના રોજ આખરી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે. અને તે રીતે આ ગ્રામ પંચાયતોની વૉર્ડવાર ૧૯૯૫ની સાલની મૂળ મતદારયાદી, ૧૯૯૬, ૧૯૯૮ તથા ૧૯૯૯ની સાલની પુરવણી મતદારયાદીઓ અમલમાં છે.

૫. રાજ્ય ચુંટણી પંચ તરફથી નીચે જણાવેલ આદેશોથી કરેલ કાર્યક્રમ અનુસાર રાજ્યની સમયાંતરે પદચ્યુત થયેલ, વિભાજનથી નવી રચાયેલ તા. ૧–૩–૯૬ થી ૩૦–૪–૯૮ સુધી પૂરી થતી મુદતવાળી ગ્રામ પંચાયતોની ૧૯૯૬થી મુળ વૉર્ડવાર મતદારયાદીઓ, ગુજરાત વિધાનસભાની સને ૧૯૯૬ની સાલની આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ ઉપરથી નિર્દિષ્ટ અધિકારીના તાલુકા મામલતદારશ્રીઓ પાસે તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ ૧૯૯૬ તથા ૧૯૯૭માં કરવામાં આવેલ છે. ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા. ૫–૧–૯૮ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ પરથી આ ગ્રામ પંચાયતોની સને ૧૯૯૬ની સાલની મુળ વૉર્ડવાર મતદારયાદીઓમાં સુધારા વધારા કરી ૧૯૯૮ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે ૧૯૯૬ની મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૮, તા. ૨૧–૩–૯૮ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૮, તા. ૧–૪–૯૮ અનુસાર તા. ૧૬–૫–૯૮ના રોજ કરવામાં આવેલ છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભાની મતદાર વિભાગોની તા. ૨૧–૭–૯૯ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ પરથી ઉપરોકત ગ્રામ પંચાયતોની ૧૯૯૬ની સાલની મુળ વૉર્ડવાર મતદારયાદીઓમાં સુધારા વધારા કરી ૧૯૯૯ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે ૧૯૯૬ની મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૯, તા. ૨૧–૭–૯૯ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૯, તા. ૫–૧૦–૯૯ અનુસાર તા. ૫–૧૧–૯૯ ના રોજ આખરી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે. અને તે રીતે ૧૯૯૬ની સાલની મુળ મતદારયાદીઓ તથા ૧૯૯૮ તથા ૧૯૯૯ની સાલની પુરવણી મતદારયાદીઓ અમલમાં છે.

(૧) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૬, તા. ૧૭–૧–૯૬
(૨) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૬, તા. ૮–૭–૯૬
(૩) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૬, તા. ૨૬–૧૨–૯૬
(૪) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૭, તા. ૧૦–૧–૯૭
(૫) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૭, તા. ૨૯–૫–૯૭

૬. રાજ્ય ચુંટણી પંચ તરફથી નીચે જણાવેલા આદેશોથી નક્કી કરેલા કાર્યક્રમ અનુસાર રાજ્યની સમયાંતર પદચ્યુત થયેલ, વિભાજનથી નવી રચાયેલ તથા તા. ૧–૫–૯૮ થી તા. ૩૧–૧૨–૯૯ સુધી પુરી થતી મુદતવાળી ગ્રામ પંચાયતોની ૧૯૯૮ની મુળ વૉર્ડવાર મતદારયાદીઓ, ગુજરાત વિધાનસભાની સને ૧૯૯૮ની સાલની આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પરથી નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓ પાસે તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ ૧૯૯૮ તથા ૧૯૯૯માં કરવામાં આવેલ છે ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા. ૨૧–૭–૯૯ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ મતદારયાદીઓ પરથી ઉપરોકત ગ્રામ પંચાયતોની ૧૯૯૮ની મુળ વૉર્ડવાર મતદારયાદીઓ ૧૯૯૯ ની પુરવણીયાદીઓ સાથે રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૯, તા. ૨૧–૭–૯૯ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૯, તા. ૫–૧૦–૯૯ અનુસાર તા. ૫–૧૧–૯૯ ના રોજ આખરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે અને તે રીતે ૧૯૯૮ની સાલની મુળ મતદારયાદીઓ તથા ૧૯૯૯ની પુરવણી યાદીઓ અમલમાં છે.

(૧) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૮, તા. ૧૯–૩–૯૮
(૨) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૮, તા. ૧–૭–૯૮
(૩) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–ગ્રાપં–૯૮, તા. ૨૪–૭–૯૮

INDEX

(૪) આદેશ ક્રમાંક : રાચપ—ચટણ—મતય—ગ્રાપં—૯૮, તા. ૨૩—૯—૯૮

(૫) આદેશ ક્રમાંક : રાચપ—ચટણ—મતય—ગ્રાપં—૯૮, તા. ૧૭—૧૦—૯૮

(૬) આદેશ ક્રમાંક : રાચપ—ચટણ—મતય—ગ્રાપં—૯૮, તા. ૧૧—૧૨—૯૮

(૭) આદેશ ક્રમાંક : રાચપ—ચટણ—મતય—ગ્રાપ—૯૯, તા. ૨૯—૪—૯૯

૭. રાજ્ય ચુંટણી પંચ તરફથી નીચે જણાવેલા આદેશથી નક્કી કરેલા કાર્યક્રમ અનુસાર રાજ્યની સમયાંતરે વિભાજનથી નવી રચાયેલ તથા તા. ૧—૧—૨૦૦૦ થી તા. ૩૦—૬—૨૦૦૦ સુધી પુરી થતી મુદતવાળી ગ્રામ પંચાયતોની ૧૯૯૯ની વોર્ડવાર મુળ મતદારયાદીઓ, ગુજરાત વિધાનસભાની સને ૧૯૯૯ની સ્થિતિની તા. ૨૧—૭—૯૯ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ પરથી નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓ પાસે તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ તા. ૨૧—૧૦—૯૯ના રોજ કરવામાં આવેલ છે અને તે રીતે ૧૯૯૯ની સાલની મુળ મતદાર યાદીઓ અમલમાં છે.

(૧) આદેશ ક્રમાંક : રાચપ—ચટણ—મતય—ગ્રાપં—૯૯, તા. ૨૧—૭—૯૯

૮. ગુજરાત વિધાનસભાના તમામ મતદાર વિભાગોની તા. ૧—૧—૨૦૦૦ની સ્થિતિએ સંક્ષિપ્ત સુધારણા કરી તા. ૭—૧—૨૦૦૦ ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ ઉપરથી પેરા—૩ થી ૭માં જણાવેલ વિગતોની ગ્રામ પંચાયતોની ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૮ તથા ૧૯૯૯ની સ્થિતિએ તૈયાર કરેલ અને ૧૯૯૬, ૧૯૯૮ તથા ૧૯૯૯ની સાલમાં આખરી પ્રસિધ્ધિ કરેલ વોર્ડવાર મતદારયાદીઓમાં સુધારા વધારા કરી તા. ૧—૧—૨૦૦૦ ની સ્થિતિએ ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની રહે છે.

૯. ગુજરાત પંચાયત અધિનિયમ—૧૯૯૩ની કલમ—૨૦(૨) તથા ગુજરાત પંચાયત ચુંટણી નિયમો—૧૯૯૪ના નિયમ—૩થી મળેલ સત્તાની રૂઈએ રાજ્ય ચુંટણી પંચ, ઉપર પેરા—૩ થી ૭ માં જણાવેલ ગ્રામ પંચાયતોની વોર્ડવાર ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ નિર્દિષ્ટ અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓને તૈયાર કરવાનું નક્કી કરે છે.

૧૦. રાજ્ય ચુંટણી પંચમાં પેરા-૨માં જણાવેલ આદેશો તથા પરિપત્રોમાં આપેલ સુચના અનુસાર તથા તા. ૧૨—૩—૯૮નાં આદેશથી નક્કી કરેલ નમુના નંબર—૫-(૧) તથા ૫ (૨) મુજબ સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાનું રાજ્ય ચુંટણી પંચ નક્કી કરેલ છે. આ પુરવણી મતદારયાદીઓ તૈયાર કરતી વખતે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવાના રહેશે.

(૧) વોર્ડવાર નમુના ૫ (૧) તથા ૫ (૨) મુજબની પુરવણી મતદારયાદીમાં મથાળામાં '૨૦૦૦' એ મુજબ દર્શાવવાનું રહેશે.

(૨) નમુના નં. ૫ (૫) તથા ૫ (૨) મુજબ ૨૦૦૦ની સાલની પુરવણી યાદી તૈયાર કરવા માટે કોલમ નં. ૭માં "તા. ૧—૧—૨૦૦૦ ના રોજની ઉંમર" દર્શાવવાની રહેશે.

(૩) વિધાનસભાની ૨૦૦૦ની સાલની પુરવણી મતદાર યાદીઓ મુજબ "વધારાના નામો"ની યાદી તૈયાર કરવાની રહેશે.

(૪) વિધાનસભાની ૨૦૦૦ની સાલની પુરવણી મતદાર યાદીઓ મુજબ "સુધારા નામો"ની યાદી તૈયાર કરવાની રહેશે.

(૫) વિધાનસભાની ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓના કમી મતદારોના નામો મુજબ "કમી મતદારો"ની યાદી તૈયાર કરવાની રહેશે.

(૬) વિધાનસભાની ૨૦૦૦ની પુરવણી મતદારયાદી મુજબના નવીન મતદારોના નામોને જે તે ગ્રામ પંચાયતના જે તે વોર્ડની યાદીમાં સમાવેશ કરવાનો રહેશે. અને તેના અનુક્રમ નંબર જે તે ગ્રામ પંચાયતની મુળ મતદારયાદીમાં ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૮ અગર ૧૯૯૯ની પુરવણી મતદારયાદીમાં આપેલ અનુક્રમ નંબરો પછીના ક્રમાનુસાર નંબરો આપવાના રહેશે. આ પુરવણી મતદાર યાદીને સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી નંબર—૧ એ મુજબ મથાળુ આપવાનું રહેશે.

(૭) આ મતદારયાદીઓ તા. ૧—૧—૨૦૦૦ના રોજની સ્થિતિએ તૈયાર કરવાની છે જેથી ૨૦૦૦ની સાલની વિધાનસભાની પુરવણી મતદારયાદીમાં જણાવેલ ઉંમરમાં કોઈ ફેરફાર કર્યા સિવાય ૨૦૦૦ની પુરવણી મતદારયાદીમાં દર્શાવેલ ઉંમર દર્શાવવાની રહેશે.

(૮) નીચે પેરા—૧૧માં દર્શાવેલ કાર્યક્રમ મુજબ મતદાર યાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિ થયા પછી નામ દાખલ કરવા આવેલ દાવા અરજીઓનો નિયમ સમય મર્યાદામાં નિકાલ કરી હસ્તલિખિત પુરવણી મતદારયાદી વોર્ડવાર તૈયાર કરવાની રહેશે જેને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી નં. ૨ એ મુજબ મથાળું આપવાનું રહેશે.

(૯) ગુજરાત વિધાનસાના મતદાર વિભાગોની તા. ૭—૧—૨૦૦૦ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી સાથે સર્વીસ મતદારોની યાદી પણ પ્રસિધ્ધ થયેલ હશે તો સર્વીસ મતદારોની યાદીમાં જણાવેલ સર્વીસ મતદારોના નામો જે-તે ગ્રામ પંચાયતોના જે તે વોર્ડમાં સમાવેશ કરવાના રહેશે અને તે માટે સર્વીસ મતદારોની હસ્તલિખિત પુરવણી મતદારયાદી વોર્ડવાર તૈયાર કરી ૧૯૯૫ની મુળ મતદારયાદી તથા ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૮, ૧૯૯૯ તથા ૨૦૦૦ની પુરવણી મતદારયાદી સાથે રાખી તેની પ્રાથમિક પ્રસિધ્ધિ અને આખરી પ્રસિધ્ધિ પણ કરવાનું રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે છે.

INDEX

૧૦. ગ્રામ પંચાયતના ગામોની ગુજરાત વિધાનસભાની ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી નહી હશે તો પણ તે ગામોની સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે. અને તેવી જ રીતે ગુજરાત વિધાનસભાની ૨૦૦૦ની સાલની સર્વીસ મતદારોની પુરવણી મતદારયાદી નહી હશે તો પણ તે ગામોની સર્વીસ મતદારોની ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે. ત્રણ પ્રકારના નામોની યાદી ન હોય તો પણ નીચે મુજબની વિગત જે તે મથાળા નીચે દર્શાવીને દરેક વોર્ડની પુરવણી મતદારયાદી અલગ અલગ તૈયાર કરી પ્રસિધ્ધ કરવાની રહેશે.

(૧) વધારાના નામોની યાદી નથી.
(૨) સુધારા નામોની યાદી નથી.
(૩) કમી નામોની યાદી નથી.

(૧૧) રાજ્ય ચુંટણી પંચ તરફથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવા પેરા-૨માં જણાવેલ તા. ૧૨-૩-૯૮ના આદેશથી નક્કી કરેલ નમુના નં. ૫ (૧) તથા ૫ (૨) ઉપરાંત સર્વીસ મતદારોની પુરવણી મતદારયાદી માટે નમુનાં નં. ૬ તથા ૭ નક્કી કરવામાં આવેલ છે તે મુજબ ૨૦૦૦ની સાલની પુરવણી મતદાર યાદીઓ તૈયાર કરવાની રહેશે. ૨૦૦૦ની પુરવણી મતદારયાદી તૈયાર કરવા માટે નમુના રૂપ નમુના ૫ (૧) તથા ૫ (૨)ના મુસદ્દા આ સાથે સામેલ રાખેલ છે.

૧૧. ઉપર પેરા-૧૦માં આપેલ સુચનાઓ અનુસાર ઉપર પેરા-૩ થી ૭માં જણાવેલ તમામ ગ્રામ પંચાયતોના વોર્ડોની વોર્ડવાર મતદાર યાદીઓની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા માટે નીચે પ્રમાણે કાર્યક્રમ રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે છે.

૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓની પ્રાથમિક તેમજ આખરી પ્રસિધ્ધિ કરવામાં આવે ત્યારે તેની સાથે નીચે મુજબની મતદાર યાદી તથા પુરવણી મતદારયાદીઓ રાખવાની રહેશે.

૧૯૯૫ની સાલની વોર્ડવાર મુળ મતદારયાદીઓ સાથે

— ૧૯૯૫ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ
— ૧૯૯૬ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ
— ૧૯૯૮ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ તથા
— ૧૯૯૯ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ રાખવાની રહેશે.

૧૯૯૬ની સાલની વોર્ડવાર મુળ મતદારયાદીઓ સાથે

— ૧૯૯૬ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ
— ૧૯૯૮ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ તથા
— ૧૯૯૯ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ રાખવાની રહેશે.

૧૯૯૮ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ સાથે

— ૧૯૯૮ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ તથા

— ૧૯૯૯ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ રાખવાની રહેશે.

૧૯૯૯ની સાલની વોર્ડવાર મુળ મતદારયાદીઓ સાથે

— ૧૯૯૯ની સાલની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ રાખવાની રહેશે.

	વિગત	કાર્યક્રમ
૧.	તા. ૧-૧-૨૦૦૦ની સ્થિતિએ તૈયાર થયેલી તા. ૭-૧-૨૦૦૦ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલ ગુજરાત વિધાનસભાની ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી ઉપરથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર સને ૨૦૦૦ની સાલની હસ્તલિખિત પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરી પુર્ણ કરવાની સમયમર્યાદા (આ પુરવણી મતદારયાદીને પુરવણી મતદારયાદી નં. ૧ આપવાની રહેશે.)	૩૦ દિવસ
૨.	હસ્તલિખિત વોર્ડવાર મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ (વોર્ડવાર મુળ મતદારયાદી તથા ૧૯૯૯ સુધીની પુરવણી મતદારયાદીઓ તથા ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નં. ૧ સહિત)	૮-૩-૨૦૦૦
૩.	નિયમ-૩-(ક) તથા ૩(ખ) અન્વયે નમુના નં. ૧(ક) તથા ૧(ખ) મુજબ દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	૧૫-૩-૨૦૦૦

INDEX

૧	૨
૪. રજુ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ–૩ (સી) ૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	૨૩–૩–૨૦૦૦
૫. વોર્ડવાર ૨૦૦૦ની હસ્તલિખિત પુરવણી મતદારયાદી નં. ૨ તૈયાર કરવાની તારીખ	૫–૪–૨૦૦૦
૬. વોર્ડવાર હસ્તલિખિત મતદારયાદીની આખરી પ્રસિધ્ધિની તારીખ (વોર્ડવાર મુળ મતદારયાદી તથા ૧૯૯૯ સુધીની પુરવણી મતદારયાદીઓ તથા ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નં. ૧ તથા ૨ સહિત.)	૧૧–૪–૨૦૦૦
૭. ગ્રામ પંચાયતોની વોર્ડવાર હસ્તલિખિત ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ ઉપરથી જરૂરિયાત મુજબ ટાઉપ સાઈકલોસ્ટાઈલ/ઝેરોક્ષ કઢાવી ગ્રામ પંચાયતોની ચુંટણી સમયે ઉપયોગમાં લેવાનું રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે છે.	

૧૨. રાજ્ય ચુંટણી પંચના પેરા–૨માં જણાવેલ તા. ૨૪–૭–૯૫ના આદેશ અનુસાર ગ્રામ પંચાયતોની વોર્ડવાર પુરવણી મતદારયાદીઓ તૈયાર કરાવવામાં આવે તેની ૧૦૦ ટકા ચકાસણી કરાવવા નીચેનું ધોરણ રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે છે. તે અનુસાર વોર્ડવાર પુરવણી મતદારયાદીઓની ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા ચુંટણી અધિકારીઓએ અને કલેકટરશ્રીઓએ કરાવવાનું નક્કી કરે છે. આ ચકાસણી માટે અધિકારીઓ/કર્મચારીઓ વચ્ચે ગ્રામ પંચાયતોની ફાળવણી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીએ કરવાની રહેશે. આ માટે મહેસુલ ખાતાના સર્કલ ઈન્સ્પેકટર/પંચાયતના સર્કલ ઈન્સ્પેકટર કે તેની ઉપરની કક્ષાના કર્મચારીઓ/અધિકારીઓને ગ્રામ પંચાયતોની ફાળવણી કરી ચકાસણી કરાવવાની રહેશે. તેઓએ તલાટી કમ મંત્રીએ અગર અન્ય કર્મચારીઓએ તૈયાર કરેલી મતદારયાદીની ગ્રામ પંચાયતોના નિર્દિષ્ટ સત્તાધિકારી અને તાલુકા મામલતદારો/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ તથા ઉપર જણાવેલ કક્ષાના કર્મચારીઓ વચ્ચે વહેંચણી કરવાની રહેશે. આ મુજબ ગ્રામ પંચાયતોની મતદારયાદીઓની ચકાસણી કરેલ હોય તેની વિગતો સંબંધકર્તા અધિકારીશ્રી/કર્મચારીઓ પાસેથી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મેળવવાની રહેશે અને તેની વિગતો રાજ્ય ચુંટણી પંચને મોકલવાની રહેશે.

અધિકારી / કર્મચારીનો હોદ્દો	ગ્રામ પંચાયતોના વોર્ડોની પુરવણી મતદારયાદીમાં દાખલ કરેલ નોંધોની ચકાસણી કરવાની ટકાવારી.
૧. મામલતદાર	૧૦
૨. તાલુકા વિકાસ અધિકારી	૧૦
૩. નાયબ મામલતદાર/નાયબ તાલુકા વિકાસ અધિકારી/નાયબ ચીટનીશ અને તેની સમકક્ષા કર્મચારીઓ	૨૦
૪. સર્કલ ઈન્સ્પેકટર/સીનીયર ક્લાર્ક કક્ષાના ક્લેકટરના તાબાના/જિલ્લા/તાલુકા પંચાયતના તાબાના કર્મચારીઓ	૩૦
૫. કારકુન કક્ષાના ક્લેકટરના તાબાના/જિલ્લા તાલુકા પંચાયતના તાબાના કર્મચારીઓ	૩૦

૧૩. ઉપર પેરા–૧૧ મુજબ ગ્રામ પંચાયતોની વોર્ડવાર આખરી પ્રસિધ્ધ થયેલ મતદાર યાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૦ (૬) અનુસાર રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા. ૩–૫–૯૫ મુજબ ગ્રામ પંચાયતોની ચુંટણી માટે ઉમેદવારીપત્ર રજુ કરવાની છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે નામ સુધારી શકાશે અને નામો કમી કરી શકાશે અને તે માટે પુરવણી મતદારયાદી નંબર–૩ ઉપરોકત નમુના નં. ૫-(૧) તથા ૫-(૨) મુજબ જરૂરી ફેરફાર સાથે તૈયાર કરવાની રહેશે.

૧૪. રાજ્ય ચુંટણી પંચ તરફથી તા. ૧૨–૩–૯૮ના આદેશ સાથે નક્કી કરેલ નમુના નંબર 'ક' તથા 'ખ'ના પત્રકમાં ગ્રામ પંચાયતોના વોર્ડોમાં સમાવિષ્ટ મતદારયાદીના પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ અનુસાર મતદારોની સંખ્યાની વિગત દર્શાવી પત્રકમાં છેવટે દરેક વોર્ડવાર અને આખી ગ્રામ પંચાયતના મતદારોની સંખ્યાના સરવાળા કરવાના રહેશે. અને તેનો તાળા મેળ મેળવીને પત્રકમાં દર્શાવેલ મતદારોની સંખ્યાની ચકાસણી કરીને પત્રક બે પ્રતોમાં રાજ્ય ચુંટણી પંચને નીચે જણાવેલ તારીખ સુધીમાં મોકલવાની વ્યવસ્થા જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીએ કરવાનું રાજ્ય ચુંટણી પંચ નક્કી કરે છે.

	પત્રક મોકલવાની તારીખ
(૧) પ્રાથમિક પ્રસિધ્ધિ અનુસાર મોકલવાનું પત્રક "ક"	પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખથી ૭ (સાત) દિવસમાં
(૨) આખરી પ્રસિધ્ધિ અનુસાર મોકલવાનું પત્રક "ખ"	આખરી પ્રસિધ્ધિની તારીખથી ૭ (સાત) દિવસમાં.

આ આદેશ અનુસાર ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરી ઉપરોકત કાર્યક્રમ અનુસાર પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા તથા આદેશ અનુસાર અમલ કરવા માટે જિલ્લાના તમામ નિર્દિષ્ટ અધિકારી વ મામલતદારશ્રીઓને સુચનાઓ તેમજ તેઓને આ આદેશની નકલો જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મોકલવાની રહેશે.

આદેશથી,
યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચુંટણી પંચ, ગાંધીનગર.

INDEX

નમુના નંબર : ૫ (૧)

.....તાલુકાની.....ગ્રામ પંચાયતની સને*.....ની મતદારયાદીની સને ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નંબર : ૧

તાલુકાનું નામ :..... ગ્રામનું નામ :.....

ગ્રામ પંચાયતનું નામ :..... વૉર્ડ નંબર :.....

વધારાના નામોની યાદી

અનુ નંબર ૧	ઘર નંબર ૨	મતદારનું નામ ૩	સંબંધ ૪	સંબંધીનું નામ ૫	જાતિ ૬	તા. ૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજની ઉંમર ૭	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર ૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર ૧	મતદારનું પુરૂ નામ અટક સાથે ૨	પુરૂષ કે સ્ત્રી ૩	મતદારયાદીમાં લખેલી ભુલવાળી નોંધ ૪	સુધારેલી વાંચવાની નોંધ ૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

કમી નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર ૧	મતદારનું પુરૂ નામ અટક સાથે ૨

કમી નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી :..... કુલ :.....

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....ગ્રામ પંચાયત અને
મામલતદાર.....તાલુકો.

સ્થળ :
તારીખ :

પ્રાથમિક પ્રસિધ્ધિ કરી

નિર્દિષ્ટ સત્તા ધિકારી
.....ગ્રામ પંચાયત અને
મામલતદાર.....તાલુકો

* ગ્રામ પંચાયતની વૉર્ડવાર મુળ મતદારયાદી '૧૯૯૫'ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ હોય તો '૧૯૯૫' દર્શાવવું. "૧૯૯૬"ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ હોય તો "૧૯૯૬" દર્શાવવું. "૧૯૯૭" ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ હોય તો "૧૯૯૭" દર્શાવવું. "૧૯૯૯"ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ હોય તો "૧૯૯૯" દર્શાવવું.

INDEX

નમુના નંબર ૧ ૫ (૨).

.....તાલુકાની.....ગ્રામ પંચાયતની સને*.....ની મતદાર યાદીની સને ૨૦૦૦ની પુરવણી મતદારયાદી નંબર ૧ ૨

તાલુકાનું નામ :..... ગામનું નામ :.....

ગ્રામ પંચાયતનું નામ :..... વોર્ડ નંબર :.....

વધારાના નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા. ૧લી જાન્યુઆરી ૨૦૦૦ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં થયેલી ભુલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

કમી નામોની યાદી

મતદારયાદીના અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ : .....

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....ગ્રામ પંચાયત અને
મામલતદાર.....તાલુકો

સ્થળ :

તારીખ : આખરી પ્રસિધ્ધિ કરી

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....ગ્રામ પંચાયત અને
મામલતદાર.....તાલુકો

* ગ્રામ પંચાયતની વોર્ડવાર મુળ મતદારયાદી "૧૯૯૫"ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ હોય તો "૧૯૯૫" દર્શાવવું "૧૯૯૬"ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ હોય તો "૧૯૯૬" દર્શાવવું "૧૯૯૭"ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ હોય તો "૧૯૯૭" દર્શાવવું. "૧૯૯૯"ની સ્થિતિએ આખરી પ્રસિધ્ધ થયેલ હોય તો, "૧૯૯૯" દર્શાવવું.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 140 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, FEBRUARY, 21, 2000/PHALGUNA 2, 1921

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ,
બ્લોક નંબર: ૯, છઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તારીખ: ૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૦

ક્રમાંક: વરચ–૧૦૯૪–૨૪૬–

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશ

આદેશ :

ભારતના સંવિધાનમા સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ માં રાજ્ય સરકારે મુંબઈ પ્રોવિન્શિયલ કોર્પોરેશન અધિનિયમ ગુજરાત દ્વિતીય સુધારા ૧૯૯૩ માં મહત્વના સુધારા કરેલા છે. આ અધિનિયમની કલમ–૧૪(૨) હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની રહે છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૫ ૩ અંક એ તથા પેટા કલમ–૪, ૫ ૬ તથા ૭ અન્વયે જાહેરનામા ક્રમાંક: કેવી–૧૯૭–૯૩ એમએમએન–૮૦૯૩–૩૯૫૫–૫૫–પી તા. ૨૯–૧૦–૧૯૯૩ થતાં (જેનો હવે પછી તા. ૨૯–૧૦–૧૯૯૩ ના જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) તેના સને ૧૯૯૧ ની વસ્તી ગણતરીના આખરી આંકડા પ્રસિધ્ધ થયા છે. તેના આધારે કોર્પોરેશનને ૨૦ વોર્ડ તથા કોર્પોરેશનના કાઉન્સીલરોની કુલ ૬૦ બેઠકો નકકી કરવામા આવી હતી, તેમજ ૬૦ પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, પછાતવર્ગ તથા મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરવામાં આવી હતી.

૩. રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : વરચ–૧૦૯૪–૨૪૬– તા. ૧૮–૩–૯૪ અન્વયે રાજકોટ મહાનગરપાલિકાની ૧૯૯૫ માં યોજાયેલી સામા–ય ચૂંટણી માટે શહેરના તે વખતે રાજકોટ ૧ થી ૨૦ વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશ રાજ્ય ચૂંટણી પંચ શહેરના ૧ થી ૨૦ વોર્ડનું સીમાંકન આદેશની અનુસૂચિ–૧ મુજબ તથા આદેશની અનુસૂચિ–૨ મુજબ અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવી છે.

૪. રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેવી–૬૮–૧૯૯૮–આર.એચ.એન–૮૦૯૫–૩૧૨૦–પી.૧ તા. ૧૭–૬–૯૮, (જેનો હવે પછી ૧૭–૬–૧૯૯૮ ના જાહેરનામા તરીકે ઉલ્લેખ થયો છે અન્વયે, રાજકોટ જિલ્લાની રૈયા નગરપાલિકા, મવડી નગરપંચાયત અને નાનામવા નગર પંચાયત સ્થાનિક વિસ્તારને રાજકોટ મહાનગરપાલિકાના સ્થાનિક વિસ્તારમાં ભેળવવામા આવેલ છે.

૫. રાજ્ય સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક કેવી–૧૪૫–૯૯–૨મન–૮૦૯૫–૩૧૨૦–પી તા. ૨૫–૮–૯૯ જેનો હવે પછી તા. ૨૫–૮–૯૯ નું જાહેરનામા તરીકે ઉલ્લેખ થયો છે અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના કુલ ૨૩ વોર્ડ અને ૬૯ કાઉન્સીલરોની સંખ્યા નકકી કરેલ છે તેમજ ૬૯ પૈકી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તથા મહિલા માટે અનામત બેઠકોની સંખ્યા નિર્ધારીત કરવામાં આવી છે.

૬. તા. ૧૭–૬–૧૯૯૮ ના જાહેરનામા અન્વયે તા. ૨૯–૧૦–૧૯૯૯ જાહેરનામાથી રાજકોટ શહેરનો જે સ્થાનિક વિસ્તાર સમાવી વોર્ડ તથા બેઠકોની સંખ્યા નિર્ધારીત થઈ છે તે વિસ્તાર સાથે ભેળવવામાં આવ્યો છે રાજકોટ શહેરની હદના સ્થાનિક વિસ્તારના ૨૦ વોર્ડ નકકી કરવામાં આવ્યા હતા. તા. ૨૫–૮–૯૯ ના જાહેરનામા અન્વયે કુલ ૨૩ વોર્ડ રાજ્ય સરકારે નકકી કર્યા છે તેથી પ્રથમ તબકકે પંચે પ્રશ્ન વિચારણામાં લીધો છે કે તમામ ૨૩ વોર્ડનું સીમાંકન નવેસરથી કરવુ કે તા. ૧૭–૬–૧૯૯૮ ના જાહેરનામાથી ઉપર પેરા–૪ માં જે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને ઉલ્લેખ છે તેના સમગ્ર વિસ્તાર કે જે વિસ્તારો ભેળવવામાં આવ્યા છે તે વિસ્તારને કેન્દ્રમા રાખી સીમાંકન કરવુ.

૭. રાજ્ય સરકારે મહાનગરપાલિકાના વોર્ડનું સીમાંકન અને બેઠક ફાળવણી માટે નિયમો ઘડેલા છે. ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (વોર્ડોનું સીમાંકન અનામત બેઠકોની ફાળવણી) નિયમો ૧૯૯૪ જેનો હવે પછી નિયમો, ૧૯૯૪ તરીકે ઉલ્લેખ થયો છે અન્વયે સીમાંકન તથા બેઠક ફાળવણી માટે

માપદંડો વિહિત કર્યા છે. નિયમોના નિયમ–૨ અન્વયે સર્વસામા–ય સિધ્ધાંત વિહિત કરવામાં આવ્યા છે કે મહાનગરપાલિકાના બધા વોર્ડની વસ્તી એકસરખી રહે તે રીતે સીમાંકન કરવુ . આમ કરવું શકય હોય ત્યાં સુધી વસ્તી એકસરખી રહે તે રીતે સીમાંકન કરવુ . આમ કરવું શકય ન હોય ત્યારે વોર્ડની વસ્તીનો તફાવત શહેરના વોર્ડની એકંદર વસ્તીના ૧૦ ટકા કરતા વધુ હોવી જોઈએ નહિ. સાથે સાથે એવી પણ નિયમ–૨ માં જોગવાઈ છે કે સમરૂપતા જાળવા ભૌગોલિક નિકટતા જાળવવા માટે ઉપરની મર્યાદા કરતા થોડી વધારે અગર થોડી ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી બને તો પંચ તેમ કરી શકશે.

૮. રાજકોટ મહાનગરપાલિકાની છેલ્લી ચૂંટણી – ૧૯૯૫ માં યોજવામા આવી હતી અને તે વખતે રાજકોટ શહેરના ૨૦ વોર્ડો માટે આ ૨૦ વોર્ડનું સીમાંકન પંચે ઉપરોકત નિયમોમાં વિહિત કરેલી રીતે પંચના તા. ૧૮–૩–૯૪ ના આદેશ ક્રમાંક વરચ–૧૦૯૪–૨૪૬– અન્વયે સુનિશ્ચિત કરેલુ છે. આ આદેશ નિયમોના નિયમ–૮ અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શ કાર્ય કર્યા હતા તેમજ સામા–ય લોકો પાસેથી પણ સૂચનો મંગાવ્યા હતા. તે પરત્વે વિચારણા કર્યા બાદ તા. ૧૮–૩–૧૯૯૪ નો આદેશ પંચ તરફથી કરવામાં આવ્યો હતો. ચોકકસ વિસ્તારમાંથી પ્રજાના પ્રતિનિધિઓ ચૂંટાઈ આવે અને એ વિસ્તારના લોકો તથા મતદારો પણ તેમના વિસ્તાર અને તેમના પ્રતિનિધિથી પરિચિત રહે તે તેમના વિસ્તાર સાથે સતત સંપર્ક જાળવવા તેમના પ્રશ્નો હલ કરવા પ્રયત્નશીલ રહે તે હેતુથી સીમાંકન કરવુ જરૂરી હોય છે. તે દૃષ્ટિએ વિચારતા તારીખ ૧૮–૩–૯૪ ના ઉપરોકત આદેશ અન્વયે ૨૦ વોર્ડનું સીમાંકન સુનિશ્ચિત થયું છે. છેલ્લાં પાંચ વર્ષથી તે પ્રમાણે મતદારો – પ્રતિનિધિઓ વચ્ચે તાદાત્મ્ય રહેતું છે તેમ માની તે વોર્ડોનું સીમાંકન નવેસરથી કરવુ યોગ્ય નથી તેમ પંચ માને છે. બહુ નવેસરથી સીમાંકન કરવામા આવતા મતદારો અને પ્રતિનિધિઓ વચ્ચે સલાનતા – મૂજાગતામાં વિક્ષેપ પડે, અનિશ્ચિતતા ઉપસ્થિત થાય. જે બાબત નિશ્ચિત (settles) છે, તે અનિશ્ચિત (unsettles) કરવા પંચને કોઈ કારણ નથી. તેથી પંચ રાજકોટ મહાનગરપાલિકાના તા. ૧૮–૩–૯૪ ના આદેશથી ચલેલ જે વોર્ડોનું સીમાંકન સુનિશ્ચિત થયું છે તે યથાવત રાખવા ઠરાવે છે.

૯. તા. ૧૭–૬–૯૮ ના જાહેરનામા અન્વયે જે વિસ્તારો રાજકોટ શહેરની હદમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે તે સાથે રાજકોટ શહેરની કુલ વસ્તી ૬,૪૧,૩૭૮ છે. નિયમ–૨ મુજબ શહેરના ૨૩ વોર્ડને અનુલક્ષીને વોર્ડની સરેરાશ વસ્તી ૨૭,૮૮૬ રહે તેમ ૧૦ ટકા વધઘટ ની ગણતરી કરીએ તો ૧૦ ટકાની વધ મુજબ ૩૦,૬૭૫ સુધી વોર્ડની રચના થઈ શકે અને ૧૦ ટકાની ઘટ મુજબ ૨૫,૦૯૭ વોર્ડની રચના થઈ શકે.

પંચે આ અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસેથી માહિતી મેળવી છે અને કમિશનરશ્રી તરફથી મળેલી માહિતી મુજબ ૨૩ વોર્ડવાર તમામ ૨૩ વોર્ડની વોર્ડવાર (અગાઉના ૨૦ વોર્ડ સહિતની) વસ્તી નીચે જણાવ્યા મુજબ છે. આ દૃષ્ટિએ વિચારતા પણ જુના ૨૦ વોર્ડની હદમાં ફેરફાર કરવા સરખો નથી અને તેથી પંચ તેને આખરી ગણે છે.

૧	૨	૩	૪	૫
૧.	૧	૨૯૭૬૬	૧૮૪	૦.૬૨
૨.	૨	૨૬૭૩૮	૧૯	૦.૦૭
૩.	૩	૨૮૧૦૪	૨૫૫૯	૯.૧૦
૪.	૪	૩૦૪૧૧	૪૦૪	૧.૩૩
૫.	૫	૨૯૫૦૫	૭૯૫	૨.૭૦
૬.	૬	૨૭૦૯૭	૧૧૦	૦.૪૧
૭.	૭	૨૯૬૭૭	૨૮૦	૦.૯૪
૮.	૮	૨૭૫૪૭	૨૭	૦.૦૯
૯.	૯	૨૬૯૪૩	૨૦૬	૦.૭૬
૧૦.	૧૦	૨૫૬૬૯	૩૨૬૪	૧૨.૭૨
૧૧.	૧૧	૨૫૩૨૨	૨૦૨૦	૭.૯૭
૧૨.	૧૨	૨૫૪૯૯	૪૫૪	૧.૭૮
૧૩.	૧૩	૨૫૨૨૨	૩૧૦૨	૧૨.૨૯
૧૪.	૧૪	૨૫૬૦૨	૬૩૫	૨.૪૮
૧૫.	૧૫	૨૬૭૬૧	૨૮૩૩	૧૦.૫૯
૧૬.	૧૬	૨૫૩૧૬	૯૬૭	૩.૮૨
૧૭.	૧૭	૩૦૩૯૯	૩૧૯૬	૧૦.૩૧
૧૮.	૧૮	૩૧૧૪૬	૪૪૨	૧.૪૨
૧૯.	૧૯	૩૦૮૪૮	૩૨૬૨	૧૦.૫૭
૨૦.	૨૦	૩૧૨૩૫	૭૯૨૦	૨૫.૩૬
૨૧.	૨૧	૨૭૫૫૩	૪૨૭૫	૧૫.૫૧
૨૨.	૨૨	૨૭૪૩૪	૩૨૪	૧.૧૮
૨૩.	૨૩	૨૬૯૮૪	૧૪૮૮	૫.૫૧
કુલ		૬૪૧૩૭૮	૩૮૭૬૬	

૬૫૨ જણાવેલા કોઠાની ચકાસણી કરતા ફલિત થાય છે કે મહાનગરપાલિકાના નીચે જણાવેલ ૪ વોર્ડોમાં વોર્ડ નંબર: ૨૦, ૨૧, ૧૦ તથા ૧૩ માં અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી સૌથી ઉંચી છે.

INDEX

આમ અનુસૂચિત જાતિ માટે અનામત રખાયેલ ૪ બેઠકો નિયમ–૬ અન્વયે પંચ વોર્ડ નંબર : ૨૦, ૨૧, ૧૦ તથા ૧૩ માં ફાળવવા અને તા. ૧૮–૩–૯૪ ના આદેશમાં જણાવ્યા મુજબ પંચે ઠરાવેલા માપદંડો પ્રમાણે વોર્ડ નંબર : ૧૦ મા અનુસૂચિત જાતિ મહિલા બેઠક ફાળવવાનું અને વોર્ડ નંબર: ૨૦, ૨૧ અને ૧૩ માં અનુસૂચિત જાતિ માટે ફાળવવા પંચ ઠરાવે છે.

અત્રે ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે તા. ૧૮–૩–૯૪ ના આદેશ અન્વયે વોર્ડ નંબર: ૨૦, ૧૦, ૧૩ અને ૧૫ માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવવામાં આવી હતી. પરંતુ હવે મહાનગરપાલિકાની હદમાં વધારો થતા સમગ્ર વિસ્તારને અનુલક્ષીને અનામત બેઠકો ફાળવવાની રહે છે.

તા. ૨૫–૮–૯૯ ના જાહેરનામા અન્વયે મહાનગરપાલિકામાં અનુસૂચિત જનજાતિ માટે કોઈ બેઠક અનામત રખાઈ નથી તેથી અનુસૂચિત જનજાતિ માટે કોઈ બેઠક ફાળવવામાં આવતી નથી.

૧૨. જાહેરનામા અન્વયે પછાતવર્ગ માટે ૭ બેઠકો અનામત બેઠકો નિર્ધારીત થઈ છે . તે પૈકી ૨ બેઠકો પછાતવર્ગ મહિલા માટે અનામત રાખવા નિર્ધારીત થયું છે .

૧૩. ૧૯૯૪ ના નિયમો અન્વયે પછાતવર્ગની બેઠક ફાળવવા સંબંધી નિયમ–૬ (ખ) અન્વયે પંચે તેઓને યોગ્ય જણાય તેવા સુત્ર અનુસાર પછાતવર્ગ માટેની બેઠક ફાળવવા પંચ સક્ષમ રહેશે. તેમ વિહિત કર્યું છે. તે રુએ પંચના આદેશ ક્રમાંક: વરચ–૧૦૯૪–મ્યુ.કો.માપદંડ, ૧૬–૩–૧૯૯૪ અન્વયે પંચે સુત્ર નકકી કર્યું છે. ૨૯–૧૦–૧૯૯૩ ના જાહેરનામા અન્વયે રાજકોટ મહાનગરપાલિકાના ૧ થી ૨૦ વોર્ડ માટે ૬ બેઠકો પછાતવર્ગ માટે નિર્ધારીત કરવામા આવી હતી. ૧૬–૩–૯૪ ના સુત્ર અન્વયે પંચે ૧૮–૩–૧૯૯૪ ના આદેશથી નીચેના વોર્ડમા પછાતવર્ગ માટે બેઠકો ફાળવવામાં આવી હતી.

વોર્ડ નંબર	પ્રકાર
૩	પછાતવર્ગ
૫	પછાતવર્ગ
૭	પછાતવર્ગ (મહિલા)
૧૭	પછાતવર્ગ
૧૮	પછાતવર્ગ
૨૦	પછાતવર્ગ (મહિલા)

તા. ૨૫–૮–૧૯૯૯ ના જાહેરનામા અન્વયે હવે પછાતવર્ગ માટે ૭ બેઠકો અનામત રાખવા નિર્ધારીત થયું છે.
ઉપર જણાવ્યા પ્રમાણે ૬ બેઠકો સૂત્રો અનુસાર ફળવાઈ છે તેથી તેમાં ફેરફાર નહિ કરવાનું પંચ મુનાસિબ સમજે છે.

૬ ના બદલે હવે ૭ બેઠકો નિર્ધારીત થઈ છે તો પછાતવર્ગ માટેની એક બેઠક ફાળવવાની વિચારણા કરવાની રહે છે. પછાતવર્ગ માટેની સાત પૈકી છ બેઠકો તા. ૧૮–૩–૧૯૯૪ ના આદેશથી જે વોડમાં ફાળવવામાં આવી છે તે યથાવત રાખતા સાત પૈકી એક બેઠક વોર્ડ નંબર: ૨૧, ૨૨, ૨૩ પૈકી કયા વોર્ડમાં ફાળવવી તે વિચારવાનું રહે છે. પંચના તારીખ: ૧૬–૩–૧૯૯૪ ના સૂત્રો અનુસાર ફાળવણી કરવા મ્યુનિસિપલ કમિશનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા પાસેથી પંચે માહિતી મેળવી છે. તે મુજબ ભૂતપુર્વ નાનામવા નગરપંચાયત, મવડી નગરપંચાયત તથા રૈયા નગરપાલિકા ના જે વોર્ડમાંથી પછાતવર્ગના ઉમેદવારો ચૂંટાયા હતા. અને તે વોર્ડનો વિસ્તાર રાજકોટ મહાનગરપાલિકાના જે વોર્ડમાં સમાવિષ્ટ થાય છે તે અંગે પરિસ્થિતિ નીચે પ્રમાણે છે :–

ભૂતપુર્વ સંસ્થાનું નામ	જુનો વોર્ડ નંબર	રાજકોટ મ.ન.પા.વોર્ડ નંબર કે જેમાંઆસન–૨ નો વિસ્તાર થાય છે.
નાનામવા નગરપંચાયત	૫ ૬	૨૨ ૨૧
મવડી નગર પંચાયત	૧ ૨ ૩	૨૧
રૈયા નગરપાલિકા	૭ ૯	૨૨

વોર્ડ નંબર: ૨૧, ૨૨ તથા ૨૩ નો સ્થાનિક વિસ્તાર તા. ૧૮–૯–૧૯૯૮ ના જાહેરનામા અન્વયે ભળેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના જે વોર્ડના બનેલા છે તેની વિગત નીચે પ્રમાણે છે :–

વોર્ડ નંબર	ભળેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાના વોર્ડ
૨૧	(૧) મવડીના વોર્ડ નં. ૧ થી ૭ (૨) નાનામવા વોર્ડ નં. ૬ તથા ૭
૨૨	(૧) નાનામવા વોર્ડ નં. ૧ થી ૫ (૨) રૈયા વોર્ડ નં. ૭, ૮, ૯
૨૩	રૈયા નગરપાલિકાના વોર્ડ નં. ૧ થી ૬

INDEX

આ વિગતો પરથી સ્પષ્ટ થાય છે કે હાલના રચાયેલા વોર્ડ નં. ૨૧ તથા ૨૨ ના સ્થાનિક વિસ્તારમાંથી પછાતવર્ગના ૩ – ૩ સભ્યો ચૂંટાયા હતા.

વોર્ડ નંબરઃ ૨૧ તથા વોર્ડ નંબરઃ ૨૨ એમ બન્ને વોર્ડના વિસ્તારમાંથી પછાતવર્ગના ત્રણ–ત્રણ ઉમેદવારો ભૂતકાળમાં ચૂંટાઈ આવ્યા હતા. પંચે અપનાવેલ માપદંડ મુજબ સામાન્યતઃ વોર્ડ નંબરઃ ૨૧ માં પછાતવર્ગો માટેની (સામાન્ય) બેઠક ફાળવવાની રહે. પરંતુ, વોર્ડ નંબરઃ ૨૧ માં અનુસૂચિત જાતિ માટેની (સામાન્ય) બેઠક ફાળવવામાં આવી છે. તેથી વોર્ડ નંબરઃ ૨૧ માં પછાતવર્ગની (મહિલા) બેઠક ફાળવવાની રહે. પરંતુ રાજકોટ મહાનગરપાલિકાના ૧ થી ૨૦ વોર્ડનું સીમાંકન તથા મહદ્અંશે બેઠક ફાળવણી યથાવત રાખવા મુનાસિબ જણાવાયેલું હોઈ વોર્ડ નંબરઃ ૨૦ માં પછાતવર્ગ (મહિલા) બેઠક ફાળવી છે તેમાં કોઈ ફેરફાર નહિ કરવો યોગ્ય રહેશે. અને તેવી જ રીતે અનુસૂચિત જાતિ (મહિલા) બેઠક જે વોર્ડ નંબરઃ ૨૧ માં ફાળવી, ત્યાં વોર્ડ નંબરઃ ૨૧ પછાતવર્ગ (સામાન્ય) બેઠક ફાળવવામાં આવે તો તેમ કરી શકાય, પરંતુ અનુસૂચિત જાતિ માટે જે નિયમો તથા પંચે અપનાવેલ માપદંડ મુજબ ફાળવણી કરવાનું સુનિશ્ચિત થયું છે. તેમાં અપવાદ કરી અનુસૂચિત જાતિ (મહિલા) બેઠક વોર્ડ નંબરઃ ૨૧ માં નહિ ફાળવવાનું પણ યોગ્ય થશે. સાથોસાથ એ બાબત પણ નોંધવી રહી કે ૧૯૯૪ ના નિયમોના નિયમ–૬ અન્વયે દરેક વોર્ડમાં નિદાન એક બેઠક બિન–અનામત રાખવાની રહે છે.

આ સંજોગોમાં વોર્ડ નંબરઃ ૨૧ માં પછાતવર્ગ માટેની બેઠક નહિ ફાળવતા વોર્ડ નંબરઃ ૨૨ માં પછાતવર્ગ માટેની બેઠક ફાળવવી યોગ્ય થશે તેમ પંચ ઠરાવે છે.

આમ તા. ૨૫–૮–૯૯ ના જાહેરનામાથી પછાતવર્ગ માટેની (સાત) બેઠકો નિર્ધારીત કરવામાં આવી છે તે (આ વર્ગની મહિલા માટેની બેઠક સહિત) નીચે જણાવેલ વોર્ડમાં ફાળવવા પંચ આદેશ કરે છે.

વોર્ડ નંબર	પ્રકાર
૩	પછાતવર્ગ
૫	પછાતવર્ગ
૭	પછાતવર્ગ (મહિલા)
૧૭	પછાતવર્ગ
૧૮	પછાતવર્ગ
૨૦	પછાતવર્ગ (મહિલા)
૨૨	પછાતવર્ગ

ઉપર પ્રમાણે અનુસૂચિ–૧ માં જણાવેલ રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડો નંબરઃ ૨૧, ૨૨ અને ૨૩ માં જણાવ્યા મુજબની હદરેખા નકકી કરવામાં આવે છે અને વોર્ડ નં.૧ થી ૨૩ વોર્ડમાં આ સાથે અનુસૂચિ–૨ માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણીનો નિર્ણય કરે છે. તે બાબત ધ્યાને લેવામાં આવે છે તે સામે કોઈપણ વ્યકિતને જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, બ્લોક નંબરઃ ૯ છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા. મુદત વિત્યે મળેલા સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

આદેશથી,

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસુચિ-૧

વોર્ડ નંબર:૨૧

મોજે કણકોટ,મવડી, અને મોટા મવાના ત્રિભેટાથી શરૂ કરી પૂર્વ તરફ મોટા મવા અને મવડીના સીમાડા ઉપર આગળ ચાલતા મવડીના સર્વે નંબર.૨૯૪,૨૯૨,૨૯૧,૨૮૪,૨૮૩,૨૮૨, ૨૭૬,૨૭૪,૨૭૩,૨૭૨,૨૭૧,૪૫૩,૨૫૩,૪૧૨,૧૯૫,૧૯૪/૩,નો સમાવેશ કરી મવડી નાનામવા અને મોટા મવાના ત્રિભેટા સુધી ત્યાંથી ઉતર તરફ નાના મવાના સીમાડા ઉપર આગળ ચાલતા સર્વે નંબર-૧૨૩,૧૧૩નો વોર્ડમાં સમાવેશ કરી કાલાવડ રોડ સુધી ત્યાથી પૂર્વ તરફ કાલાવડ રોડ ઉપર ચાલતા જમણા હાથના મકાનો લઇ ભકિત આશ્રમ સુધી ત્યાંથી કાલાવડ રોડના દક્ષિણ તરફ આવેલ રૂડા સાઇટ એન્ડ સર્વિસ વિભાગ-૧નો વોર્ડમાં સમાવેશ કરી રૂડા નગર શેરી નંબર-૮ તથા મેઇન રોડના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ ચાલતા વોકળા સુધી,ત્યાંથી પૂર્વ તરફ વોંકળાના કાંઠે કાંઠે આગળ ચાલતા સાંઇ બાબા પાર્ક સુધી ત્યાંથી દક્ષિણ તરફ વોકળાના કાંઠે આગળ ચાલતા સર્વે નંબર.૫૭,૫૮,૪૨,૩૮,૩૬ ને વોર્ડમાં સમાવેશ કરી સર્વે નંબર.૩૪ નો પશ્ચિમ હદ ઉપર તરફ આગળ ચાલતા સર્વે નંબર.૩૩, ૭૦, પૈકી નવ જ્યોત પાર્કના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ ૧૫૦ ફુટનો રીંગ રોડ ક્રોસ કરી સર્વે નંબર.૭૧ અને ૭૨ના દક્ષિણ-પશ્ચિમ ખૂણા સુધી ત્યાંથી ઉતર તરફ સર્વે નંબર.૭૨ના પશ્ચિમ હદ ઉપર તરફ આગળ ચાલતા કાલાવડ રોડ સુધી ત્યાંથી પૂર્વ તરફ કાલાવડ રોડ ઉપર આગળ ચાલતા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની જુની હદ સુધી ત્યાંથી રાજકોટ અને નાના મવાના સીમાડા ઉપર દક્ષિણ તરફ આગળત ચાલતા નાના મવા રોડ ક્રોસ કરી મવડી રોડ સુધી,મવડી રોડને ક્રોસ કરી જુના રાજકોટની હદ અને મવડી ગામની હદ ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા રાજકોટ, કોઠારીયા અને મવડીના ત્રિભેટા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ ચાલતા કોઠારીયા,વાવડી,મવડીના ત્રિભેટા સુધી,ત્યાથી દક્ષિણ તરફ વાવડી અને મવડીના ત્રિભેટા ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા મવડીના સર્વે નંબર.૨૩ ના દક્ષિણ પૂર્વ ખુણા સુધી, ત્યાથી પશ્ચિમ તરફ મવડી અને વાવડીના સીમાડા ઉપર આગળ વધતા મવડીની હદે હદે આગળ ચાલતા વાવડી અને મવડીનાં સીમાડા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મવડીના સીમાડા ઉપર આગળ ચાલતા કણકોટ અને મવડીનો સીમાડો જ્યા ભેગો થાય છે.ત્યાં સુધી,ત્યાંથી વાયવ્ય ખૂણામાં કણકોટ,મવડી અને મોટા મવાના સીમાડા સુધી...

INDEX

વોર્ડ નંબર:૨૨

મોજે રૈયા, નાના મવા, મોટા મવાના ત્રિભેટાથી શરૂ કરી રૈયા,નાના મવના સીમાડા ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા એ.જી.સ્ટાફ કવાર્ટર્સ હાઉસીંગ બોર્ડ કવાર્ટર્સ,સરકારી કવાર્ટર્સનો વોર્ડમાં સમાવેશ કરી યુનિર્વસિટીરોડની જમણી બાજુના મકાનો વોર્ડમાં સમાવેશ કરી યુનિ.રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલતા રૈયાના સર્વે નંબર-૭૫ના દક્ષિણ-પૂર્વ ખૂણા સુધી ત્યાથી ઉપર તરફ સર્વે નંબર-૮૪,૮૩,૮૨નો વોર્ડમાં સમાવેશ કરી સર્વે નંબર.૧૦૦,૯૭,૧૨૪,૧૨૩નો વોર્ડમાં સમાવેશ કરી રૈયા રોડ સુધી,ત્યાંથી પૂર્વ તરફ રૈયા રોડ ઉપર આગળ ચાલતા રૈયાના સર્વે નં.૧૫૩,ના દક્ષિણ-પૂર્વ ખૂણા સુધી ત્યાથી ઉત્તર તરફ સર્વે નંબર.૧૪૬,૧૪૭,૧૪૫,૧૪૪ નો વોર્ડમાં સમાવેશ કરી એરોડ્રામની દિવાલે સુધી ત્યાથી એરોડ્રામની દિવાલે આગળ ચાલતા એરોડ્રોમને વોર્ડમાં સમાવેશ કરી રાજકોટની જૂની હદ સુધી ત્યાંથી દક્ષિણ તરફ એરોડ્રોમને ક્રોસ કરી રાજકોટ અને રૈયાના સીમાડા ઉપર આગળ ચાલતા રૈયા રોડ સુધી,ત્યાંથી રૈયા રોડ ક્રોસ કરી રાજકોટ અને રૈયાના સીમાડા ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા યુનિર્વસિટી રોડ સુધી, ત્યાંથી યુનિ.રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા નટરાજ હોલ વાળા મકાનનો સમાવેશ કરી દક્ષિણ તરફ આગળ ચાલતા કાલાવડ રોડ સુધી,ત્યાંથી દક્ષિણ તરફ કાલાવડ રોડ ઉપર આગળ ચાલતા નાના મવાના સર્વે નં.૭૩,૬૯,૩૫,૪૦,૩૯,૪૧,૫૯,૬૦ ને વોર્ડમાં સમાવેશ કરી સર્વે નંબર.૫૧ સુધી, ત્યાંથી વૃન્દાવન સોસાયટી,યોગીપાર્ક, સદ્ગુરૂ કોલોનીને વોર્ડમાં સમાવેશ કરી ભકિત આશ્રમ સુધી, જ્યા કાલાવડ રોડલાગુ થાય છે.ત્યાંથી કાલાવડ રોડ ઉપર પશ્ચિમ તરફ આગળ ચાલતા ગાયત્રી મંદિરને વોર્ડમાં મેળવી નાના મવાના સીમાડા સુધી, ત્યાંથી ઉત્તર તરફ નાના મવા અને મોટા મવાના સીમાડા

INDEX

વોર્ડ નંબર.૨૩:

મોજે રૈયા, નાના મવા, મોટા મવા અને મુંજકાના ચોલેટાથી શરૂ કરી રૈયા અને મુંજકાના સીમાડા ઉપર ઉત્તર તરફ આગળ ચાલતા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ક્રોસ કરી સીમાડા ઉપર આગળ ચાલતા રૈયા રોડ સુધી,ત્યાંથી રૈયા રોડ ક્રોસ કરી ઉત્તર તરફ રૈયાના સીમાડા ઉપર આગળ ચાલતા ધંટેશ્વર,રૈયાના સીમાડા સુધી,ત્યાંથી પૂર્વ તરફ ધંટેશ્વર અને રૈયાના સીમાડા ઉપર આગળ ચાલતા મોજે ધંટેશ્વર,માધાપર અને રૈયાના ત્રિચેટા સુધી,ત્યાંથી દક્ષિણ તરફ રૈયા,માધાપરના સીમાડા ઉપર આગળ ચાલતા રાજકોટ, માધાપર અને રૈયાના ત્રિલેટા સુધી,અહિંયા જુના રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ મળે છે.ત્યાંથી રાજકોટ રૈયાના સીમાડા ઉપર દક્ષિણ તરફ આગળ ચાલતા તથા ત્યાંથી પૂર્વ તરફ સીમાડા ઉપર આગળ ચાલતા રૈયાના સર્વે નંબર.૨૦૭ના ઉત્તર-પૂર્વ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રાજકોટ, રૈયાનો હદ ઉપર એરોડામની દિવાલ સુધી,ત્યાંથી પશ્ચિમ તરફ રૈયા સર્વે નંબર.૨૦૨,૧૯૮,૧૯૭,૧૯૫,૧૪૭,૧૫૦,૧૫૨,૧૫૪નો વોર્ડમાં સમાવેશ કરી રૈયા રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રૈયા રોડ ઉપર આગળ ચાલતા સર્વે નંબર.૧૫૬ને વોર્ડમાં લઇ સર્વે નંબર.૧૨૨ના ખુણા સુધી,ત્યાંથી દક્ષિણ તરફ રૈયાના સર્વે નંબર.૧૨૨,૧૨૧,૧૨૦,૧૦૧,૧૦૨,૮૧,૭૭,૭૫નો વોર્ડમાં સમાવેશ કરી યુનિવર્સિટી રોડ સુધી,ત્યાંથી પશ્ચિમ તરફ યુનિવર્સિટી રોડ ઉપર રૈયા અને નાના મવાના સીમાડા ઉપર આગળ ચાલતા આકાશવાણી ક્વાર્ટર વોર્ડમાં ભેળવી રૈયા, નાના મવા અને મોટા મવાના ત્રિલેટા સુધી.

યો. જે. દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂટણી પંચ,
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનની વસ્તી ૬,૪૧,૩૭૮
કુલ વોર્ડની સંખ્યા ૨૩
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી ૨૭,૮૮૬
સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ ૩૦,૬૭૫
સરેરાશ વસ્તી ૧૦ ટકા વધ મુજબ ૨૫,૦૮૭
બેઠકોની સંખ્યા ૬૯
મહિલા બેઠકો ૨૩
એક બેઠક અનુસૂચિત જાતિ મહિલા
કોઈ બેઠક અનુસૂચિત આદિજાતિની નથી
બે બેઠકો પછાતવર્ગની મહિલાની અનામત બેઠક સહિતની)
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા–૪ તે પૈકી એક મહિલા માટે
અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક અનામત નથી.
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા : ૭ તે પૈકી ૨ મહિલા માટે
સામાન્ય બેઠક ૩૮

Dr. J.M. Bhavan, Old Sachivalaya, Gandhinagar.
Dated : 16th June, 2000

WAKF ACT, 1995 :

No. WAKF/1098/119/535/E :- In exercise of powers conferred by Section 24 read with Section 110 of the Wakf Act 1995 and Regulation 15 and 16 of the Gujarat State Wakf Regulations 2000, the Gujarat State Wakf Board hereby makes the following regulations to provide for regulating recruitment for appointment to the Post of "ACCOUNTANT" in the organization of the Gujarat State Wakf Board, Gandhinagar namely :-

(1) These rules may be called the "Accountant" Gujarat State Wakf Board Recruitment Regulation 2000.

(2) Appointment to the post of Accountant in any office under the Gujarat State Wakf Board shall be made either :

(a) by promotion of person of proved merit and efficiency from amongst the persons working in the inferior service of the Gujarat State Wakf Board and who possess the qualifications and experience specified in clauses (b) and (c) of regulation 3 or

(b) by direct selection.

3. To be eligible for appointment by direct selection to the post mentioned in regulation 2, a candidate must ;

(a) be not more than 28 years of age; and

(b) have possess at least a second class degree in commerce of a recognised university, having taken accounts as Principal subject. Preference will be given to a person who has a Degree of law as an additional qualification; or

INDEX

(c) Possess a degree in any faculty of a recognised University and have at least five years experience in accountancy in Government or Semi-Government Offices. Preference will be given to a person who has a degree of law as an additional qualification.

Provided that the age limit only be relaxed in favour of a candidate who is already in the service of the Board in accordance with the provision of the Gujarat State Wakf Regulation 2000 as amended from time to time.

4. The candidate appointed by direct selection shall be on probation of one year.

5. The selected candidate shall be required to pass the prescribed language examination in Gujarati or Hindi or both in accordance with the rules prescribed by the Government in that behalf from time to time.

By order of the Gujarat State Wakf Board.

J.Z. BALOCH
Chief Executive Officer,
Gujarat State Wakf Board,
Gandhinagar.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

IV-C. Ex. 186-19.

INDEX

Extra No. 187 REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] TUESDAY, JUNE, 20, 2000/JYAISTHA 30, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

GUJARAT STATE FINANCIAL CORPORATION

NOTICE

Notice under Regulation No. 23 of General Regulations of the Corporation is hereby given that the **40th Annual General Meeting** of the shareholders of the Corporation will be held on **Monday, 31st July, 2000 at 11.30 a.m. at Gajjar Hall, Nirman Bhavan, Law College Road, Ellisbridge, Ahmedabad-380 006** to transact the following business :

(i) To receive, consider and adopt the Profit and Loss Account and Balance Sheet of the Corporation for the year ended on 31st March, 2000 alongwith Auditor's report thereon and the report of the Board of Directors.

(ii) To declare Dividend.

Pursuant to Regulation 12 of General Regulations of the Corporation, the Register of Members and the Share Transfer Books of the Corporation **will remain closed from Tuesday, the 25th July, 2000 to Monday, the 31st July, 2000 (both days inclusive)** for the purpose of Annual General Meeting and payment of Dividend.

Shareholders shall be entitled for one vote for each share held by him for the whole period of six months prior to the date of Annual General Meeting. A member entitled to attend and vote is entitled to appoint a proxy to attend and vote instead of himself and the proxy need not be a member.

Proxy in order to be effective shall be deposited at the Head Office of the Corporation at Gandhinagar not less than 48 hours before the Commencement of the meeting.

By order of the Board of Directors
S. K. NANDA
Managing Director.

Date : 06/06/2000
Place : Gandhinagar

INDEX

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમ

નોટિસ

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના જનરલ રેગ્યુલેશન ક્રમાંક : ૨૩ હેઠળ આથી નોટિસ આપવામાં આવે છે કે, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના શેર હોલ્ડરોની ૪૦મી વાર્ષિક સામાન્ય સભા સોમવાર ૩૧મી જુલાઈ, ૨૦૦૦એ સવારે ૧૧.૩૦ કલાકે ગુજજર ક્લૉબ, નિર્માણ ભવન, લૉ-કૉલેજ રોડ, ઐલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ખાતે નિમ્નલિખિત કામકાજ હાથ ધરવા સારુ મળશે :

૧. ૩૧મી માર્ચ, ૨૦૦૦એ પૂરા થયેલા વર્ષ માટેના નિગમના નફા-નુકશાનના હિસાબ, અને સરવૈયાની સાથે ઓડિટરોનો તે અંગેનો અહેવાલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો અહેવાલ સ્વીકારવા, વિચારવા અને મંજૂર કરવા.

૨. ડિવિડન્ડ જાહેર કરવા.

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના રેગ્યુલેશન ક્રમાંક : ૧૨ અનુસાર નિગમના સભાસદોનું રજીસ્ટર અને શૅર ટ્રાન્સફર બુક, મંગળવાર ૨૫મી જુલાઈથી સોમવાર ૩૧મી જુલાઈ, ૨૦૦૦ સુધી (બન્ને દિવસો સુધ્ધાં) નિગમની વાર્ષિક સાધારણ સભા અને ડિવિડન્ડના ચૂકવણીના હેતુસર બંધ રહેશે.

પ્રત્યેક શેર હોલ્ડર કે જેઓ ૪૦મી વાર્ષિક સામાન્ય સભાની તારીખ અગાઉ છ માસથી ઓછા નહિ તેવા સમયગાળા માટે શેર હોલ્ડર તરીકે નોંધાયેલા હશે, તેમને જ આવી સામાન્ય સભામાં પોતે ધારણ કરેલા પ્રત્યેક શૅર દીઠ એક મત આપવાનો અધિકાર રહેશે. સભામાં ઉપસ્થિત રહીને મત આપવાના હક્કદાર સભ્યને પોતાના વતી ઉપસ્થિત રહેવા અને મત આપવા માટે પ્રોકસી નીમવાનો હક્ક છે અને આ પ્રોકસી સભ્ય હોય એ જરૂરી નથી.

સભાના પ્રારંભ માટેના ઓછામાં ઓછા ૪૮ કલાક અગાઉ, નિગમની ગાંધીનગરની વડી કચેરીએ પ્રોકસી જમા કરાવવામાં આવશે તો જ તે અમલી ગણાશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
એસ. કે. નંદા
મેનેજિંગ ડિરેક્ટર.

તા : ૦૬/૦૬/૨૦૦૦
સ્થળ : ગાંધીનગર

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 188

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JUNE 26, 2000/ASADHA 5, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statatory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર
તા–૨૬–૪–૨૦૦૦

ક્રમાંકઃરાચપ–ચટણ–મતય–જીતાપં–૨૦૦૦

વિષયઃ– જીલ્લા/તાલુકા પંચાયતોની મતદાર યાદીનાં પુનઃનીરીક્ષણ
૧૯૯૯ તથા ૨૦૦૦

–: આ દે શ :–

૧. ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ ૧૬,૧૮ તથા ૨૦(૧) અનુસાર રાજયની જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલા ગામોની મતદાર વિભાગવાર તૈયાર કરેલી મતદાર યાદીઓ રાખવા તથા તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કલમ–૨૦(૨) તથા ૨૦(૭) અનુસાર રાજય ચુંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધિન રહીને કરવાની છે. તદ્નુસાર રાજય ચુંટણી પંચે નીચેના આદેશો/પરિપત્રો તથા ગુજરાત પંચાયત ચુંટણી નિયમો–૧૯૯૪ હેઠળ નિયત થયેલા નમુના તથા રાજય ચુંટણી પંચે નિયત કરેલા નમુનાઓ પ્રમાણે રાજયની તમામ જીલ્લા/તાલુકા પંચાયતોની મતદાર વિભાગોમાં સમાવિષ્ટ ગામોની મતદાર વિભાગવાર મતદાર યાદીઓ ગુજરાત વિધાનસભાની સને–૧૯૯૬ ની સાલની આખરી પ્રસિધ્ધ થયેલી મતદાર યાદીઓ પરથી નિર્દિષ્ટ અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓ પાસે તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ સને ૧૯૯૫ માં કરવામાં આવેલી છે. આ મતદારયાદીઓમાં ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની ૧૯૯૬ તથા ૧૯૯૮ ની સ્થિતિની પુનઃ નીરીક્ષણ થયેલ મતદારયાદીઓ પ્રમાણે સુધારા–વધારા કરી ૧૯૯૬ તથા ૧૯૯૮ ની સાલની પુરવણી મતદારયાદીઓ સહિત મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિ અનુક્રમે ૧૯૯૬ તથા ૧૯૯૮ ની સાલમાં કરવામાં આવી છે.

INDEX

૧) આદેશ ક્રમાંકઃ રાચપ–પચત–મતય–જિતાપં–૯૫ તા. ૩૦–૩–૯૫.
૨) આદેશ ક્રમાંકઃ રાચપ–પચત–મતય–જિતાપં–૯૫ તા. ૬–૪–૯૫.
૩) પરિપત્ર ક્રમાંકઃ રાચપ–પચત–મતય–જિતાપં–૯૫ તા. ૫–૪–૯૫.
૪) આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–મતય–૯૫ તા. ૨૭–૪–૯૫.
૫) આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–મતય–જિતાપં–૯૬ તા. ૭–૨–૯૬.
૬) આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–મતય–૯૮ તા. ૧૨–૩–૯૮.
૭) સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–મતય–જિતાપં–૯૯ તા. ૨૧–૩–૯૮.
૮) સુધારા આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–મતય–જિતાપં–૯૮ તા. ૧–૪–૯૮

૨. મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ–૧૮૭૯ ની કલમ–૭ હેઠળ રાજય સરકારે રાજયના જીલ્લા તથા તાલુકાઓની હદનું પુનઃગઠન કરી કેટલાંક નવા જીલ્લા તથા તાલુકા રચતાં જીલ્લા તથા તાલુકાઓની આંતરિક તથા બાહય હદમાં ફેરફાર થયેલા જીલ્લા તથા તાલુકાઓ સિવાયના જીલ્લા તથા તાલુકાઓની , જીલ્લા/તાલુકા પંચાયતોની ઉપર પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેની ૧૯૯૫ ની સાલની અને ૧૯૯૬ તથા ૧૯૯૮ માં પુનઃ નીરીક્ષણ થયેલી મતદાર યાદીઓની ,ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની ૧૯૯૯ તથા ૨૦૦૦ ની સ્થિતિએ પુનઃ નીરીક્ષણ થયા પ્રમાણેની મતદાર યાદીઓ પરથી રાજય ચુંટણી પંચે નીચેના આદેશોથી સુધારા–વધારા કરી ૧૯૯૯ તથા ૨૦૦૦ ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે તા. ૮–૧૨–૯૯, તા. ૧૩–૩–૨૦૦૦ તથા તા. ૨૧–૩–૨૦૦૦ ના રોજ આખરી પ્રસિધ્ધિ કરેલ છે. અને તે રીતે ૧૯૯૫ ની સાલની મુળ મતદાર યાદીઓ તથા ૧૯૯૫,૧૯૯૬,૧૯૯૮,૧૯૯૯ તથા ૨૦૦૦ ની સાલની પુરવણી મતદાર યાદીઓ અમલમાં છે.

૧) આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–મતય–જિતાપં–૯૯ તા. ૧૫–૧૨–૯૯
૨) આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–મતય–જિતાપં–૨૦૦૦ તા. ૧૭–૧–૨૦૦૦.
૩) આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ–મતય–જિતાપં–૨૦૦૦ તા. ૨૧–૧–૨૦૦૦

૩. ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૭ અનુસાર જીલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોની મતદાર યાદીઓ રાજય ચુંટણી પંચની દેખરેખ,માર્ગદર્શન અને નિયંત્રણ હેઠળ તૈયાર કરી જાળવવાની રહે છે. તદ્નુસાર રાજય ચુંટણી પંચે રાજયના પુનઃગઠિત /નવા રચાયેલા જીલ્લા/તાલુકા સિવાયના જીલ્લા/તાલુકાઓની જીલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ઉપર પેરા–૧ તથા ૨ માં દર્શાવ્યા પ્રમાણે ૧૯૯૫ ની સાલની ગામવાર મુળ મતદાર યાદીઓ તથા ૧૯૯૫,૧૯૯૬,૧૯૯૮,૧૯૯૯ તથા ૨૦૦૦ ની સાલની પુરવણી મતદાર યાદીઓની સંબંધિત નિર્દિષ્ટ અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓ દ્વારા જાળવણી કરવામાં આવી છે કે કેમ તેની ભૌતિક ચકાસણી કરવા માટે ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૭ તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–૬ હેઠળ મળેલ સત્તાની રુઈએ રાજય ચુંટણી પંચ ,જીલ્લા કલેકટર કચેરીના નાયબ કલેકટર (ચુંટણી) ને તથા જે જીલ્લા કલેકટર કચેરીમાં નાયબ કલેકટર ચુંટણીની જગા ખાલી હોય કે મંજુર થયેલી ન હોય ત્યાં નિવાસી નાયબ કલેકટરને અધિકૃત કરવા આથી આદેશ કરે છે.

૪. નાયબ કલેકટર (ચુંટણી) /નિવાસી નાયબ કલેકટરોએ ઉપર પેરા–૨ માં જણાવેલા આદેશોથી જે જીલ્લા/તાલુકા પંચાયતોની મતદાર વિભાગવાર મતદાર યાદીઓનું પુનઃ નીરીક્ષણ કરી પ્રસિધ્ધ કરવામાં આવી છે તેની ૧૯૯૫ ની સાલની મુળ મતદાર યાદીઓ તથા ૧૯૯૫,૧૯૯૬,૧૯૯૮,૧૯૯૯ તથા ૨૦૦૦ ની સાલની પુરવણી મતદાર યાદીઓ રાજય ચુંટણી પંચના પેરા–૧ માં જણાવેલ આદેશો/પરિપત્રોની સુચનાઓ પ્રમાણે નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારોએ તૈયાર/પ્રસિધ્ધ કરેલ છે કે કેમ તેની ભૌતિક ચકાસણી કરી તે મતલબનું પ્રમાણપત્ર રાજય ચુંટણી પંચને તા. ૧૨–૫–૨૦૦૦ સુધીમાં મોકલી આપવા આદેશ કરવામાં આવે છે.

૫. ભૌતિક ચકાસણી દરમ્યાન જો નમુનાની ક્ષતિઓ કે મતદાર યાદી/ પુરવણી યાદીઓ સાથે મળી આવતી ન હોય તો તે મતલબનો રિપોર્ટ રાજય ચુંટણી પંચને કરવાનો રહેશે.

આદેશથી,

એ. જે. દીક્ષિત,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Extra No. 189 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JUNE 26, 2000/ASADHA 5, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નંબર-૯, ૬ ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન
ગાંધીનગર
તા:- ૧૫-૫-૨૦૦૦

ક્રમાંક:રાચપ-ચટણ-નપા-ચમન-૨૦૦૦

વંચાણે લીધુ :- (૧) આદેશ ક્રમાંક: રાચપ-ચટણ-ન.પા.-ચમન-૨૦૦૦ તા. ૧૭-૪-૨૦૦૦

સુધારા આદેશ

રાજ્ય ચુંટણી પંચે આમુખમાં જણાવેલ આદેશથી પાદરા નગરપાલિકાની સામાન્ય ચુંટણી માટે ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીની નિયુક્ત કરેલ છે. તા. ૧૭-૪-૨૦૦૦ ના આદેશના પત્રકમાં કોલમ નં.૪ માં જણાવેલ ચુંટણી અધિકારી

INDEX

ની નિયુક્તિ રદ કરીને તેઓના બદલે નીચે પત્રક પ્રમાણેના કોલમ નં.૪ માં જણાવેલ અધિકારીની ચૂંટણી અધિકારી તરીકે નિયુક્તિ કરવા રાજ્ય ચૂંટણી પંચ આદેશ કરે છે.

-: પ ત્ર ક :-

ક્રમ નં.	જીલ્લાનું નામ.	નગરપાલિકા નું નામ.	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ ચૂંટણી અધિકારીનો હોદ્દો.	નિયુક્ત કરેલ મદદનીશ ચૂંટણી અધિકારીનો હોદ્દો.
૧	૨	૩	૩(૧)	૪	૫
૧)	વડોદરા	પાદરા	૧થી૯	નાયબ કલેકટર લેન્ડ, વેલ્યુએશન સેલ, વડોદરા.	મામલતદાર પાદરા.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 190 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JUNE 26, 2000/ASADHA 5, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નંબર.૯,૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન
ગાંધીનગર
તારીખ:૧૬-૫-૨૦૦૦

ક્રમાંક-રાચપ-ચટણ-મનપા-મપન-૨૦૦૦

વંચાણે લીધા : ૧)આદેશ ક્રમાંક-રાચપ-ચટણ-નપા-નપં-મપન-૯૫ તા.૮-૧૨-૯૫
૨)સુધારા આદેશ ક્રમાંક-રાચપ-ચટણ-નપા-નપં-મનપા-મપન-૯૯
તા.૧૮-૨-૯૯.
૩)સુધારા આદેશ ક્રમાંક-રાચપ-ચટણ-નપા-નપં-મપન-૯૯
તા.૨૮-૯-૯૯

વિષય : મહાનગરપાલિકાની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચુંટણીના ટપાલ મતપત્રોના નમૂના નકકી કરવા બાબત.

--oo--

આ દે શ :-

૧.રાજ્ય ચુંટણી પંચ તરફથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (વ)(૬)ની જોગવાઈઓ અનુસાર તથા નીચેના અધિનિયમ તથા નિયમો અનુસાર રાજ્યની મહાનગરપાલિકાની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચુંટણીઓ યોજવાની રહે છે.

૧)મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ ૧૯૪૯
૨)મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ની ચુંટણી કરવા)બાબતના નિયમો-૧૯૯૪

INDEX

૨.મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (નો ચુંટણી કરવા)બાબતના નિયમાં-૧૯૯૪માં રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરમા ક્રમાંક-કેવો-૧૨૪-ઓક-૨૦૦૦-એમએનપી-૧૦૯૯-૧૮૨૭-પો તા.૧૦-૫-૨૦૦૦થી કેટલાક સુધારાઓ કરવામાં આવેલા છે.સુધારા અનુસાર ટપાલ મતપત્ર માટે ભાગ-૨-અની જોગવાઇઓ ઉમેરવામાં આવી છે.

૩.ચુંટણી સંચાલનના નિયમોમાં થયેલ સુધારા અનુસાર નિયમ-૧૮(એફ)(૧)અનુસાર ટપાલ મતપત્ર તથા સ્થળપ્રતનો નમુનો,તેની બાબતો રાજ્ય ચુંટણી પંચે નકકી કરવાના રહે છે.

રાજ્ય ચુંટણી પંચ સર્વિસ વોટર્સ માટે ટપાલ મતપત્રનો નમુના નં.૧૧-અ નીચે પ્રમાણે નકકી કરે છે.

(૧)ટપાલ મતપત્રનો તથા અડધીયાનો પહોળાઇ ૩ થી ૪ ઈંચની રાખવાનો રહેશે.

(૨)અડધીયુ ટપાલ મતપત્રની ઉપરની બાજુએ રાખવાનું રહેશે.

(૩)અડધીયાના મથાળે ૧ ઇ.એમ.નો કાળી હદરેખા (બોર્ડર)દર્શાવવાનો રહેશે.

(૪)અડધીયાની લંબાઇ ૧૫ ઇ.એમ.જેટલી રાખવાની રહેશે.

(૫)ટપાલ મતપત્ર તથા અડધીયુ સફેદ રંગના ૭૦ જી.એસ.એમ પ્રકારના કાગળમાં કાળા રંગમાં છાપવાનું રહેશે.

(૬)ટપાલ મતપત્ર તથા અડધીયામાં ગુજરાતી ભાષામાં વિગતો લખવાનો રહેશે.

(૭)અડધીયા તથા ટપાલ મતપત્ર વચ્ચે તુટક લીટી દર્શાવવાની રહેશે.અને તુટક લીટીની ઉપર તથા નીચેની બાજુએ એટલે કે અડધીયાની નીચેની હદ પુરી થતી અને ટપાલ મતપત્રની ઉપરની હદ શરૂ થતી દર્શાવવા માટે ૧ ઇ.એમ.નો શેડેડ એરીયા દર્શાવતી હદ રેખા દર્શાવવાની રહેશે.

(૮)અડધીયામાં નીચેની વિગત દર્શાવવાની રહેશે.

.....મહાનગરપાલિકાની ચુંટણી વર્ષ.....
×સામાન્ય/પેટા/મધ્યસત્ર ચુંટણી વોર્ડ નં.....
(×લાગુ ન પડતા શબ્દો છેકી કાઢવા) મતદાન મથકનું નામ.....

ટપાલ-મતપત્ર

મતદાન મથકનો નંબર.....
મતદારનો અનુક્રમ નંબર.....
મતપત્રનો અનુક્રમ નંબર.....

(૯)ટપાલ મતપત્રમાં મથાળાના શરૂઆતના ભાગે નીચે પ્રમાણેની વિગત દર્શાવવાની રહેશે.

.....મહાનગરપાલિકાની
×સામાન્ય/પેટા/મધ્યસત્ર ચુંટણી ચુંટણી વર્ષ.....
(×લાગુ ન પડતાં શબ્દો છેકી કાઢવા) વોર્ડ નં.....

ટપાલ-મતપત્ર

મતપત્રનો અનુક્રમનંબર.....

(૧૦)ટપાલ મતપત્રમાં નમુના-૧૬ પ્રમાણેના હરીફ ઉમેદવારોના નામ દર્શાવવાના રહેશે.હરીફ ઉમેદવારના નામ સામે પ્રતિક છાપવાના નથી.હરીફ ઉમેદવાર માન્ય રાજકીય પક્ષના હોય,તો ઉમેદવારના નામ સાથે પક્ષનું નામ દર્શાવવાનું છે.

(૧૧)દરેક હરીફ ઉમેદવારોને ૬ ઇ.એમ.જેટલી સરખી જગા ફાળવવાની છે.

(૧૨)ચુંટણીમાં ૯ સુધી હરીફ ઉમેદવારો હોય ત્યારે મતપત્ર એક ભાગમાં છાપવાનું છે.૯ કરતાં વધુ હરીફ ઉમેદવારો હોય તો મતપત્ર બે કે તેથી વધુ ભાગમાં છાપવાનું રહેશે.ટપાલ મતપત્રના નીચેના ભાગે ૧ ઇ.એમ.નો કાળી હદ રેખા(બોર્ડર)છાપવાની રહેશે.

INDEX

(૧૩)ટપાલ મતપત્ર બે કે વધુ ભાગ/હરોળમાં છાપવાનું હોય ત્યારે બે ભાગ વચ્ચે ૧ ઇ.એમ.નો ઉભો કાળો પટ્ટો છાપવાનો રહેશે.

(૧૪)એક ઉમેદવાર અને બીજા ઉમેદવારને ફાળવેલ જગા વચ્ચે ૧ ઇ.એમનો કાળો પટ્ટો છાપવાનો રહેશે.

૪)ચુંટણી ફરજ પરના મતદારો, સ્પેશ્યલ વોટર્સ અને નિવારણ અટકાયત હેઠળના મતદારો માટેનું ટપાલ મતપત્ર નમુના-૧૧ પ્રમાણેના સામાન્ય મતપત્ર મુજબનું રહેશે.આ પ્રકારના મતદારોને ઇસ્યુ કરવામાં આવતા મતપત્ર તથા અડધીયાની પાછળ ''ટપાલ મતપત્ર'' એ મુજબ સિક્કો કરવાનો રહેશે.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

Extra No. 191

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JUNE 26, 2000/ASADHA 5, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચની કચેરી

રાજ્ય ચુંટણી પંચ,

નવા સચિવાલય,ગાંધીનગર

તારીખ૨૬-૫-૨૦૦૦

ક્રમાંક-રાચપ-ચટણ-સચલ-ફોર્મ્સ-૨૦૦૦

આ દે શ:-

રાજ્ય સરકારે મહાનગરપાલિકાની ચુંટણી માટેના મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (નો ચુંટણી કરવા)બાબતના નિયમો-૧૯૯૪ને મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (નો ચુંટણી કરવા)બાબત (સુધારા)નિયમો-૨૦૦૦થી સુધાર્યા છે.તદ્નુસાર નિયમ-૧૬નો પેટા નિયમ-૧ હેઠળ 'ક' તથા 'ખ' ઉમેરી નમુના-૬માં હરીફ ઉમેદ્વારોના નામો વર્ગીકૃત કરવા જોગવાઇ દાખલ કરવામાં આવી છે.

૨. ભારતના સંવિધાનની કલમ-૨૪૩(ઝ-ક)તથા મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન(નો ચુંટણી કરવા)બાબતના નિયમો-૧૯૯૪ના નિયમ-૮૨થી મળેલ સત્તાની રૂઇએ રાજ્ય ચુંટણી પંચ, મુંબઇ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (નો ચુંટણી કરવા)બાબતના નિયમો-૧૯૯૪ ના નિયમ-૧૦ તથા ૧૬ હેઠળ નકકી થયેલ નમુના નં.૪ તથા ૬ના અનુક્રમે કોલમ(૧)થી (૫)તથા કોલમ (૧) થી (૬)ના મથાળા નીચે ઉમેદ્વારોના નામો નીચે પ્રમાણે ગુજરાતી કકકાવારી પ્રમાણે વર્ગીકૃત કરવા આદેશ કરે છે.

''(અ)માન્ય રાજકીય પક્ષના ઉમેદ્વારો.

(બ)ઉપર (અ)માં જણાવેલા સિવાયના નોંધાયેલા (રજીસ્ટર્ડ)રાજકીય પક્ષના ઉમેદ્વારો.

(ક)અન્ય ઉમેદ્વારો

ઉપર પ્રમાણે (અ),(બ) તથા (ક) પ્રમાણેનાં મથાળાં બાંધવાના રહેશે નહીં પરંતુ ફકત ઉમેદ્વારોના નામ ગુજરાતી કકકાવારી પ્રમાણે વર્ગીકૃત કરવાનાં રહેશે.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 192 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JUNE 26, 2000/ASADHA 5, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-I) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નં.૯, ૬ ઠ્ઠો માળ,
નવા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૪-૫-૨૦૦૦.

ક્રમાંક:રાચપ/ચટણ/મનપા/ચમન/૨૦૦૦

વંચાણે લીધું :- ૧) રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક:રાચપ/ચટણ/મનપા/ચમન/૨૦૦૦ તા. ૧૦-૪-૨૦૦૦

સુધારા આદેશ :-

રાજ્ય ચુંટણી પંચે આમુખ -૧ પરના આદેશથી મહાનગરપાલીકાઓની સામાન્ય ચુંટણી માટે ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીઓની નિયુકિત કરેલ છે.

તા. ૧૦-૪-૨૦૦૦ ના આદેશની અનુસુચિના અનુક્રમ નં. ૩ પર દર્શાવેલ જામનગર મહાનગરપાલીકાની વોર્ડ નં. ૧૨ થી ૧૩ તથા અ.નં. ૪ પર દર્શાવેલ રાજકોટ મહાનગરપાલીકાની વોર્ડ નં.૧૯ થી ૨૦ માટે કોલમ નં. ૫ માં જણાવેલ અધિકારીઓની નિયુકિત રદ કરીને તેને બદલે નીચે પત્રક મુજબના કોલમ નં. ૫ માં જણાવેલ અધિકારીઓની /મદદનીશ ચુંટણી અધિકારી તરીકે નિયુકિત કરવા રાજ્ય ચુંટણી પંચ આદેશ કરે છે.

INDEX

પ ત્ર ક

ક્ર.નં.	મહાનગરપાલીકા નું નામ	વોર્ડનંબર	નિયુક્ત કરેલ ચુંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચુંટણી અધિકારીનો હોદ્દો
૧	૨	૩	૪	૫
૧)	જામનગર	૧૨થી૧૩	મુખ્ય કારોબારી અધિકારી, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ, જામનગર.	ડીસ્ટ્રીકટ ઈન્સપેકટર(બોર્ડ) લેન્ડ રેકર્ડઝ, જામનગર.
૨)	રાજકોટ	૧૯થી૨૦	નાયબ કમિશ્નર, મનોરંજનકર, રાજકોટ	સીટી સર્વે સુપ્રી-ટે-ડે-ટની ન.૩, બહુમાળી ભવન, ૬/૫, રાજકોટ.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 193 REGISTERED NO. G/GNR/2



सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JUNE 26, 2000/ASADHA 5, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ

બ્લોક નંબર ૨૯, ૬ઠ્ઠો માળ,

નવા સચિવાલય,ગાંધીનગર

તારીખ ૨૯-૫-૨૦૦૦

ક્રમાંક-રાચપ-સમક-તા.૫.-મેડઘ્રહમા-૨૦૦૦

વંચાણમાં લીધા : ૧)રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક-રાચપ-સમક-તા.પં-મેડઘ્રહમા-૯૫ તા.૨-૩-૯૫

૨)સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૩૧-૧૨-૯૯ના ઓર્ડર નંબર. જીએચએમ-૯૯-૧૧૫-પીએફઆર-૧૦૯૭-૨૫૮૭-એલ.

સુધારા આદેશ :-

૧.ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦(૪) અન્વયે તાલુકા પંચાયત માટે બેઠકોની કુલ સંખ્યા તેમજ કલમ-૧૦(૫)અન્વયે તાલુકા પંચાયતની કુલ બેઠકો પૈકી અનુસુચિત જાતિ,અનુસુચિત આદિજાતિ,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તથા સ્ત્રીઓ માટે બેઠકોની સંખ્યા નકકી કરવા અંગે વિકાસ કમિશ્નરશ્રી,ગાંધીનગરને મળેલ અધિકારો અન્વયે વિકાસ કમિશ્નરશ્રી,ગાંધીનગરએ તેમના તા.૯-૧૧-૯૪ના જાહેરનામા ક્રમાંક-ડીસી-ઇએલસી-એલ.૪-ટી.પી-૨૩૯૬(૧૫)૯૪થી સાબરકાંઠા જિલ્લાની મેડઘ્રહમા તાલુકા પંચાયત માટે બેઠકો નકકી કરી છે.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક-ઠેપી-૨૧૧-૧૯૯૪-ઇએલસી-૧૦૯૪-૪૮-ગ તા.૮-૯-૯૪થી ગુજરાત તાલુકા/જિલ્લા પંચાયત ચુંટણી (અનામત બેઠકો વારાફરતી ફાળવવા)ઓર્ડરના નિયમોની જોગવાઇ મુજબ અનુસુચિત જાતિ,અનુસુચિત આદિજાતિ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે અનામત વારાફરતી બેઠકો ફાળવણી કરવાના અધિકારો રાજ્ય ચુંટણી પંચમાં નિહીત થયેલ છે.

INDEX

૨.વંચાણમાં લીધા સાદ્ત ૧ સાબરકાંઠા જિલ્લાની મેડબ્રહ્મા તાલુકા પંચાયત પ્રાદેશિક મતદાર મંડળો રચવા માટે પંચે આદેશ કરેલા છે.

૩.વંચાણમાં લીધા સાદ્ત-૨ અન્વયે સરકારશ્રીની મહેસુલ વિભાગના તા. ૩૧-૧૨-૯૯ના ઓર્ડરનંબર.જીએચએમ-૯૯-૧૧૫-પીએફઆર-૧૦૯૭-૨૫૮૭-એલથી મેડબ્રહ્મા તાલુકાનું ગોતા ગામ વડાલી તાલુકામાં સમાવિષ્ટ કરવા માટે ઠરાવેલ છે.રાજ્ય ચુંટણી પંચના સાદ્ત-૧વાળા આદેશથી નકકી થયા મુજબ ગોતા ગામ હાલ મેડબ્રહ્મા તાલુકાના ૧૨-લક્ષ્મીપુરા મતદાર મંડળમાં મુકાયેલું છે.

૪.હવે ગોતા ગામ વડાલી તાલુકામાં મુકવામાં આવતા કલેકટરશ્રી સાબરકાંઠાએ ગોતા ગામને મેડબ્રહ્મા તાલુકાના ૧૨.લક્ષ્મીપુરા મતદાર મંડળમાંથી બાદ કરી નવરચિત વડાલી તાલુકાના ૯-મેઘ મતદાર મંડળમાં દાખલ કરવા માટે અને બંને તાલુકાના બંને મતદાર મંડળના સામાન્ય ક્રમાંક:તથા અનુસુચિત જાતિ/અનુસૂચિત જનજાતિની વસ્તીની ટકાવારીના ધોરણે માસ ક્રમાંકની દરખાસ્ત રાજ્ય ચૂંટણી પંચને કરી છે.૧૨.લક્ષ્મીપુરા મતદાર મંડળમાંથી ગોતા ગામ બાદ થતાં ૧૨-લક્ષ્મીપુરા મતદાર મંડળનો અનુસુચિત જાતિ માટેનો માસ ક્રમાંક ૧ રહે છે અને અનુસુચિત આદિજાતિ માટેનો માસ ક્રમાંક.૧૯ જેમનો તેમ રહે છે.

આમ કલેકટરશ્રી સાબરકાંઠા તરફથી રજુ થયેલ દરખાસ્ત તપાસતાં યથાર્થ જણાયેલ છે.

૫.આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ડ)તથા ૨૪૩ (વ) (ક) તેમજ ઉપરોકત અધિનિયમ તેમજ નિયમો અન્વયે મળેલી સત્તાની રૂઇએ રાજ્ય ચુંટણી પંચ મેડબ્રહ્મા તાલુકા પંચાયત માટે કોલમ નં.૩માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોમાં અંશત: સુધારો કરવા અને કોલમ નં.૫માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

તાલુકાનું નામ	મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોના નામ		મતદાર મંડળનો માસક્રમાંક	
			અ.નં.	ગામનું નામ	અનુસુચિત જાતિનો બેઠક માટે	અનુસુચિત આદિજાતિનો બેઠક માટે
૧	૨	૩	૪	૫	૬	૭
મેડબ્રહ્મા	૧૨	લક્ષ્મીપુરા	૧.	લક્ષ્મીપુરા	૧	૧૯
			૨.	ગલોડીયા		
			૩.	કરૂન્ડા		

૬. મેડબ્રહ્મા તાલુકા પંચાયતના ૧૨.લક્ષ્મીપુરા મતદાર મંડળ માટે અનુસુચિત જાતિ અને અનુસુચિત આદિજાતિનો બેઠક માટેનો માસ ક્રમાંક.અનુક્રમ ૧ અને ૧૯ જેમનો તેમ રહે છે.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 194

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JUNE 26, 2000/ASADHA 5, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર

તા. ૩૬–૫–૨૦૦૦

ક્રમાંક : રાચપ–પચત–મતય–જીતાપં–૨૦૦૦

વિષય : જિલ્લા/તાલુકા પંચાયતોની સને ૨૦૦૦ની સ્થિતિની મૂળ મતદારયાદીઓ તૈયાર કરવા તથા પ્રસિધ્ધ કરવા બાબત.

: આદેશ :

૧. રાજ્યની જિલ્લા/તાલુકા/ગ્રામ પંચાયતોની તથા સરપંચની ચૂંટણી માટે મતદારયાદીઓ તૈયાર કરવા તથા પ્રસિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર તરફથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪માં જોગવાઈ કરવામાં આવેલ છે.

૨. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૭,૧૮, તથા ૨૦(૧) અન્વયે ગુજરાત રાજ્યની તમામ જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદાર વિભાગવાર તૈયાર કરેલ મતદારયાદીઓ રાખવા અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કલમ–૨૦(૨) તથા ૨૦(૭) અન્વયે રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

INDEX

૩. ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૮ તથા ૨૦ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા ચૂંટણી માટે જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદી ઉપરથી જિલ્લા/તાલુકા પંચાયતોની વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવા માટે રાજ્ય ચૂંટણી પંચ તરફથી આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–જીતાપંચાયત–મનઅ–૯૫, તા.૨–૩–૯૫ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–જિતાપં–મનઅ–૯૫, તા.૨૪–૩–૯૫થી સંબંધકર્તા વિસ્તારો માટે નિર્દિષ્ટ સત્તાધિકારી તરીકે સંબંધકર્તા તાલુકા મામલતદારને નિયુક્ત કરવામાં આવેલ છે.

૪. રાજ્ય ચૂંટણી પંચ તરફથી નીચેના આદેશ/પરિપત્ર ક્રમાંક તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ–૩ થી નિયત કરેલ નમૂનાઓ તથા રાજ્ય ચૂંટણી પંચ તરફથી નિયત કરેલ નમૂનાઓ અનુસાર જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદાર વિભાગવાર મતદારયાદીઓ ગુજરાત વિધાનસભાની સને ૧૯૯૫ની સાલની આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓ ઉપરથી નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓ પાસે તૈયાર કરાવી તેની આખરી પ્રસિદ્ધિ સને ૧૯૯૫માં કરવામાં આવેલ છે તે ૧૯૯૫ની સાલની જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગોના મતદાર વિભાગવાર પ્રસિદ્ધ થયેલ મતદારયાદીમાં સુધારા વધારા કરી ૧૯૯૬ ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે ૧૯૯૫ની મતદારયાદીઓની આખરી પ્રસિદ્ધિ સને ૧૯૯૬ તથા ૧૯૯૮ની સાલની પુરવણી મતદારયાદીઓની આખરી પ્રસિદ્ધિ ૧૯૯૬ તથા ૧૯૯૮ની સાલમાં કરવામાં આવેલ છે અને તે રીતે ૧૯૯૫ની સાલની તથા ૧૯૯૫, ૧૯૯૬ તથા ૧૯૯૮ ની સાલની પુરવણી મતદારયાદીઓ અમલમાં છે.

૧. આદેશ ક્રમાંક : રાચપ–પચત–મતય–જીતાપં–૯૫, તા.૩૦–૩–૯૫.
૨. પરિપત્ર ક્રમાંક : રાચપ–પચત–મતય–જીતાપં–૯૫, તા.૫–૪–૯૫.
૩. આદેશ ક્રમાંક : રાચપ–પચત–મતય–જીતાપં–૯૫, તા.૬–૪–૯૫.
૪. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–૯૫, તા.૨૪–૭–૯૫.
૫. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જીતાપં–૯૬, તા.૭–૨–૯૬.
૬. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–૯૮, તા.૧૨–૩–૯૮.
૭. આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જીતાપં–૯૯, તા.૨૧–૩–૯૮.
૮. સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જીતાપં–૯૮, તા.૧–૪–૯૮.

૫. રાજ્ય સરકારે મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ–૧૮૭૯ની કલમ–૭ હેઠળ જિલ્લા/તાલુકાઓની હદમાં પ્રાદેશિક ફેરફાર કરેલ હોઈ રાજ્ય ચૂંટણી પંચે વિભાજન/પુનઃગઠન થયેલા અને નવા રચાયેલા જિલ્લા/તાલુકાની જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોની રચના કરી છે, પ્રાદેશિક ફેરફારથી અસર નહી થયેલા જામનગર અને ડાંગ જિલ્લાની જિલ્લા/તાલુકા પંચાયતો તથા અન્ય ૧૧૪ તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર મતદારયાદીઓમાં સુધારા–વધારા કરી તા.૧–૧–૨૦૦૦ની સ્થિતિએ સને ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ નીચેના આદેશોથી તૈયાર કરી તેની આખરી પ્રસિદ્ધિ નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારો દ્વારા કરવામાં આવી છે. જે ગુજરાત વિધાનસભાની નીચે જણાવેલ સાલની મૂળ મતદારયાદી તથા પૂરવણી મતદારયાદીઓની આખરી પ્રસિદ્ધ થયેલ છે અને અમલમાં છે તે મતદારયાદીઓ ઉપરથી તૈયાર કરી આખરી પ્રસિદ્ધ કરવામાં આવેલ નથી.

INDEX

– સને ૧૯૯૮ની મૂળ મતદારયાદી
– સને ૧૯૯૮ની પૂરવણી મતદારયાદી
– સને ૧૯૯૯ની પૂરવણી મતદારયાદી
– સને ૨૦૦૦ની પૂરવણી મતદારયાદી

ક્રમ	આદેશ ક્રમાંક / તારીખ	આખરી પ્રસિદ્ધિની તારીખ
૧.	આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જિતાપં–૨૦૦૦, તા.૧૭–૧–૨૦૦૦	૧૩–૩–૨૦૦૦
૨.	આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જિતાપં–૨૦૦૦, તા.૨૧–૨–૨૦૦૦ તથા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મતય–જિતાપં–૨૦૦૦, તા.૨૮–૩–૨૦૦૦	૩–૫–૨૦૦૦

૬. રાજ્ય સરકાર તરફથી પ્રાદેશિક ફેરફારથી પુનઃગઠન થયેલા/નવા રચાયેલા જિલ્લા/તાલુકાની જિલ્લા/તાલુકા પંચાયતોના રાજ્ય ચૂંટણી પંચે રચેલા મતદાર મંડળોની વિભાગવાર તા.૧–૧–૨૦૦૦ની સ્થિતિએ સને ૨૦૦૦ની મતદારયાદીઓ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૮ તથા ૨૦ની જોગવાઈઓ અનુસાર તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહે છે.

૭. રાજ્ય સરકાર તરફથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૫૭(૧) હેઠળ રાજ્યની જિલ્લા/તાલુકા પંચાયતોની ચૂંટણીઓ મોકૂફ રાખવામાં આવેલ છે તેથી રાજ્યની તમામ જિલ્લા/તાલુકા પંચાયતોની એક સાથે ચૂંટણી યોજવાપાત્ર બનતી હોઈ તેમજ રાજ્યની તમામ જિલ્લા/તાલુકા પંચાયતોની મતદારયાદીઓ તૈયાર કરવામાં તથા પ્રસિદ્ધ કરવામાં એકસૂત્રતા રાખવાના હેતુથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૮ તથા ૨૦ ની જોગવાઈ અનુસાર ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓ પરથી રાજ્યના તમામ જિલ્લા/તાલુકાની જિલ્લા/તાલુકા પંચાયતનાં મતદાર મંડળોની મતદાર મંડળવાર તા.૧–૧–૨૦૦૦ની સ્થિતિએ સને ૨૦૦૦ની સાલની મતદારયાદીઓ તૈયાર કરવાનું તથા જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગોની વિભાગવાર મતદારયાદીઓ નિર્દિષ્ટ અધિકારી વ તાલુકા મામલતદારોએ તૈયાર કરવા અને તેની પ્રાથમિક તેમજ આખરી પ્રસિદ્ધ કરવા રાજ્ય ચૂંટણી પંચ નકકી કરે છે.

૮. મતદારયાદીઓ નીચે જણાવેલ સુચનાઓ અનુસાર તૈયાર કરવા નકકી કરવામાં આવે છે.

(૧) ભારતના ચૂંટણી પંચ દ્વારા ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની નીચે જણાવેલ સાલમાં તૈયાર કરેલ અને આખરી પ્રસિદ્ધ કરેલ મતદારયાદીને આધારભુત ગણી જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોની વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવાની રહેશે.

૧. ૧૯૯૮ની સાલની મૂળ મતદારયાદી
૨. ૧૯૯૮ની સાલની પુરવણી મતદારયાદી
૩. ૧૯૯૯ની સાલની પુરવણી મતદારયાદી
૪. ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદી

(૨) ગુજરાત વિધાનસભાની મતદારયાદી ઉપરથી જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની મતદારયાદી નીચેની સુચના મુજબ વિભાગવાર તૈયાર કરવાની રહેશે.

૧. મુખ્ય નિર્વાચન અધિકારી ગુજરાત રાજ્ય, ગાંધીનગરે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ માટે ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓની ૧૦ (દસ) નકલો વિના મૂલ્યે પુરી પાડવા માટે સર્વે કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને પત્ર ક્રમાંક : ઈએલઆર–૧૦–૨૦૦૦–૭૫૭–છ, તા.૧૦–૩–૨૦૦૦થી સૂચના આપી છે. આથી જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર મંડળોમાં સમાવિષ્ટ ગામોની ગુજરાત વિધાનસભાની તા.૧–૧–૨૦૦૦ની સ્થિતિએ પ્રસિદ્ધ થયેલ મતદારયાદીની દસ નકલો જિલ્લા કલેકટર કચેરી મારફતે મેળવીને આ મતદારયાદીનાં મથાળા પર, રાજ્ય ચૂંટણી પંચે નકકી કરેલ નમૂના નંબર–૨ મુજબનાં મથાળાં ટાઈપ કરી તૈયાર કરી ચોંટાડવાનાં રહેશે. વિધાનસભા મતદારયાદીની ૧૯૯૮,૧૯૯૯ તથા ૨૦૦૦ની પુરવણી મતદારયાદીનાં મથાળાં સફેદ કોરા કાગળ ચોંટાડી ઢાંકી દેવાનાં રહેશે, પરંતુ મતદારયાદી અને પુરવણી યાદીના કોલમો ૧ થી ૮ ઢાંકવાના નથી. તેજ પ્રમાણે મતદારયાદીના છેલ્લા પાને જયાં જયાં વિધાનસભા મતદારયાદીના મતદાર નોંધણી અધિકારીના હોદ્દા અને સહી સિક્કા છે તેના પર કાગળ ચોંટાડીને જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર મંડળનો મતદારયાદીના નિર્દિષ્ટ અધિકારી અને તાલુકા મામલતદારના હોદ્દાના સિક્કા લગાવી તૈયાર કરવાની રહેશે. મૂળ મતદારયાદીના અંતે કે વચ્ચેના વર્ષની પુરવણીના અંતે વિધાનસભા મતદારયાદીના મતદાર નોંધણી અધિકારીના સહી સિક્કા/હોદ્દો અને તારીખ છાપેલા હોય તે પણ સફેદ કાગળની પટ્ટી ચોંટાડીને ઢાંકી દેવાનાં રહેશે. મતદારયાદીના પાનાના ઉપરના ભાગે વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીને લગતી છાપેલી બાબતો તથા પાનાના નીચેના ભાગે 'પૃષ્ટ નંબર', 'ભાગનંબર' 'મતદાર વિભાગ'ને લગતી છાપેલી બાબતો પણ કાગળની પટ્ટી ચોંટાડીને ઢાંકી દેવાની રહેશે. પરંતુ 'સંબંધ', 'જાતિ', ઉમર તથા 'ફોટો ઓળખપત્ર'ની સમજૂતિની નોંધો ખુલ્લી રાખવાની રહેશે મતદારયાદીના વચ્ચેના પાનાઓમાં "ભાગ અને મતદાન મથકના મતદારોનું સંક્ષિપ્ત વિવરણ" અને "પુરવણીની વિગતો" પણ ઢાંકી દેવાની રહેશે. હાલના તબકકે આવી રીતે દરેક ગામ/વિભાગની મતદારયાદીના ૧૦–૧૦ સેટ તૈયાર કરવાના રહેશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા જયારે જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર મંડળોની મતદારયાદી પ્રસિદ્ધિ કરવા કાર્યક્રમ આપવામાં આવે ત્યારે જિલ્લા / તાલુકા પંચાયત મતદારયાદીના નિર્દિષ્ટ અધિકારીઓએ મતદારયાદીના છેલ્લા પાને સ્થળ, તારીખ અને હોદ્દા લખીને સહીઓ કરી મતદારયાદી પ્રસિદ્ધ કરવાની રહેશે.

મથ્થાળાં તથા અન્ય જગાએ લગાવેલ કાગળ–પટ્ટીઓ ભવિષ્યે ખૂલી ન જાય તે માટે ગુંદરથી ચોંટાડવાનાં રહેશે.

INDEX

૨. રાજ્ય ચૂંટણી પંચના તા.૧૨–૩–૯૮ના આદેશથી નકકી કરેલ નમૂના નંબર–૨ પ્રમાણે મતદાર વિભાગ મંડળમાં સમાવિષ્ટ કરેલ ગામોની ગામવાર મતદારયાદી તૈયાર કરવાની છે અને મતદારયાદીમાં સમાન્યતઃ વિધાનસભાની મતદારયાદીમાં રાખેલ હોય તેટલા મતદારોનો સમાવેશ કરવાનો રહેશે. તેના કરતા વધુ મતદારોનો એ જ વિભાગમાં સમાવેશ કરવાનો નથી પરંતુ બીજો વિભાગ બનાવવાનો રહેશે. અને તે રીતે દરેક વિભાગના મતદારોને ક્રમ નંબર ૧ થી સળંગ આપવાના રહેશે. વિધાનસભાની મતદારયાદીના એક જુથ / વિભાગમાં બે ગામોના મતદારોનો સમાવેશ કરેલો હોય અને જો બંન્ને ગામો તાલુકા પંચાયતના એક જ મતદાર મંડળમાં સમાવિષ્ટ હોય તો ઉપર ક્રમ ૧ પ્રમાણે મતદારયાદી તૈયાર કરવાની રહેશે. જો બંન્ને ગામો તાલુકા પંચાયતના અલગ અલગ મતદાર મંડળમાં સમાવિષ્ટ હોય તો તે બંને ગામોના મતદારોં જુદા પાડી તે ગામોની યાદીમાં મતદારોના ક્રમ નંબર ૧ થી શરૂ કરી સળંગ આપવાના રહેશે અને તેને અલગ વિભાગ નંબર આપવાનો રહેશે. દા.ત. સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના ધજાળા અને સેજકપર ગામોના મતદારોનો વિધાનસભાના મતદાર વિભાગ–૧૦ ચોટીલાના ભાગ નંબર ૧૫૧/૧૯૦માં સમાવેશ થયેલ છે પરંતુ આ બંન્ને ગામો તાલુકા પંચાયત સાયલાના અનુક્રમે ૨–ધજાળા તથા ૧૩–સેજકપર મતદાર મંડળમાં સમાવેશ થયાં છે. આથી તાલુકા પંચાયત સાયલાની મતદારયાદી તૈયાર કરવામાં વિધાનસભાના ભાગ નંબર ૧૫૧/૧૯૦ ના બંન્ને ગામોના મતદારો અલગ કરીને દરેક યાદીમાં ક્રમાંક ૧ થી શરૂ કરી સળંગ ક્રમ આપવાના છે.

૩. મતદાર વિભાગમાં સમાવિષ્ટ કરેલ તમામ ગામોની વિભાગ પ્રમાણેની મતદારયાદી તૈયાર કરવામાં આવે તેના દરેક વિભાગમાં વિભાગ નંબર ૧ થી શરૂ કરી ક્રમાનુસાર આપવાના રહેશે. જેમકે, એક મતદાર વિભાગમાં ૧૫ વિભાગ પાડયા હોય તો વિભાગવાર યાદીનો વિભાગ ક્રમાંક ૧/૧૫, ૨/૧૫, ૩/૧૫ તે મુજબ ક્રમાનુસાર આપી છેવટે ૧૫/૧૫ એ મુજબ આપવાના રહેશે.

૪. જિલ્લા/તાલુકા પંચાયતની મતદાર વિભાગવાર મૂળ મતદારયાદીઓ સાથે, વિધાનસભા મતદારયાદીના રોલ/સેટ સાથેના સર્વીસ વોટર્સની યાદી પ્રમાણેના સર્વીસ મતદારોનાં નામો તેઓના વતનના સરનામા મુજબના ગામોની મતદારયાદીઓ સાથે સર્વીસ વોટર્સની મતદારયાદી નમૂના નંબર – ૬ મુજબ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહેશે.

૫. મતદાર વિભાગવાર નમૂના નંબર–૨ મુજબની મતદારયાદી, નમૂના–૬ મુજબની સર્વીસ મતદારોની યાદી, નમૂના–૫ મુજબની પુરવણી મતદારયાદી તથા નમૂના–૭ મુજબની સર્વીસ મતદારોની પુરવણી મતદારયાદીના મથાળામાં વર્ષ '૨૦૦૦' એ મુજબ દર્શાવવાનું રહેશે.

૬. જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદારયાદી, ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીની નકલો પરથી મથાળા બદલીને તૈયાર કરવાની હોઈ, મતદારયાદીમાં મતદારની ઉમરમાં કોઈ સુધારો કરવાનો નથી.

(૩) જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોવાળા ગામમાં તે જ ગામના વિસ્તારના મતદારોનો સમાવેશ કરવાનો રહેશે. મહાનગરપાલિકા/નગરપાલિકા/નગરપંચાયત જેવા શહેરી વિસ્તારોની હદમાં હોય તેવા શહેરી વિસ્તારોના ઘરનંબરોવાળા અને ઘરનંબરો વગરના ઘરોમાં રહેતા મતદારોના નામનો જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગમાં સમાવિષ્ટ ગામોની મતદારયાદીમાં સમાવેશ કરવાનો નથી તેની ખાસ નોંધ રાખવાની રહેશે.

(૪) વિધાનસભાની મતદારયાદીની નકલો પરથી જિલ્લા/તાલુકા પંચાયતની મતદાર વિભાગવાર તૈયાર કરવામાં આવનાર મતદારયાદીની અનુક્રમણિકા તા. ૩૦–૩–૯૫ના આદેશ સાથેના નમૂના નંબર–૧ મુજબ વિભાગવાર અને મતદારોના ઘરનંબરોની વિગતો સાથે તૈયાર કરી મતદારયાદીના આગળના ભાગે રાખવાની છે.

(૫) વિધાનસભાની મતદારયાદી ઉપરથી કોમ્પ્યુટરાઈઝડ કરાવેલ મતદારયાદી ઉપરથી તૈયાર કરાવેલ મતદાર વિભાગવાર મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ–૩ માં જણાવેલ સ્થળોએ કરવાની રહેશે. આવી પ્રસિદ્ધિ તા.૩૦–૩–૯૫ના આદેશ સાથેના નમૂના નંબર–૩ મુજબ જાહેર નોટીસ આપીને કરવાની છે.

(૬) જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોની વિભાગવાર મુસદ્દારૂપ તૈયાર કરાવેલ મતદારયાદી નિયમોમાં કરેલ જોગવાઈ મુજબ પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખથી નિયત કરેલ દિવસો સુધી લોકોના જોવા માટે રાખવાની છે. દાવા રજુ કરવા માટે નિયત કરેલ દિવસો દરમ્યાન આ યાદીમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦(૩) (૪) મુજબ તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૩ ની જોગવાઈ મુજબ નીચેની વિગતે નમૂના નંબર–૧ (ક) તથા ૧(ખ) ના ફોર્મમાં નિર્દિષ્ટ સત્તાધિકારી એટલે કે તાલુકા મામલતદારને અરજી/દાવા રજુ કરવાના રહેશે.

– ૪ –

INDEX

૧.	ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦ (૪) મુજબ જિલ્લા/તાલુકા પંચાયતની વિભાગવાર મતદારયાદીમાં નામ નોંધાવવા માટે હકદાર વ્યકિતએ નામ દાખલ કરવાની દાવા અરજી	નમૂના નંબર ૧ (ક)
૨.	જિલ્લા/તાલુકા પંચાયતની વિભાગવાર મતદારયાદીમાં દાખલ કરેલ નામની વિગતો સુધારવા, નામ કમી કરવા અને દાખલ કરવાનું રહી ગયેલ નામ દાખલ કરવાની દાવા/અરજી	નમૂના નંબર ૧ (ખ)

નમૂનાં નંબર–૧ (ક) તથા ૧(ખ) ના ફોર્મ અગર નમૂના સંબંધકર્તા તાલુકાની મામલતદાર કચેરીમાંથી મળી શકે તે માટે ઉપલબ્ધ રાખવાના રહેશે. નમૂના નંબર ૧ (ક) તથા ૧(ખ) ના નમૂના / ફોર્મ મુજબ કોઈ વ્યકિત કે સંગઠન પોતે કરેલા ટાઈપ કે સાઈકલોસ્ટાઈલ કરાવેલ નમૂનામાં અરજી/દાવો રજુ કરવા માંગતો હશે તો આવી અરજી / દાવા સ્વીકારવામાં હરકત નથી આવી અરજીમાં દાવાદારે પોતે જાતે સહી કે અંગુઠાનું નિશાન કરવાનું રહેશે. અરજી/ દાવો રજુ થયેથી તે અંગેની પહોંચ આપવાની રહેશે.

(૭) નમૂના નંબર–૧ (ક) તથા ૧(ખ) નાં નિયત નમૂનામાં અરજી / દાવા રજુ થયેથી નિર્દિષ્ટ અધિકારીએ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ – ૩(ક) (ખ) (ગ)ની જોગવાઈઓ મુજબ નિયમાનુસાર કાર્યવાહી કરી દાવો ગ્રાહય રાખવાપાત્ર જણાતો હોય તો નમૂના નંબર ૧ (ક) તથા ૧(ખ) માં કરેલ માંગણી મુજબ તૈયાર કરેલ મતદારયાદીમાં નવીન નામ દાખલ કરવાના, રહી ગયેલ નામ ઉમેરવા, નામની વિગત સુધારવા અને નામ કમી કરવા નિર્દિષ્ટ સત્તાધિકારીએ હુકમ કરવાનો રહેશે.

(૮) ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦(૩) મુજબ વિધાનસભાની મતદારયાદી ઉપરથી તૈયાર કરેલ જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોની મતદારયાદી વિધાનસભાની યાદી સાથે કોઈપણ કારણસર સુસંગત નથી તો વિધાનસભાની મતદારયાદીને અનુરૂપ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગ માટે નિર્દિષ્ટ સત્તાધિકારી એટલે કે મામલતદાર સ્વતઃ પોતાની મેળે કોઈ અરજી સિવાય સુધારો કરી શકશે તેવી જ રીતે કોઈ કારકુની ભુલ રહેવા પામી હોય તો તે પણ સુધારી શકાશે.

(૯) નિર્દિષ્ટ અધિકારીએ કરેલ હુકમો ઉપરથી નવીન મતદારોના અને રહી ગયેલ મતદારોના નામોની યાદી ઘરનંબરોના ક્રમાનુસાર લત્તાવાર તૈયાર કરવાની રહેશે અને અગાઉ તૈયાર કરેલ મતદારયાદીમાં આપેલ અનુક્રમ નંબરોથી આગળ અનુક્રમાંક આપી વધારાના મતદારોની યાદી રાજય ચૂંટણી પંચના તા.૧૨–૩–૯૮ ના આદેશ સાથેના નમૂના નંબર–૫ મુજબ પુરવણી મતદારયાદી તરીકે તૈયાર કરવાની રહેશે આ મતદારયાદી ઉપરની સૂચનાઓ મુજબ ટાઈપ/સાઈકલોસ્ટાઈલ કરાવી મતદાર વિભાગવાર બંધાવીને તૈયાર રાખવાની રહેશે.

(૧૦) વિધાનસભાની મતદારયાદી ઉપરથી જિલ્લા/તાલુકા પંચાયતના મતદાર વિભાગોની મતદારયાદી તૈયાર કરી આખરી પ્રસિદ્ધિ કરવામાં આવે ત્યારે દરેક મતદાર વિભાગની મતદારયાદી સાથે છેવટના પાને આ સાથે સામેલ રાખેલ નમૂના પ્રમાણેનું પ્રમાણપત્ર નિર્દિષ્ટ સત્તાધિકારીએ આપવાનાં રહેશે.

(૧૧) ઉપર પેરાઓ મુજબ તૈયાર થયેલ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદારયાદીઓની આખરી પ્રસિદ્ધિ નિયમ–૩ મુજબ વિભાગવાર કરવાની રહેશે અને યાદી સાથે નિયમોથી વિહિત થયેલ નમૂના નંબર–૧ મુજબના નમૂના પ્રમાણે જાહેર નોટીસ સાથે પ્રસિદ્ધ કરવાની છે અને આ રીતે આખરી પ્રસિદ્ધિ થયેલ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદારયાદીની ૨૫ નકલો ઝેરોક્ષ કરાવીને જિલ્લા/તાલુકા પંચાયતોની સામાન્ય/પેટા/મધ્યસત્ર ચૂંટણી માટે ઉપયોગમાં લેવાની રહેશે.

(૧૨) જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગની વિભાગવાર યાદીમાં છેવટે પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ દર્શાવવી અને પુરવણી યાદી સાથે આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદી માટે પુરવણી મતદાર યાદીમાં આખરી પ્રસિદ્ધિની તારીખ દર્શાવવી પુરવણી મતદારયાદી ન હોય ત્યારે તો પણ નીચે મુજબની વિગત જે તે મથાળા નીચે દર્શાવીને પુરવણી મતદારયાદી દરેક ગામોની અલગ અલગ તૈયાર કરી પ્રસિદ્ધ કરવાની રહેશે.

૧. વધારાના નામોની યાદી નથી.
૨. સુધારા નામોની યાદી નથી.
૩. કમી નામોની યાદી નથી.

નિર્દિષ્ટ સત્તાધિકારી

તા. .....તાલુકા પંચાયત મતદાર મંડળ અને
હોદ્દો .....

INDEX

(૧૩) રાજ્ય ચૂંટણી પંચના તા.૩૦-૫-૯૫થી નક્કી કરેલ નમૂના નંબર-૧, ૩ તથા તા.૧૨-૩-૯૮ના આદેશથી નક્કી કરેલ નમૂના નંબર- ૨,૫, ૬ તથા ૭ ની નકલો નિર્દિષ્ટ અધિકારીઓના ઉપયોગ સારૂ આ સાથે સામેલ રાખેલ છે.

૯. ઉપર પેરા-૬ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા.૩-૫-૯૫ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારીપત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે, નામ સુધારી શકાશે અને નામો કમી કરી શકાશે અને તે માટે પુરવણી મતદારયાદી નંબર-૧ નમૂના નંબર ૫(૧)માં તૈયાર કરવાની રહેશે.

આ આદેશ અનુસાર જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરી રાજ્ય ચૂંટણી પંચ તરફથી આપવામાં આવે ત્યારે કાર્યક્રમ અનુસાર પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કરવા તથા આદેશ અનુસાર અમલ કરવા માટે સંબંધકર્તા તમામ નિર્દિષ્ટ અધિકારી વ તમામ મામલતદારશ્રીઓને સુચનાઓ આ આદેશની નકલો સાથે આપવા સંબંધકર્તા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓને જણાવવામાં આવે છે.

યો. જે. દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

નમૂના નંબર : ૧

.....જિલ્લા પંચાયતની મતદારયાદી સને ૨૦૦૦ની અનુક્રમણિકા.

.....જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ .....

તાલુકાનું નામ..... ગામનું નામ.....

અનુક્રમ નંબર	ગામનું નામ	વિભાગ નંબર	મતદારયાદીના અનુક્રમ નંબરો/ઘરનંબરો અનુક્રમ નંબરથી અનુક્રમ નંબર સુધી	પાનનંબર
૧	૨	૩	૪	૫

નિર્દિષ્ટ સત્તાધિકારી

.....જિલ્લા પંચાયત

મતદાર વિભાગ નંબર ..... નામ.....

અને મામલતદાર .....તાલુકા

INDEX

નમૂના નંબર : ૧

.....તાલુકા પંચાયતની મતદારયાદી સને ૨૦૦૦ની અનુક્રમણિકા.

.....તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ .....

તાલુકાનું નામ..... ગામનું નામ.....

અનુક્રમ નંબર	ગામનું નામ	વિભાગ નંબર	મતદારયાદીના અનુક્રમ નંબરો/ ઘરનંબરો અનુક્રમ નંબરથી અનુક્રમ નંબર સુધી	પાનનંબર
૧	૨	૩	૪	૫

નિર્દિષ્ટ સત્તાધિકારી

.....તાલુકા પંચાયત

મતદાર વિભાગ નંબર ..... નામ.....

અને મામલતદાર .....તાલુકા

નમૂના નંબર : ૨

ગુજરાત વિધાનસભાના .....મતદાર વિભાગની સને ૨૦૦૦ની ..... તાલુકાના .....ગામની મતદારયાદી ઉપરથી તૈયાર કરેલ.

.....જિલ્લા પંચાયત તથા .....તાલુકા પંચાયતની મતદારયાદી સને ૨૦૦૦

..... જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર..... નામ..... તથા તેમાં સમાવિષ્ટ ..... તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ.....

તાલુકાનું નામ ..... ગામનું નામ ..... વિભાગ નંબર .....

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા.૧ જાન્યુઆરી .....ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર પત્રનંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

મતદારોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ :.....

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
.....તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર .....તાલુકા

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
.....તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર .....તાલુકા

સ્થળ :
તારીખ :

INDEX

નમૂના નંબર : ૩

..... જિલ્લા પંચાયતની સને ૨૦૦૦ની સાલની મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની જાહેર નોટીસ

આથી ..... જિલ્લા પંચાયત હદ વિસ્તારમાં મતદારો તથા નાગરિકોને જણાવવામાં આવે છે કે .....જિલ્લા પંચાયતની આગામી સામાન્ય/પેટા ચૂંટણી માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦ની પેટા કલમ ૧ તથા ૨ અનુસાર ગુજરાત વિધાનસભાની મતદારયાદી ઉપરથી .....જિલ્લા પંચાયતના મતદાર વિભાગ નંબર ..... નામ.....માં સમાવિષ્ટ કરેલ ગામોની મુસદ્દારૂપ મતદારયાદીઓ તૈયાર કરવામાં આવેલ છે તે મતદારો તથા નાગરિકોને જોવા માટે નીચેના સ્થળે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

મતદારયાદી જોવા માટેના સ્થળના નામો.

૧. સંબંધકર્તા ગ્રામ પંચાયતની કચેરીએ
૨. સંબંધકર્તા જિલ્લા પંચાયતની કચેરીએ
૩. સંબંધકર્તા તાલુકા પંચાયતની કચેરીએ
૪. સંબંધકર્તા મામલતદારની કચેરીએ

આ પ્રસિદ્ધિને અનુલક્ષીને નીચેની બાબતો તરફ પણ લાયક વ્યકિતનું ધ્યાન દોરવામાં આવે છે.

૧. ઠરાવેલી લાયકાત ધરાવતા જે કોઈ શખ્સનું નામ વિધાનસભાની મતદારયાદી ઉપર તૈયાર કરેલ ..... ગામની/મતદારયાદીમાં ન હોય અને તેવા દરેક શખ્સે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦ની પેટા કલમ ૩ તથા ૪ ની જોગવાઈ મુજબ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ–૩ માં કરેલ સુધારા મુજબ વિહિત થયેલ નમુના નંબર ૧ (ખ) માં તેમજ ગુજરાત વિધાનસભાની મતદારયાદી ઉપરથી તૈયાર કરેલ મતદારયાદીમાં નામ તથા વિગત સુધારવા, નામ કમી કરવા, રહી ગયેલ નામ દાખલ કરવા વિહિત થયેલ નમૂના નંબર–૧(ક) માં મતદારયાદી પ્રસિદ્ધ થયા તારીખથી ..... દિવસની અંદર જે તે મતદાર વિભાગના નિર્દિષ્ટ સત્તાધિકારી/તાલુકા મામલતદાર ને દરેક લેખિત અરજી/દાવા તાલુકા મથકે આવેલી મામલતદારકચેરીમાં રૂબરૂમાં અગર રજીસ્ટર્ડ પોસ્ટથી નિયત સમય મર્યાદામાં મળે તે રીતે મોકલવાની રહેશે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ–૩ અન્વયે વિહિત થયેલ નમૂના નંબર– ૧ (ક) તથા નંબર ૧(ખ) ના નમૂના / ફોર્મ સંબંધકર્તા તાલુકાના મામલતદાર કચેરીમાંથી મળી શકશે. આ નમૂનો મામલતદાર કચેરીમાંથી જ મેળવવો તે જરૂરી નથી. કોઈ વ્યકિત કે સંગઠન નમૂના મુજબની અરજી સાઈકલોસ્ટાઈલ કે પોતે છપાવેલી પણ રજુ કરી શકશે. જે વ્યકિત પોતાનું નામ દાખલ કરવા માંગતી હશે તેમણે અરજી સાથે તેમના રહેઠાણ તથા જન્મ તારીખના પુરાવા જેવા કે રેશનકાર્ડ, જન્મ તારીખનો દાખલો અગર શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ સામેલ રાખવા સલાહ આપવામાં આવે છે.

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત
મતદાર વિભાગ નંબર ..... નામ.....
અને મામલતદાર .....તાલુકા

નમૂના નંબર : ૩

..... તાલુકા પંચાયતની સને ૨૦૦૦ની સાલની મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની જાહેર નોટીસ

આથી .....:..... તાલુકા પંચાયત હદ વિસ્તારમાં મતદારો તથા નાગરિકોને જણાવવામાં આવે છે કે .....તાલુકા પંચાયતની આગામી સામાન્ય/પેટા ચૂંટણી માટે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦ની પેટા કલમ ૧ તથા ૨ અનુસાર ગુજરાત વિધાનસભાની મતદારયાદી ઉપરથી .....તાલુકા પંચાયતના મતદાર વિભાગ નંબર ..... નામ.....માં સમાવિષ્ટ કરેલ ગામોની મુસદ્દારૂપ મતદારયાદીઓ તૈયાર કરવામાં આવેલ છે તે મતદારો તથા નાગરિકોને જોવા માટે નીચેના સ્થળે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

મતદારયાદી જોવા માટેના સ્થળના નામો.

૧. સંબંધકર્તા ગ્રામ પંચાયતની કચેરીએ
૨. સંબંધકર્તા જિલ્લા પંચાયતની કચેરીએ
૩. સંબંધકર્તા તાલુકા પંચાયતની કચેરીએ
૪. સંબંધકર્તા મામલતદારની કચેરીએ

આ પ્રસિદ્ધિને અનુલક્ષીને નીચેની બાબતો તરફ પણ લાયક વ્યકિતનું ધ્યાન દોરવામાં આવે છે.

૧. ઠરાવેલી લાયકાત ધરાવતા જે કોઈ શખ્સનું નામ વિધાનસભાની મતદારયાદી ઉપર તૈયાર કરેલ ..... ગામની/મતદારયાદીમાં ન હોય અને તેવા દરેક શખ્સે ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૨૦ની પેટા કલમ ૩ તથા ૪ ની જોગવાઈ મુજબ ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ–૩ માં કરેલ સુધારા મુજબ વિહિત થયેલ નમુના નંબર ૧ (ખ) માં તેમજ ગુજરાત વિધાનસભાની મતદારયાદી ઉપરથી તૈયાર કરેલ મતદારયાદીમાં નામ તથા વિગત સુધારવા, નામ કમી કરવા, રહી ગયેલ નામ દાખલ કરવા વિહિત થયેલ નમૂના નંબર–૧(ક) માં મતદારયાદી પ્રસિદ્ધ થયા તારીખથી ..... દિવસની અંદર જે તે મતદાર વિભાગના નિર્દિષ્ટ સત્તાધિકારી/તાલુકા મામલતદારને દરેક લેખિત અરજી/દાવા તાલુકા મથકે આવેલી મામલતદાર કચેરીમાં રૂબરૂમાં અગર રજીસ્ટર્ડ પોસ્ટથી નિયત સમય મર્યાદામાં મળે તે રીતે મોકલવાની રહેશે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ–૩ અન્વયે વિહિત થયેલ નમૂના નંબર– ૧ (ક) તથા નંબર ૧(ખ) ના નમૂના / ફોર્મ સંબંધકર્તા તાલુકાના મામલતદાર કચેરીમાંથી મળી શકશે. આ નમૂનો મામલતદાર કચેરીમાંથી જ મેળવવો તે જરૂરી નથી. કોઈ વ્યકિત કે સંગઠન નમૂના મુજબની અરજી સાઈક્લોસ્ટાઈલ કે પોતે છપાવેલી પણ રજુ કરી શકશે. જે વ્યકિત પોતાનું નામ દાખલ કરવા માંગતી હશે તેમણે અરજી સાથે તેમના રહેઠાણ તથા જન્મ તારીખના પુરાવા જેવા કે રેશનકાર્ડ, જન્મ તારીખનો દાખલો અગર શાળા છોડયાના પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ સામેલ રાખવા સલાહ આપવામાં આવે છે.

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....તાલુકા પંચાયત
મતદાર વિભાગ નંબર ..... નામ.....
અને મામલતદાર .....તાલુકા

INDEX

નમૂના નંબર : ૫

.....જિલ્લા પંચાયત તથા .....તાલુકા પંચાયતની મતદારયાદી સને ૨૦૦૦ની પુરવણી મતદારયાદી સને ૨૦૦૦.

..... જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર..... નામ..... તથા તેમાં સમાવિષ્ટ ..... તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ.....

તાલુકાનું નામ ..... ગામનું નામ ..... વિભાગ નંબર .....

વધારાના નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા.૧ જાન્યુઆરી ૨૦૦૦ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર પત્રનંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ :.....

સુધારાના નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભૂલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી : ..... કુલ :.....

કમી નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂં નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષઃ ..... સ્ત્રી : ..... કુલ : .....

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
.....તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર .....તાલુકા

આખરી પ્રસિદ્ધિ કરી

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
.....તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર .....તાલુકા

સ્થળ :

તારીખ :

INDEX

નમૂના નંબર : ૬

ગુજરાત વિધાનસભાના .....મતદાર વિભાગની સને ૨૦૦૦ની ..... તાલુકાના .....ગામની સર્વીસ મતદારોની મતદારયાદી ઉપરથી તૈયાર કરેલ.

.....જિલ્લા પંચાયત તથા .....તાલુકા પંચાયતની સર્વીસ મતદારોની મતદારયાદી સને ૨૦૦૦

..... જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર..... નામ..... તથા તેમાં સમાવિષ્ટ ..... તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ.....

તાલુકાનું નામ ..... ગામનું નામ ..... વિભાગ નંબર .....

અનુક્રમ નંબર	સર્વીસ મતદારનું પુરેપુરૂ નામ	સર્વીસ મતદારના વતનનું કાયમી સરનામું	રેન્ક	રેજીમેન્ટ નંબર	ટપાલ મતપત્ર મોકલવાનું સરનામું
૧	૨	૩	૪	૫	૬

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
.....તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર .....તાલુકા

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
..... તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર .....તાલુકા

સ્થળ :

તારીખ :

INDEX

નમૂના નંબર : ૭

.....જિલ્લા પંચાયત તથા .....તાલુકા પંચાયતની સને ૨૦૦૦ની સર્વીસ મતદારયાદીની પુરવણી મતદારયાદી સને ૨૦૦૦.

..... જિલ્લા પંચાયત મતદાર વિભાગ નંબર..... નામ..... તથા તેમાં સમાવિષ્ટ ..... તાલુકા પંચાયત મતદાર વિભાગ નંબર ..... નામ.....

તાલુકાનું નામ ..... ગામનું નામ ..... વિભાગ નંબર .....

વધારાના નામોની યાદી

અનુક્રમ નંબર	સર્વીસ મતદારનું પુરેપુરૂ નામ	સર્વીસ મતદારના વતનનું કાયમી સરનામું	રેન્ક	રેજીમેન્ટ નંબર	ટપાલ મતપત્ર મોકલવાનું સરનામું
૧	૨	૩	૪	૫	૬

સુધારાના નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભૂલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

કમી નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
.....તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર .....તાલુકા

આખરી પ્રસિદ્ધિ કરી

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
..... તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર .....તાલુકા

સ્થળ :
તારીખ :

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 195 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JUNE 26, 2000/ASADHA 5, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તારીખ : ૧ –૬–૨૦૦૦.

ક્રમાંક : રાચપ–ચટણ–મનપા–ચઅન–૨૦૦૦.

૨. વિકાસ કમિશનરશ્રીએ તાલુકા પંચાયત માટે કલમ-૧૦(૪) અન્વયે જેટલી સંખ્યામાં બેઠકો નકકી કરે તેટલી સંખ્યામાં તાલુકાને એકપદીય મતદાર મંડળમાં વહેંચવામાં આવશે તેમ જ રાજય ચુંટણી પંચ આ પ્રકિયા કઈ રીતે કરશે, તે અંગે અધિનિયમની કલમ-૧૬(૨) અન્વયે જોગવાઈ કરવામાં આવી છે. અધિનિયમની કલમ-૧૬(૨) માં થયેલ જોગવાઈ મુજબ તાલુકા પંચાયતના મતદાર મંડળોની રચના શકય હોય તો એવી રીતે કરવી કે દરેક મતદાર મંડળની વસ્તી સરખી રહે અને દરેક મતદાર મંડળને એ રીતે વહેંચવામાં આવે કે જેથી કરીને ગામના બધા જ વોર્ડ નો સમાવેશ એક મતદાર મંડળમાં થાય.

INDEX

૩. આમ કલમ–૧૬(૨) અન્વયે વિકાસ કમિશ્નરશ્રીએ નકકી કરેલ બેઠકોની સંખ્યા અને તાલુકાની સને ૧૯૯૧ ની વસ્તી ગણતરી મુજબ દરેક મતદાર મંડળમાં સરેરાશ વસ્તી એકસરખી રહે તે રીતે રાજય ચુંટણી પંચે મતદાર મંડળની રચના કરવી તેવું અપેક્ષિત છે.

અધિનિયમની કલમ–૧૦(૫) (ક) (૧) (૨),(ખ) (ગ) મુજબ રાજય સરકારે અનામત રાખેલી બેઠકોની વારાફરતી ફાળવણી જુદા જુદા મતદાર મંડળમાં રાજય ચુંટણી પંચે વિહિત થયેલ રીતે કરવાની રહે છે.

આમ, અનામત બેઠકોની વારાફરતી ફાળવણી કરવાના અધિકારો કલમ–૧૦(૫) હેઠળ રાજય ચુંટણી પંચને વૈધાનિક રીતે મળેલા છે. રાજય સરકારે ગુજરાત તાલુકા અને જીલ્લા પંચાયતોની ચુંટણી (અનામત બેઠકોની વારાફરતી ફાળવણીની રીત) નિયમો–૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અન્વયે આ હેતુ સારુ વિહિત થયેલ છે.

અધિનિયમની કલમ– ૧૬(૨) અન્વયે રાજય ચુંટણી પંચ જે મતદાર વિભાગની રચના કરે તેને નિયમોના નિયમ–૩ અન્વયે અનુક્રમ નંબર આપવાની જોગવાઈ થયેલ છે. આ જોગવાઈ સંક્ષિપ્તમાં નીચે પ્રમાણે છે.

૧) દરેક મતદાર મંડળને રાજય ચુંટણી પંચે નામ આપવાનું રહે છે.

૨) મતદાર મંડળમાં જો એકથી વધુ ગામો સમાવિષ્ટ હોય તો સમાવિષ્ટ ગામો પૈકી જે ગામની વસ્તી વધારે હોય તે ગામના નામ પ્રમાણે મતદાર મંડળને નામ આાપવાનું રહે છે.

૩) જો કોઈ ગામ માટે એક કરતા વધુ મતદાર મંડળ રચવામાં આવ્યા હોય, તો તે ગામના વોર્ડના નીચલા ક્રમ અનુસારૂ મતદાર વિભાગ ક્રમાંક શરુ કરવાના રહે છે. અને ત્યાર પછીના ક્રમે આવતા વોર્ડને સંખ્યા અનુસાર અનુક્રમ નંબર આવતા પછી ગામનું નામ આપવાનું રહે છે.

આ બાબત સ્પષ્ટ થાય તે સારું ઉદાહરણ આપવુ યોગ્ય થશે. દા.ત. તાલુકા પંચાયત લખતરના ૧૫ મતદાર મંડળો પૈકી લખતર ગામ માટે ૩ મતદાર મંડળ રચવાના થતા હોય તો એક મતદાર મંડળમાં ૩ મતદાર મંડળો પૈકી લખતર ગામના વોર્ડ નંબર–૧ થી ૫ વોર્ડનો સમાવેશ થાય છે. બીજા મતદાર મંડળમાં વોર્ડ નં. ૬ થી ૯ અને ત્રીજા મતદાર મંડળમાં વોર્ડનંબર ૧૦ થી ૧૫ નો સમાવેશ છે. તો સૌથી નીચેના વોર્ડ જે મતદાર મંડળમાં એટલે કે, સૌથી નીચેના ક્રમાંક મુજબનો લખતર ગામનો વોર્ડ સમાવિષ્ટ થયા હોય તે મતદાર મંડળને લખતર–૧, ગામના વોર્ડ નં. ૬થી ૯ ના મતદાર મંડળને લખતર–૨ અને વોર્ડ નં.૧૦ થી ૧૫ ના મતદાર મંડળને લખતર–૩ તે મુજબ નામ આપવાનું રહે છે.

૪. આ રીતે નામો અપ્રાયા પછી , રાજય ચુંટણી પંચે મતદાર વિભાગના નામને અંગ્રેજી કક્કાવારી પ્રમાણે ગોઠવવા તેવુ નિયમો અન્વયે અપેક્ષિત છે. અંગ્રેજી કક્કાવારી મુજબ મતદાર મંડળો જે રીતે ગોઠવાય તે મતદાર મંડળનો ક્રમાંક રહેશે અને આ ક્રમાંક તે મતદાર મંડળનો **" સામાન્ય ક્રમાંક "** કહેવાશે. તેવી જોગવાઈ છે.

૫. નિયમોના નિયમ–૪,૫,૬,૭ અને ૮ માં રાજય ચુંટણી પંચે અનામત બેઠકોની ફાળવણી જુદા જુદા મતદાર મંડળોમાં કઈ રીતે કરવી તે અંગેની જોગવાઈ છે.

૬. નિયમ–૪ અને ૫ માં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખેલ બેઠકોની ફાળવણી કઈ રીતે કરવી તે વિષે જોગવાઈ કરી છે. તે મુજબ આ વર્ગની બેઠક ફાળવવા માટે મતદાર મંડળને જે તે વર્ગ માટે ખાસ ક્રમાંક આપવાના છે.

INDEX

૭. ખાસ ક્રમાંક કઈ રીતે અપાય તેમાં નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, દરેક મતદાર મંડળની કુલ વસ્તી અને તે વસ્તી સામે મતદાર મંડળની અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિની વસ્તીની, ટકાવારીને ધ્યાનમાં લઈ, સૌથી ઉંચી ટકાવારી ધરાવતા મતદાર મંડળને જે તે વર્ગ માટેનો ખાસ ક્રમાંકઃ ૧,૨,૩ તે રીતે આપવાના રહે છે.

જાહેરનામામાં નિર્ધારીત થયેલ સંખ્યા મુજબ જે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ, યથાપ્રસંગ અનુસૂચિત આદિજાતિના , ખાસ ક્રમાંક પ્રમાણે બેઠક ફાળવવાની રહે છે.

૮. અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટેની અનામત બેઠક કઈ રીતે ફાળવવી તે વિષે પણ નિયમોમાં જોગવાઈ થઈ છે તે મુજબ અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ વર્ગની મહિલા માટે ખાસ ક્રમાંક મુજબ ક્રમાનુસાર પ્રથમ આવતા ખાસ ક્રમાંકો ધરાવતા મતદાર મંડળોમાં મહિલા બેઠક ફાળવવાની રહે છે. અર્થાત કોઈ તાલુકા પંચાયત માટે અનુસૂચિત જાતિ માટે ત્રણ બેઠકો અનામત રાખવાનું નિર્ધારીત થયુ હોય અને તે પૈકી એક બેઠક મહિલા માટે અનામત રખાઈ હોય તો જે મતદાર મંડળનો ખાસ ક્રમાંક–૧ ઉપર પેરા–૭ મુજબ નકકી થાય તે મતદાર મંડળમાં અનુસૂચિત જાતિની મહિલા માટે બેઠક ફાળવવી અને અનુસૂચિત જાતિ ખાસ ક્રમાંક–૨ અને ૩ ધરાવતા મતદાર મંડળમાં અનુસૂચિત જાતિ માટેની બેઠક ફાળવવી.

આ જ પ્રમાણે અનુસૂચિત આદિજાતિ માટેની બેઠકો પણ નિયમ–૫ અન્વયે ફાળવવાની રીત વિહીત થયેલ છે.

૯. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે બેઠક ફાળવણી સંબંધી નિયમ–૬ માં થયેલ જોગવાઈ મુજબ જે મતદાર મંડળમાં નિયમ–૪ તથા ૫ અન્વયે અનુસૂચિત જાતિ, યથા પ્રસંગે અનુસૂચિત આદિજાતિ, માટે બેઠકો ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળમા તેમના સામાન્ય ક્રમાંક મુજબ નિર્ધારિત સંખ્યા સુધી બેઠકો ફાળવવાની રહે છે. અને તેમાં પણ આ વર્ગની મહિલા માટે બેઠક પ્રથમ ફાળવવાનું વિહીત થયુ છે.

૧૦. અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની મહિલા સિવાયનાં વર્ગના મહિલાઓ માટે અનામત બેઠકો ફાળવવા અંગે નિયમ–૭ માં જોગવાઈ છે તે મુંજબ ,અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ,સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે (તે વર્ગની મહિલા સહિત) ની અનામત બેઠકની ફાળવણી થયા પછી બાકી રહેતા મતદાર મંડળના સામાન્ય ક્રમાંક મુજબ નિયત સંખ્યા સુધીની આ વર્ગની મહિલા અનામત બેઠકો ફાળવવાની રહે છે.

૧૧. આ રીતે બેઠકો જુદા જુદા આરક્ષિત વર્ગો માટે ફાળવ્યા પછી, બાકી રહેતા મતદાર મંડળમાં બિન અનામત બેઠકો ફાળવવી તેવુ વિહીત થયુ છે.

૧૨. અત્રે એ ઉલ્લેખ કરવો યોગ્ય થશે કે, કલમ–૧૬(૨) માં થયેલ જોગવાઈ પ્રમાણે દરેક મતદાર મંડળની વસ્તી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાનું અપેક્ષિત છે. અધિનિયમમાં " શકય હોય ત્યાં સુધી " તેવો શબ્દ પ્રયોગ થયો છે તે ઉપરથી ફલિત થાય છે કે એક સરખી જ રાખવાનું શકય નથી. તે પરત્વે વિધાનસભા પણ સભાન છે. જો એકસરખી જ રાખવી તેવી જોગવાઈ થાયતો પરિસ્થિતિ એ થાય કે એક જ ઘરની કેટલીક વ્યકિતઓ એક મતદાર મંડળમાં હોય અને બીજી વ્યકિતો અન્ય મંતદાર મંડળમાં સમાવિષ્ટ થવા પામે તેથી, મતદાર મંડળની રચના વૈધાનિક જોગવાઈની અપેક્ષા સાથે સુસંગત રહી પંચે કરવી જોઈએ તેમ પંચ માને છે. એકસરખી વસ્તી રાખવામાં આવે તો તે ઘી તોળવા જેવુ થવા પામે અને તે મતદાર મંડળની વસ્તી એકસરખી જ નહિ રાખતા થોડી ઘરછોડ પંચે વિચારવી રહે.

અધિનિયમમાં મતદાર મંડળની વસ્તી શકય હોય ત્યાં સુધી એક સરખી રાખવાની જે અપેક્ષા છે તે બર આવે અને સાથે સાથે ઘી તોળવા જેવું થવા ન પામે તે માટે ઘરછોડ કઈ રીતે, કેટલીક મર્યાદા સુધી રાખવી તે હેતુથી પંચે રાજયની અન્ય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના મતદાર મંડળની રચના કરવા અંગે જે નિયમો , અધિનિયમો થયા છે તેના પર આધાર રાખવો ચુનાસીબ માન્યુ છે. તે મુજબ, ગુજરાત નગરપાલિકા (વોર્ડોનું સીમાકન અને અનામત બેઠકોની ફાળવણી) અંગેના નિયમો ૧૯૯૪ નો તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન અને અનામત

INDEX

બેઠકોની ફાળવણી) અંગેના નિયમો–૧૯૯૪, જેનો હવે પછી શહેરી નિયમો તરીકે ઉલ્લેખ થયો છે.તેને આધાર રાખી, આ પ્રક્રિયા હાથ ધરવી તે યોગ્ય માન્યું છે. શહેરી નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ સામાન્યતઃ દરેક વોર્ડની વસ્તી એકસરખી રાખવી. પરંતુ શહેરની કુલ વસ્તીને વોર્ડની સંખ્યા વડે ભાગતા જે સંખ્યા આવે તે સરેરાશ વસ્તી રહેશે તેમ જોગવાઈ છે. અને દરેક વોર્ડમાં તેટલી વસ્તી રાખવી પરંતુ આ રીતે આવતી સરેરાશ વસ્તીના ૧૦% વધઘટ સુધી વોર્ડની રચના થઈ શકશે તેવી શહેરી નિયમોમાં જોગવાઈ છે. અર્થાત ૧૦ ટકાથી વધુ વધઘટ ન થાય તેવી જોગવાઈ થયેલ છે. ૧૦ ટકાની મર્યાદા સંબંધી પણ ભૌગોલિક એકસુત્રતા,કુદરતી હદ મર્યાદા ,રેલ્વે લાઈન ,રસ્તા વગેરે પરિબળોને ધ્યાનમાં લઈ ૧૦ ટકાથી વધુ વધઘટ હોય તો વોર્ડની રચના કરવા શહેરી નિયમોમાં પંચે મોકળાશ આપી છે.

પંચ એ બાબતે સલાહ છે કે, તાલુકા–જીલ્લા પંચાયતનો વિસ્તાર શહેર/નગરપાલિકાના વિસ્તાર જેવો એકજથ્થે આવેલો નથી. ગામો દુર આવેલા છે અને કેટલાક ગામો તો દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારમાં છે. તેથી ૧૦ ટકાની વધઘટની જોગવાઈને બદલે ૧૫ ટકા સુધી વધઘટ પ્રમાણે મતદાર મંડળની રચના કરવામાં આવે તો પણ તે હેતુપુરઃસર થશે તેવો અભિગમ પંચે દાખવ્યો છે.

જાહેરનામા મુજબ નિર્ધારીત થયેલ બેઠકો તેમ જ અનામત રખાયેલ બેઠકો સંબંધી કલમ–૧૬ના હેતુ સારૂ રાજ્ય ચુંટણી પંચે કલેકટરશ્રીઓ પાસેથી માહીતી મેળવી છે.

ઉપર પેરા ૨ થી ૧૧ માં સ્પષ્ટતા કર્યા મુજબ નિયમો તથા પંચના અભિગમના સંદર્ભમાં કલેકટરશ્રીઓ પાસેથી મળેલી માહિતીનું પંચે મુલ્યાંકન કરેલુ છે.

જલાલપોર તાલુકાની વસ્તી **૧૫૫૪૭૨** છે. જેથી પંચના અભિગમ મુજબ બેઠક દીઠ સરેરાશ વસ્તી **૭૪૦૩** હોવી જોઈએ જેમાં ૧૫ % વધ ઘટ મુજબ મહત્તમ વધ **૮૫૧૩** તથા મહત્તમ ઘટ **૬૨૯૩** હોઈ શકે તેથી પણ વધુ વધ અગર ઘટ ધરાવતા નીચે જણાવેલા મતદાર મંડળો રચવા જરૂરી બન્યા છે મતદાર મંડળમાં સમાવિષ્ટ ગામોની ભૌગોલિક પરિસ્થિતિ, જો કોઈ એકજ તાલુકા માં આવેલ કોઈ જુથ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામો જુદા જુદા મતદાર મંડળમાં સમાવિષ્ટ ન કરવા તેવી વૈધાનિક જોગવાઈ તથા કુદરતી બાધક પરિબળો, રેલ્વે , નદી વિગેરે પરિબળો પ્રવર્તે છે. જે, તે મતદાર મંડળ સંબંધી આ અંગે વિગતવાર કારણો પંચે નોધ્યા છે

અ.નં.	મતદાર મંડળ		મતદાર મંડળની વસ્તી	તાલુકા પંચાયત મતદાર મંડળમાં ૧૫% છુટ મર્યાદા કરતાં વધુ વધ ઘટ ની ટકાવારી
	સામાન્ય ક્રમાંક	નામ		
૧	૧૦	જલાલપોર–૨	૬૧૮૧	૧.૫૧ ઘટ

INDEX

૧૩. આથી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (ઙ) તથા ૨૪૩(વ) (ક) તેમ જ અધિનિયમ તથા નિયમો અન્વયે મળેલી સત્તાની રુઈએ રાજય ચુંટણી પંચ, ગાંધીનગર,જલાલપોર તાલુકા પંચાયત માટે નીચે જણાવેલ પત્રકના કોલમ–૨ માં જણાવેલ પ્રાદેશિક મતદાર મંડળોની રચના કરે છે અને પત્રકના કોલમ–૩(૨) માં દર્શાવેલ ગામોનો તેમાં સમાવેશ કરવા આદેશ કરે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનુ નામ	મતદાર મંડળમાંસમાવિષ્ટ ગામના નામ		ગામની કુલ વસ્તી	મતદાર મંડળની અનુસૂચિત જાતિની		મતદાર મંડળની અનુસૂચિત આદિજાતિની		મતદાર મંડળનો બાસક્રમાંક	
		અ.ન.	ગામન ા નામ		વસ્તી	ટકા વારી	વસ્તી	ટકા વારી	અનુ.જાતિ ની બેઠક માટે	અનુસૂચિત આદિજાતિ ની બેઠકમાટે
૧	૨	૩(૧)	૩(૨)	૪	૫(૧)	૫(૨)	૬(૧)	૬(૨)	૭	૮
૧	આંટ	(૧)આંટ		૩૭૬૧						
		(૨)સુલતાનપુર		૨૫૮૪						
		(૩)કલથાણ		૧૩૭૬						
		(૪)ખંભલાવ		૫૦૩						
		કુલ		૮૨૨૪	૨૧૬	૨.૬૨	૧૬૨૪	૧૯.૭૪	૧૪	૧૩
૨	અબ્રામા	(૧)અબ્રામા		૬૬૮૨						
		(૨)સરાવ		૧૦૨૬						
		કુલ		૭૭૦૮	૨૧૮	૨.૮૨	૧૯૦૮	૨૪.૭૫	૧૨	૧૦
૩	બોદાલી	(૧)બોદાલી		૨૭૪૨						
		(૨)મછાડ		૧૭૩૨						
		(૩) કોથમડી		૧૬૭૪						
		(૪)પેથાણ		૧૫૦૨						
		કુલ		૭૬૫૦	૩૪૩	૪.૪૮	૯૨૯	૧૨.૧૪	૮	૧૫
૪	બોરસી	(૧)બોરસી		૩૬૯૭						
		(૨)દીપલા		૨૦૯૨						
		(૩)ઉભરાટ		૧૮૮૧						
		(૪)વાંસી		૫૧૬						
		કુલ		૮૧૮૬	૭૧	૦.૮૬	૨૫૬	૩.૧૨	૧૮	૧૯
૫	ચીજગામ	(૧)ચીજગામ		૨૪૧૧						
		(૨)પનાર		૨૩૩૯						
		(૩)ખરસાડ		૧૭૧૨						
		(૪)કરોડકોઠવા		૧૪૨૯						
		કુલ		૭૮૯૧	૧૧૭	૧.૪૮	૮૨૧	૧૦.૪૦	૧૬	૧૬
૬	ડાભેલ	(૧)ડાભેલ		૪૧૪૩						
		(૨)સીમલક		૧૭૭૯						

INDEX

		(૩)આસણા	૮૨૫						
		કુલ	૬૭૪૭	૩૦૬	૪.૫૩	૧૭૧૮	૨૫.૪૬	૮	૭
૭	દાંતી	(૧)દાંતી	૨૬૭૧						
		(૨)ભાઠા	૧૨૯૨						
		(૩)મગોબ	૪૦૮						
		(૪)પરસોલી	૯૨૪						
		(૫)નીમલાઈ	૮૨૮						
		(૬)માંગરોળ	૭૪૨						
		કુલ	૬૮૬૫	૨૦૦	૨.૯૧	૫૯૮	૮.૭૧	૧૧	૧૭
૮	એરૂ	(૧)એરૂ	૪૬૯૯						
		(૨)હાંસાપોર	૨૨૦૬						
		(૩)ભૂતસાડ	૬૧૮						
		(૪)એથાણ	૫૦૨						
		કુલ	૮૦૨૫	૩૮૫	૪.૭૯	૨૨૭૧	૨૮.૨૯	૬	૮
૯	જલાલપોર–૧	(૧)જલાલપોર વોડ નં.૧ થી ૧૪	૬૭૭૫						
		કુલ	૬૭૭૫	૧૮૩	૨.૭૦	૮૯૫	૧૩.૨૧	૧૩	૧૪
૧૦	જલાલપોર–૨	(૧)જલાલપોર વોડ નં.૧૫ થી૨૭	૬૧૮૧						
		કુલ	૬૧૮૧	–	–	૨૦૦૭	૩૨.૪૭	–	૫
૧૧	કોલાસણા	(૧) કોલાસણા	૨૮૦૯						
		(૨)પોસરા	૧૯૧૭						
		(૩)વાડા	૧૦૧૪						
		(૪)ચોખડ	૭૮૭						
		કુલ	૬૫૨૭	૩૬૬	૫.૬૦	૨૭૨૨	૪૧.૭૦	૫	૨
૧૨	કૃષ્ણપુર	(૧)કૃષ્ણપુર	૫૩૫૪						
		(૨)કનેરા	૧૩૨૫						
		કુલ	૬૬૭૯	૧૨	૦.૧૭	૫૧	૦.૭૬	૨૦	૨૦
૧૩	મહુવર	(૧)મહુવર	૮૧૨૯						
		કુલ	૮૧૨૯	૫૬૦	૬.૮૮	૧૮૩૮	૨૨.૬૧	૩	૩
૧૪	મંદિર	(૧)મંદિર	૩૨૧૩						
		(૨)વેડછા	૨૫૪૧						
		(૩)ડાંભેર	૧૫૬૨						
		કુલ	૭૩૧૬	૧૬૫	૨.૨૫	૨૨૩૬	૩૦.૫૬	૧૫	૬

INDEX

૧૫	મરોલી	(૧)મરોલી	૨૫૦૮						
		(૨)પરૂજણ	૧૪૯૩						
		(૩)નકોદ	૧૪૭૮						
		(૪)કરાંખટ	૯૪૯						
		કુલ	૬૪૨૮	૫૪૨	૮.૪૩	૨૨૧૬	૩૪.૪૭	૧	૩
૧૬	મટવાડ	(૧)મટવાડ	૩૦૫૮						
		(૨)સામાપોર	૨૪૯૧						
		(૩)કરાડી	૧૫૬૯						
		(૪)દાંડી	૧૧૮૭						
		કુલ	૮૩૦૫	૧૦૨	૧.૨૩	૨૬૧	૩.૧૪	૧૭	૧૮
૧૭	ઓજલ	(૧)ઓજલ	૬૮૮૩						
		કુલ	૬૮૮૩	૨૭	૦.૩૯	૩૦	૦.૪૩	૧૯	૨૧
૧૮	સીમળગામ	(૧)સીમળગામ	૨૨૮૮						
		(૨)ડાલકી	૩૮૫						
		(૩)છીણમ	૨૦૫૪						
		(૪)બીનાર	૧૭૪૫						
		(૫)દેલવાડા	૧૦૭૬						
		(૬)વડોલી	૫૩૨						
		(૭) અલુરા	૪૨૯						
		કુલ	૮૫૦૯	૨૮૯	૩.૩૯	૨૩૬૧	૨૭.૭૪	૧૦	૯
૧૯	સીસોદ્રા(આ)	(૧)સીસોદ્રા(આ)	૧૫૫૨						
		(૨)પારડી(આ)	૩૮૪						
		(૩)કુચેદ	૧૪૯૮						
		(૪)કાળાકાછા	૧૪૫૮						
		(૫)સંદલપોર	૧૨૬૦						
		(૬)આલક	૫૯૭						
		(૭)રણોદરા	૨૨૮						
		કુલ	૬૯૭૭	૫૧૦	૭.૩૦	૪૨૧૪	૬૦.૩૯	૨	૧
૨૦	તવડી	(૧)તવડી	૨૩૬૯						
		(૨)માણેકપોર	૧૪૯૪						
		(૩)ટંકોલી	૩૮૫						
		(૪)કડોલી	૧૪૨૦						
		(૫)સાગરા	૯૭૧						
		(૬)મીરઝાપુર	૮૬૭						
		કુલ	૭૫૦૬	૪૯૨	૬.૫૫	૨૪૯૧	૩૩.૧૮	૪	૪

INDEX

૨૧	વેસ્મા	(૧)વેસ્મા	૭૫૯૭						
		(૨)સડોદરા	૩૬૪						
		કુલ	૭૯૬૧	૩૭૪	૪.૬૯	૧૮૫૬	૨૩.૩૧	૭	૧૧

૧૪. જાહેરનામા અન્વયે અનામત રખાયેલ અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત આદિજાતિની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) ઉપર પેરા ૭ થી ૮ માં જણાવ્યા મુજબ નિયમો અન્વયે વિહિત થયા મુજબ ઉપરોકત પત્રકના કોલમ નં.૭ તથા ૮ માં જણાવેલ ખાસ ક્રમાંક મુજબ નીચે જણાવેલા મતદાર મંડળોમાં ફાળવવા પંચ આદેશ કરે છે.

મતદાર મંડળનો નંબર	મતદાર મંડળનું નામ	મતદાર મંડળનો ખાસ ક્રમાંક	ફાળવવામાં આવેલ અ.જા/ અ.આ.જા જાતિની બેઠકનો પ્રકાર (સ્ત્રી બેઠક સહિત)
૧	૨	૩	૪
અનુસૂચિત જાતિ માટે			
૧૫	મરોલી	૧	અનુસૂચિત જાતિ
અનુસૂચિત આદિ જાતિ માટે			
૯૯	સીસોદ્રા(આ)	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧૧	કોલાસણા	૨	અનુસૂચિત આદિજાતિ
૨૦	તવડી	૪	અનુસૂચિત આદિજાતિ
૧૦	જલાલપોર–૨	૫	અનુસૂચિત આદિજાતિ

જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે ૪ બેઠકો નિર્ધારીત થયેલ છે જે અનુસૂચિતઆદિજાતિ ના ખાસ ક્રમાંક ૧થી ૪ માં ફાળવવાની થાય પરંતુ ખાસ ક્રમાંક ૩, ૧૫ મરોલી મતદાર મંડળમાં અનુસૂચિત જાતિના ખાસ ક્રમાંક મુજબ અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોઈ ત્યાર પછીના ખાસ ક્રમાંક ૫ ,૧૦ જલાલપોર–૨ માં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવવામાં આવેલ છે.

૧૫. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ માટે બેઠકો જે મતદાર મંડળોમાં ફાળવાઈ હોય તે સિવાયનાં મતદાર મંડળોમાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની (આ વર્ગની સ્ત્રીઓ સહિત) બેઠકો સામાન્ય ક્રમાંક મુજબ નીચે જણાવેલ મતદાર મંડળોમાં ફાળવવામાં આવે છે.

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૧	આંટ	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ સ્ત્રી
૨	અબ્રામા	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ

૧૬. નિયમોના નિયમ–૭ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે અનામત રખાયેલ બેઠકો જે મતદાર મંડળમાં ફાળવાઈ હોય તે સિવાયના મતદાર મંડળોમાં ઉપર ૧૦ તથા ૧૧ માં જણાવ્યા મુજબ મતદાર મંડળનાં સામાન્ય ક્રમાંક મુજબ જાહેરનામા અન્વયે વિહિત થયેલ બેઠકો નીચેના મતદાર મંડળોમાં અનુક્રમે સામાન્ય સ્ત્રી માટે તથા બીન અનામત સામાન્ય બેઠકો ફાળવવામાં આવે છે.

INDEX

મતદાર મંડળનો સામાન્ય ક્રમાંક	મતદાર મંડળનું નામ	ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
૩	બોદાલી	સામાન્ય સ્ત્રી
૪	બોરસી	સામાન્ય સ્ત્રી
૫	ચીજગામ	સામાન્ય સ્ત્રી
૬	ડાંભેલ	સામાન્ય સ્ત્રી
૭	દાંતી	સામાન્ય સ્ત્રી
૮	એરૂ	બિન અનામત સામાન્ય
૯	જલાલપોર--૧	બિન અનામત સામાન્ય
૧૨	કૃષ્ણપુર	બિન અનામત સામાન્ય
૧૩	મહુવર	બિન અનામત સામાન્ય
૧૪	મંદિર	બિન અનામત સામાન્ય
૧૬	મટવાડ	બિન અનામત સામાન્ય
૧૭	ઓંજલ	બિન અનામત સામાન્ય
૧૮	સીમળગામ	બિન અનામત સામાન્ય
૨૧	વેસ્મા	બિન અનામત સામાન્ય

૧૭. ઉપર જણાવેલ અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિના વર્ગોને લાગે વળગે છે ત્યાં સુધી આ આદેશમાં જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવી છે ત્યાર પછીના ખાસ ક્રમાંક ધરાવતા મંડળોમાં હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચુંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે .

૧૮. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની બેઠકો (આ વર્ગની સ્ત્રીઓ માટેની બેઠકો સહિત) સામાન્ય સ્ત્રીઓ માટેની બેઠકો આ માટે આદેશ અન્વયે સામાન્ય ક્રમાંક ધરાવતા જે મતદાર મંડળોમાં ફાળવવામાં આવેલ નથી. તે મતદાર મંડળોમાં નકકી થયેલ સંખ્યા સુધીમાં ક્રમાનુસાર સામાન્ય ક્રમાંક મુજબ હવે પછી એટલે કે આ આદેશની તારીખ પછીથી યોજાનાર બીજી સામાન્ય ચુંટણીઓ માટે વારાફરતી ફાળવવામાં આવશે.

૧૯. ઉપર પેરા ૭,૮ , ૯,૧૦ અને ૧૧ મુજબની ફાળવણી પેરા ૧૪,૧૫,અને ૧૬ મુજબ કરતા આ સાથે અનુસુચિ માં જણાવ્યા મુજબ મતદાર મંડળવાર બેઠક ફાળવવા પંચ આદેશ કરે છે.

આદેશથી,

ચો.જે. દીક્ષિત
સચિવ
રાજય ચુંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ

જિલ્લાનું નામ – નવસારી

તાલુકા પંચાયતનું નામ–જલાલપોર

અ.નં.	તાલુકા પંચાયત નું નામ	મતદાર મંડળની વિગત		મતદાર મંડળનો આરા ક્રમાંક		ફાળવવામાં આવેલ બેઠકનો પ્રકાર
		સામાન્ય ક્રમાંક	મતદાર મંડળ નુ નામ	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	
૧	૨	૩(૧)	૩(૨)	૪(૧)	૪(૨)	૫
૧	જલાલપોર	૧	આંટ	૧૪	૧૩	સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વગ સ્ત્રી
		૨	અબ્રામા	૧૨	૧૦	સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વગ
		૩	બોદાલી	૯	૧૫	સામાન્ય સ્ત્રી
		૪	બોરસી	૧૮	૧૯	સામાન્ય સ્ત્રી
		૫	ચીજગામ	૧૬	૧૬	સામાન્ય સ્ત્રી
		૬	ડાંભેલ	૮	૭	સામાન્ય સ્ત્રી
		૭	દાંતી	૧૧	૧૭	સામાન્ય સ્ત્રી
		૮	એરૂ	૬	૮	બિન અનામત સામાન્ય
		૯	જલાલપોર–૧	૧૩	૧૪	બિન અનામત સામાન્ય
		૧૦	જલાલપોર–૨	–	૫	અનુસૂચિત આદિજાતિ
		૧૧	કોલવણા	૫	૨	અનુસૂચિત આદિજાતિ
		૧૨	કૃષ્ણપુર	૨૦	૨૦	બિન અનામત સામાન્ય
		૧૩	મહુવર	૩	૧૨	બિન અનામત સામાન્ય
		૧૪	મંદિર	૧૫	૬	બિન અનામત સામાન્ય
		૧૫	મરોલી	૧	૩	અનુસૂચિત જાતિ
		૧૬	મટવાડ	૧૭	૧૮	બિન અનામત સામાન્ય
		૧૭	ઓંજલ	૧૯	૨૧	બિન અનામત સામાન્ય
		૧૮	સીમળગામ	૧૦	૯	બિન અનામત સામાન્ય
		૧૯	સીસોદ્રા(આ)	૨	૧	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
		૨૦	તવડી	૪	૪	અનુસૂચિત આદિજાતિ
		૨૧	વેસ્મા	૭	૧૧	બિન અનામત સામાન્ય

યો.જે. દીક્ષિત
સચિવ
રાજય ચુંટણી પંચ
ગાંધીનગર

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 313 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] WEDNESDAY, JULY 5, 2000/ASADHA 14, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ
નવા સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬-૬-૨૦૦૦.

ક્રમાંક:રાચપ/ચટણ/મનપા/ચઅન/૨૦૦૦

વંચાણે લીધુ :- ૧) રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક:રાચપ/ચટણ/મનપા/ચઅન/૨૦૦૦ તા. ૧૦-૪-૨૦૦૦.

સુધારા આદેશ :-

રાજ્ય ચુંટણી પંચે આમુખ-૧ પરના આદેશથી સુરત મહાનગરપાલીકાની સામાન્ય ચુંટણી માટે ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીઓની નિયુક્ત કરેલ છે.

તા. ૧૦-૪-૨૦૦૦ ના આદેશની અનુસુચિમાં દર્શાવેલ સુરત મહાનગરપાલીકાની વોર્ડ નંબર- ૧થી૩, ૪થી૬, ૧૬ થી ૨૯ માટે કોલમ નં. ૫ માં જણાવેલ અધિકારીઓની નિયુક્તિ રદ કરીને તેને બદલે નીચે પત્રક પ્રમાણેના કોલમનં.૫ માં જણાવેલ અધિકારીઓની મદદનીશ ચુંટણી અધિકારી તરીકે નિયુક્તિ કરવા રાજ્ય ચુંટણી પંચ આદેશ કરે છે.

INDEX

પત્રક

ક્ર.નં.	મહાનગરપાલિકાનું નામ	વૉર્ડનંબર	નિયુક્ત કરેલ ચુંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચુંટણી અધિકારીનો હોદ્દો
૧	૨	૩	૪	૫
૧.	સુરત	૧ થી ૩	નાયબ કલેક્ટર,સ્ટેમ્પ ડ્યુટી, વિભાગ નં.૨,સુરત	મામલતદારશ્રી સિંચાઈ દર વસુલાત યુનિટ-૧, કલેક્ટર કચેરી, સુરત.
૨.	-''-	૪ થી ૭	નાયબ કલેક્ટર, સ્ટેમ્પ ડ્યુટી, વિભાગ નં.૧,સુરત	મામલતદારશ્રી બિનખેતી સુરત.
૩.	-''-	૨૬થી૨૯	નાયબ જિલ્લા વિકાસ અધિકારી (પંચાયત) જીલ્લા પંચાયત સુરત	મામલતદારશ્રી(જમાબંધી) સુરત.

આદેશથી,

ચો. જે. દવે
સચિવ
રાજ્ય ચુંટણી પંચ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 314

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] WEDNESDAY, JULY 5, 2000/ASADHA 14, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ
નવા સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦–૬–૨૦૦૦.

ક્રમાંક: રાચપ/ચટણ/જિતાપં/મનઅ/૨૦૦૦.

આમુખ :– (૧) રાજ્ય ચુંટણી પંચનો આદેશ ક્રમાંક:રાચપ/ચટણ/મતય/જીતાપં/૨૦૦૦, તા. ૩૧–૫–૨૦૦૦.
(૨) રાજ્ય ચુંટણી પંચનો સુધારા આદેશ ક્રમાંક:રાચપ/ચટણ/મતય/જીતાપં/૨૦૦૦, તા. ૨૩–૬–૨૦૦૦

આ દે શ :

ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૭ થી ૨૦ મુજબ રાજ્યની તમામ જીલ્લા/તાલુકા પંચાયતના દરેક મતદાર વિભાગ માટે તા. ૧–૧–૨૦૦૦ ની સ્થિતિએ મતદારયાદીઓ તૈયાર કરવા કલમ–૨૦ (૨) ની જોગવાઈઓ અનુસાર આમુખ (૧) માં જણાવેલ આદેશથી નિર્દિષ્ટ અધિકારી અને તાલુકા મામલતદાર શ્રીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવી છે તથા આમુખ–(૨) માં જણાવેલ આદેશથી મતદારયાદી પ્રસિધ્ધ કરવા વિગતવાર કાર્યક્રમ આપવામાં આવેલ છે.

INDEX

૨. રાજય ચુંટણી પંચે તા. ૧–૧–૨૦૦૦ ની સ્થિતિની ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની કોમ્પ્યુટરાઈઝડ મતદારયાદી પરથી, રાજયની તમામ જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર મંડળોની સને ૨૦૦૦ ની સ્થિતિની મૂળ મતદારયાદીઓ તૈયાર કરવા કાર્યક્રમ આપેલ હોઈ, જિલ્લા / તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ૧૯૯૫ની મૂળ તથા તે પછી સને ૨૦૦૦ ની સ્થિતિએ વખતો–વખત સુધાર્યા પ્રમાણેની મતદારયાદીના પુરવણીના મતદારોએ તેઓના નામ સંબંધીત ગામની ગુજરાત વિધાનસભાના મતદાર યાદીના ભાગમાં સમાવિષ્ઠ ન હોય તો જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગના સંબંધીત ભાગમાં નામ દાખલ કરવા નવેસરથી દાવા અરજી રજુ કરવા નકકી કરેલ છે.

૩. પુરવણી મતદારયાદી અર્થપૂર્ણ રીતે તૈયાર થાય અને લાયકાત ધરાવતા મતદારોના નામો દાખલ કરી શકાય તે માટે તથા મતદારોને અનુકૂળતા રહે તે હેતુથી ગુજરાત પંચાયત ચુંટણી નિયમો–૧૯૯૪ ના નિયમ–૩(ક) તથા ૩(ખ) મુજબ નમુના ૧(ક) તથા ૧(ખ) મુજબની અરજીઓ મતદારો જે તે ગ્રામ કક્ષાએ રજુ કરી શકશે.

સબબ ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૨૦ (૨) તથા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ (કે)(૧) થી મળેલ સત્તાની રુઈએ રાજય ચુંટણી પંચ, જે તે ગામના તલાટી કમ મંત્રી ને ગુજરાત પંચાયત ચુંટણી નિયમો –૧૯૯૪ ના નિયમ–૩ (ક) તથા ૩(ખ) હેઠળના નમુના ૧(ક) તથા ૧(ખ) મુજબની ગ્રામ કક્ષાએ અરજીઓ સ્વીકારવા આથી અધિકૃત કરે છે. વધુમાં દાવા/ અરજીઓ રજુ કરવા માટેના સમયગાળા દરમ્યાન તલાટી કમ મંત્રીએ ગામે હાજર રહયા તથા તેઓને રજુ થયેલા દાવા/ અરજીઓ સ્વીકારવા તે અંગેની નોંધ તદૃર્થે વિહિત થયેલા રજીસ્ટરમાં કરવા પણ આદેશ કરવામાં આવે છે.

સંબંધીત નિર્દિષ્ટ અધિકારી અને મામલતદારશ્રીએ દાવા અરજીઓ રજુ કરવાની મુદત પુરી થયાના તરત પછીના દિવસે તલાટી કમ મંત્રીશ્રીઓ પાસે રજુ થયેલ દાવા અરજીઓ મેળવી લઈ તે પરત્વે જરુરી સમય મર્યાદામાં નિર્ણય લેવાનો રહેશે.

આદેશથી,

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજય ચુંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

Extra No. 315 REGISTERED NO. G/GNR/

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] WEDNESDAY, JULY 5, 2000/ASADHA 14, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૭–૭–૨૦૦૦.

ક્રમાંક:રાચપ/ચટણ/મનપા/ચઅન/૨૦૦૦.

વંચાણે લીધું :– (૧) રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંક:રાચપ/ચટણ/મનપા/ચઅન/૨૦૦૦, તા. ૧૦–૪–૨૦૦૦.

સુધારા આદેશ :–

રાજ્ય ચુંટણી પંચે આમુખ–૧ પરના આદેશથી રાજકોટ મહાનગરપાલીકાની સાપાન્ય ચુંટણી માટે ચુંટણ અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીઓની નિયુક્તિ કરેલ છે.

તા. ૧૦–૪–૨૦૦૦ ના આદેશની અનુસુચિમાં દર્શાવેલ રાજકોટ મહાનગરપાલીકાના વોર્ડ નંબર ૭ થી ૮ માટે કોલમ નં. ૪ માં જણાવેલ અધિકારીની નિયુક્તિ રદ કરીને તેને બદલે નીચે પત્રક પ્રમાણેના કોલમ નં. ૪ માં જણાવેલ અધિકારીને ચુંટણ અધિકારી તરીકે નિયુક્તિ કરવા રાજ્ય ચુંટણી પંચ આદેશ કરે છે.

INDEX

પત્રક

અ.નં.	મહાનગરપાલીકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ ચુંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચુંટણી અધિકારીનો હોદ્દો
૧	૨.	૩	૪	૫
૧.	રાજકોટ	૭ અને ૮	નાયબ કલેકટર, જમીન સંપાદન અને પુનઃવસવાટ (સિંચાઈ) બહુમાળી ભવન, રાજકોટ.	જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જીલ્લા પંચાયત, રાજકોટ.

આદેશથી,

વા. જે. દીક્ષિત
સચિવ
રાજ્ય ચુંટણી પંચ
ગાંધીનગર.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 316 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] FRIDAY, JULY 7, 2000 / ASADHA 16, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

भारत निर्वाचन आयोग

निर्वाचन सदन,
अशोक रोड,
नई दिल्ली-110001
दिनांक 21 मार्च, 2000
1 चैत्र 1921 (शक)

अधिसूचना

सं0 82-गुज-वि. स./(8/98)/2000- लोक प्रतिनिधित्व अधिनियम, 1951 (1951 का 43) की धारा 106 के अनुसरण में, निर्वाचन आयोग एतद्द्वारा 121-सेहरा विधान सभा निर्वाचन क्षेत्र में भारवाद जेठाभाई गेलाभाई के निर्वाचन को चुनौती देने वाली, श्री भूपेन्द्र सिंह प्रभात सिंह सोलंकी द्वारा दाखिल, 1998 की निर्वाचन अर्जी सं06 में अहमदाबाद स्थित गुजरात उच्च न्यायालय के तारीख 24.12.99 के निर्णय को प्रकाशित करता है।

आदेश से,

सी. आर. ब्रह्मम्
सचिव
भारत निर्वाचन आयोग

INDEX

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan
Asheka Road,
New Delhi-110001

Dated: 21 March ,,2000
1 Chaitra,1921(Saka)

NOTIFICATION

No.82/GJ-LA/(8/98)/2000 :- In pursuance of Section 106 of the Representation of the People Act,1951 (43 of 1951) the Election Commission hereby publishes the judgement dated 24.12.99 of the High Court of Gujarat at Ahmedabad in Election Petition No. 8 of 1998 filed by Bhupendrasinh Prabhatsinh Solanki challenging the election of Bharwad Jethabhai Ghelabhai tothe Legislative Assembly from 121-Shehara Assembly Constituency.

IN THE HIGH COURT OF GUJARAT AT AHMEDABAD

ELECTION PETITION NO. 8 OF 1998

BHUPENDRASINH PRABHATSINH SOLANKI
Versus
BHARWAD JETHABHAI GHELABHAI

Appearance:
MR.BM MANGUKIYA for Petitioner
MR.HARIN P. RAVAL, for Repondent No.1

CORAM : MR.JUSTICE M.C.PATEL
Date of Order: 24/12/1999

"None present for the petitioner on 10th December, 1999, 17th December, 1999 and 21st December, 1999 and today. Election petition is, therefore, dismissed for want of prosecution with no order as to costs."

Sd/-
(M.C.PATEL,J.)

Date: 24/12/1999.

By Order,

C.R.BRAHMAM
SECRETARY TO THE
ELECTION COMMISSION OF INDIA

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No. 317

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] MONDAY, JULY 10, 2000/ASADHA 19, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

GUJARAT MARITIME BOARD

Notification

GUJARAT MARITIME BOARD ACT, 1981

No. GMB/CNO/BEDI/8/1/2000:- In exercise of the powers conferred by Section-27 of the Gujarat Maritime Board Act, 1981 (Gujarat Act No. XXX of 1981), the Gujarat Maritime Board hereby determines the landing places as specified in Column-2 of the schedule hereto annexed in the port mentioned in column-1 of the said schedule to be the landing place and also determines the limits of such landing places as specified in column-4 of the schedule to which the provision of the said Act shall apply.

INDEX

Schedule

Name of the Port	Place of loading and unloading	Area (co-ordinates)	Limits
Sikka port	2 Nos. Single Point Mooring systems (SPMs) comprising 12.5 m diameter buoys, pipeline end, manifolds, under buoy hoses, floating hoses, mooring hawsers, mooring piles, chains, etc. Associated 48" pipelines, one each from buoy to marine tank farm and interconnecting line between two SPMs.	SPM - 2 Nos. are located in the sea between Goose and Munde Reefs in the Gulf of Kutch. SPM buoys of 12.5 m diameter are floating at above location and moored to seabed by six mooring chains at 366 m. radius from center of buoys. **SPM - 1** N 22° 34' 19.19" E 69° 47' 16,95" **SPM - 2** N 22° 35' 30" E 69° 48' 30"	East : Sea West: Sea South: Sea North: Sea

On behalf of Gujarat Maritime Board

P. N. ROY CHOWDHURY,
Vice Chairman &
Chief Executive Officer

Place : Gandhinagar
Date :10th July, 2000

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No. 318 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] WEDNESDAY, JULY, 12, 2000/ASADHA 21, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan,
Ashoka Road,
New Delhi-110001.

Dated : 30th June, 2000.
9, Asadha, 1922 (Saka)

NOTIFICATION

No. 56/Review/SHS/2000/JS-III - WHEREAS, the Shivsena is a recognised

INDEX

State party in the State of Maharashtra and Union Territory of Dadra & Nagar Haveli, under the provisions of the Election Symbols (Reservation and Allotment) Order, 1968 (hereinafter referred to as 'Symbols Order); and

2. WHEREAS, by an amendment made by the Commission to the said Symbols Order, vide Election Symbols (Reservation and Allotment) (Amendment) Order, 1999, published in the Gazette of India on 8th June, 1999, the Union Territories which do not have a Legislative Assembly have been excluded from the purview of the definition of "State" for the purposes of the recognition of political parties as State parties under the Symbols Order; and

3. WHEREAS, a copy of the said amendment order of 1999 was circulated and the implications of the said amendment order were explained to the Shivsena, and thus the party was put on notice in regard to the effect of the said amendment order, vide the Commission's letter No.56/99/JS-III, dated 8th June, 1999; and

INDEX

4. WHEREAS, by a saving provision in the said amendment order of 1999, in Clause (3) thereof, the recognition granted to a party in any such Union Territory prior to the said amendment order, was to continue only up to and till the completion of the general election to the 13th Lok Sabha; and

5. WHEREAS, the general election to the 13th Lok Sabha has been completed in October, 1999; and

6. WHEREAS, by virtue of the said amendment order of 1999, the said party cannot be recognised as a State party in the Union Territory of Dadra and Nagar Haveli, after the said general election to the 13th Lok Sabha; and

7. WHEREAS, the said party again was duly informed by the Commission vide its notice No. 56/Review/SHS/2000/JS-III, dated 26th May, 2000 that the party shall no longer be treated as a State party in the Union Territory of Dadra & Nagar Haveli in view of the amended provisions of the Symbols Order;

8. NOW, THEREFORE, the Shivsena shall no longer be treated as a reco nised State party in the Union Territory of Dadra and Nagar Haveli, for the purposes of the Election Symbols (Reservation and Allotment) Order, 1968. The party shall, however, be entitled to the facility of using the symbol "Bow & Arrow", reserved for it in the State of Maharashtra, for the purposes of the Parliamentary elections in the Union Territory of Dadra and Nagar Haveli, subject to the provisions of para 10 of the said Symbols Order, 1968.

By order,

K.J.RAO
SECRETARY

INDEX

भारत निर्वाचन आयोग

निर्वाचन सदन,
अशोक रोड़,
नई दिल्ली-110001.

तारीख 30 जून, 2000

आषाढ़ 9, 1922 (शक)

अधिसूचना

संख्या 56/रिव्यू/एस.एच.एस./2000/न्यायिक-III. यत: निर्वाचन प्रतीक (आरक्षण और आंबटन) आदेश 1968 (इसके पश्चात् "प्रतीक आदेश" के रूप में सन्दर्भित) के उपबन्धों के अधीन शिव सेना महाराष्ट्र राज्य और दादरा नागर हवेली संघ राज्य-क्षेत्र में एक मान्यता प्राप्त राज्यीय दल हैं ; और

2. यत:, 8 जून, 1999 में भारत के राजपत्र में प्रकाशित निर्वाचन प्रतीक (आरक्षण और आंबटन) (संशोधन) आदेश, 1999 द्वारा उक्त प्रतीक आदेश में आयोग द्वारा किए गए एक संशोधन द्वारा राजनैतिक दलों को प्रतीक आदेश के अधीन राज्यीय दल के रूप में मान्यता देने के प्रयोजन से उन संघ राज्य क्षेत्रों को जहाँ विधान सभा नहीं है; "राज्य" की परिभाषा के क्षेत्र से बाहर रखा गया है; और

3. यत:, 1999 के उक्त संशोधन आदेश की एक प्रति परिचालित की गई थी और उक्त संशोधन आदेश की विवक्षा शिव सेना को स्पष्ट कर दी गई थी और इस प्रकार उक्त संशोधन आदेश के आशय के सम्बन्ध में दल को आयोग के पत्र सं0 56/99/न्यायिक-III, तारीख 8 जून, 1999 द्वारा नोटिस दे दिया गया था; और

4. यत:, 1999 के उक्त संशोधन आदेश में, उसके खण्ड (3) में उपबन्ध की व्याप्ति के द्वारा उक्त संशोधन आदेश से पूर्व ऐसे किसी संघ राज्य-क्षेत्र में उस दल को दी गई मान्यता केवल 13वीं लोक सभा के लिए साधारण निर्वाचन सम्पन्न होने तक ही जारी रहनी थी; और

INDEX

5. यत: 13वीं लोक सभा के लिए साधारण निर्वाचन अक्तूबर,1999 में सम्पन्न हो गए है; और

6. यत:, 1999 के उक्त संशोधन आदेश के आधार पर 13वीं लोक सभा के लिए उक्त साधारण निर्वाचन के पश्चात उक्त दल को दादरा और नगर हवेली संघ राज्य क्षेत्र में राज्यीय दल के रूप में मान्यता नहीं दी जा सकती,और

7. यत: आयोग द्वारा 26 मई, 2000 के नोटिस संख्या 56/रिप्यू/एस•एच•एस/2000-न्यायिक-III द्वारा दल को पुन: विधिवत सूचित किया गया था कि प्रतीक आदेश के संशोधित उपबन्धों को ध्यान में रखते हुए दादरा और नागर हवेली संघ राज्य-क्षेत्र में दल को राज्यीय दल के रूप में अब और आगे नहीं माना जा सकता;

8. अत:,अब, निर्वाचन प्रतीक (आरक्षण और आबंटन) आदेश, 1968 के प्रयोजनों के लिए दादरा और नागर हवेली संघ राज्य-क्षेत्र में शिव सेना को अब और आगे मान्यता प्राप्त राज्यीय दल के रूप में नहीं माना जाएगा। हालांकि दल, उक्त प्रतीक आदेश 1968 के पैरा 10 के उपबन्धों के अध्यधीन दादरा और नागर हवेली संघ राज्य -क्षेत्र में संसदीय निर्वाचनों के प्रयोजनों के लिए महाराष्ट्र राज्य में इसके लिए आरक्षित,"तीर कमान" प्रतीक के प्रयोग करने की सुविधा का हकदार होगा ।

आदेश से,

के0 जे0 राव
सचिव ।

INDEX

ELECTION COMMISSION OF INDIA

Nirvachan Sadan,
Ashoka Road,
New Delhi-110001.

Dated : 30th June, 2000.
9, Asadha, 1922 (Saka)

NOTIFICATION

No. 56/Review/SJP(R)/2000/JS-III - WHEREAS, the Samajwadi Janata Party (Rashtriya) is a recognised State party in the Union Territory of Chandigarh, under the provisions of the Election Symbols (Reservation and Allotment) Order, 1968 (hereinafter referred to as "Symbols Order); and

2. WHEREAS, by an amendment made by the Commission to the said Symbols Order, vide Election Symbols (Reservation and Allotment) (Amendment) Order, 1999, published in the Gazette of India on 8th June, 1999, the Union Territories which do not have a Legislative Assembly have been excluded from the purview of the definition of "State" for the purposes of the recognition of political parties as State parties under the Symbols Order; and

3. WHEREAS, a copy of the said amendment order of 1999 was circulated and the implications of the said amendment order were explained to the Samajwadi Janata Party (Rashtriya), and thus the party was put on notice in regard to the effect of the said amendment order, vide the 'Commission's letter No.56/99/JS-III, dated 8th June, 1999; and

INDEX

4. WHEREAS, by a saving provision in the said amendment order of 1999, in Clause (3) thereof, the recognition granted to a party in any such Union Territory prior to the said amendment order, was to continue only up to and till the completion of the general election to the 13th Lok Sabha; and

5. WHEREAS, the general election to the 13th Lok Sabha has been completed in October, 1999; and

6. WHEREAS, by virtue of the said amendment order of 1999, the said party cannot be recognised as a State party in the Union Territory of Chandigarh, after the said general election to the 13th Lok Sabha.

7. WHEREAS, the said party again was duly informed by the Commission vide its notice No. 56/Review/SJP(R)/2000/JS-III, dated 26th May, 2000 that the party shall no longer be treated as a State party in the Union Territory of Chandigarh in view of the amended provisions of the Symbols Order;

8. NOW, THEREFORE, the Samajwadi Janata Party (Rashtriya) shall no longer be treated as a recognised State party in the Union Territory of Chandigarh, for the purposes of the Election Symbols (Reservation and Allotment) Order, 1968.

By order,

K.J.RAO
SECRETARY

INDEX

भारत निर्वाचन आयोग

निर्वाचन सदन,
अशोक रोड़,
नई दिल्ली-110001.

दिनांक 30 जून, 2000.

आषाढ़ 9, 1922 शक

अधिसूचना

संख्या 56/रिव्यू/एस.जे.पी.(आर)/2000/न्यायिक-III यत:, निर्वाचन प्रतीक (आरक्षण और आबंटन) आदेश, 1968 (इसके पश्चात् "प्रतीक आदेश" के रूप में संदर्भित) के उपबन्धों के अधीन समाजवादी जनता पार्टी (राष्ट्रीय) चंडीगढ़ संघ राज्य क्षेत्र में एक मान्यता प्राप्त राज्यीय दल हैं ; और

2. यत:, भारत के राजपत्र में 8 जून, 1999 को भारत के राजपत्र में प्रकाशित, निर्वाचन प्रतीक (आरक्षण और आंबटन) (संशोधन) आदेश, 1999 द्वारा उक्त प्रतीक आदेश में आयोग द्वारा किए गए एक संशोधन द्वारा राजनैतिक दलों को प्रतीक आदेश के अधीन राज्यीय दल के रूप में मान्यता देने के प्रयोजन से उन संघ राज्य क्षेत्रों को जहां विधान सभा नहीं है, "राज्य" की परिभाषा के क्षेत्र से बाहर रखा गया है; और

3. यत:, 1999 के उक्त संशोधन आदेश की एक प्रति परिचालित की गई थी और उक्त संशोधन आदेश की विवक्षा समाजवादी जनता पार्टी (राष्ट्रीय) को स्पष्ट कर दी गई थी और इस प्रकार उक्त संशोधन आदेश के आशय के सम्बन्ध में दल को आयोग के पत्र संख्या 56/99-न्यायिक-III, तारीख 8जून,1999 द्वारा नोटिस दे दिया था; और

4. यत: 1999 के उक्त संशोधन आदेश में, उसके खण्ड (3) में उपबंध की व्याप्ति के द्वारा उक्त संशोधन आदेश से पूर्व ऐसे किसी संघ राज्य क्षेत्र में दल को दी गई मान्यता केवल 13वीं लोक सभा के लिए साधारण निर्वाचन सम्पन्न होने तक जारी रहनी थी; और

5. यत: 13वीं लोक सभा के लिए साधारण निर्वाचन अक्तूबर, 1999 में सम्पन्न हो गए हैं; और

INDEX

6. यत:, 1999 के उक्त संशोधन आदेश के आधार पर, 13वीं लोक सभा के लिए उक्त साधारण निर्वाचन के पश्चात् उक्त दल को चंडीगढ़ संघ राज्य क्षेत्र में, राज्यीय दल के रूप में मान्यता नहीं दी जा सकती; और

7. यत: आयोग द्वारा 26 मई, 2000 के नोटिस सं0 56/रिप्यू/एस.जे.पी.(आर) 2000/न्यायिक-III द्वारा दल को पुन: विधिवत् सूचित किया गया था कि प्रतीक आदेश के संशोधित उपबन्धों को ध्यान में रखते हुए चंडीगढ़ संघ राज्य-क्षेत्र में, दल को राज्यीय दल के रूप में अब और आगे नहीं माना जा सकता,

8. अत: अब, निर्वाचन प्रतीक (आरक्षण और आबंटन) आदेश, 1968 के प्रयोजनों के लिए चंडीगढ़ संघ राज्य क्षेत्र में, समाजवादी जनता पार्टी (राष्ट्रीय) को अब और आगे मान्यता प्राप्त राज्यीय दल के रूप में नहीं माना जाएगा ।

आदेश से,

के0जे0 राव
सचिव

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

Extra No.319 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] SATURDAY, JULY 15, 2000 / ASADHA 24, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચુંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
નવા સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૧૬-૭-૨૦૦૦.

ક્રમાંકઃરાચપ/ચટણ/મનપા/ચઅન/૨૦૦૦.

વંચાણે લીધું :– (૧) રાજ્ય ચુંટણી પંચના આદેશ ક્રમાંકઃરાચપ/ચટણ/મનપા/ચઅન/૨૦૦૦, તા. ૧૦–૪–૨૦૦૦.

સુધારા આદેશ :–

રાજ્ય ચુંટણી પંચે આમુખ–૧ પરના આદેશથી ભાવનગર મહાનગરપાલીકાની સામાન્ય ચુંટણી માટે ચુંટણી અધિકારી/મદદનીશ ચુંટણી અધિકારીઓની નિયુક્તિ કરેલ છે.

તા. ૧૦–૪–૨૦૦૦ ના આદેશની અનુસુચિમાં દર્શાવેલ ભાવનગર મહાનગરપાલીકાના વોર્ડ નંબર ૮ થી ૧૦ માટે કોલમ નં. ૫ માં જણાવેલ અધિકારીની નિયુક્તિ રદ કરીને તેને બદલે નીચે પત્રક પ્રમાણેના કોલમ નં. ૫ માં જણાવેલ અધિકારીની મદદનીશ ચુંટણી અધિકારી તરીકે નિયુક્તિ કરવા રાજ્ય ચુંટણી પંચ આદેશ કરે છે.

પત્રક

અ.નં.	મહાનગરપાલીકાનું નામ	વોર્ડ નંબર	નિયુક્ત કરેલ ચુંટણી અધિકારીનો હોદ્દો	નિયુક્ત કરેલ મદદનીશ ચુંટણી અધિકારીનો હોદ્દો
૧	૨	૩	૪	૫
૧.	ભાવનગર	૮ થી ૧૦	ખાસ જમીન સંપાદન અધિકારી, ભાવનગર	મામલતદારશ્રી, મનોરંજનકર, કલેકટર કચેરી, ભાવનગર.

આદેશથી,

યો. જે. દીક્ષિત,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 320 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. XLI] SATURDAY, JULY 15, 2000 / ASADHA 24, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજય ચૂંટણી પંચ
બ્લોક નંબર ૯ : ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તારીખ : ૧૦-૭-૨૦૦૦

ક્રમાંક : રાચપ-ચટણ-મતય-ગ્રા.પં.-૨૦૦૦

વિષય : ગ્રામ પંચાયતોની સને ૨૦૦૦ની સાલની મતદારયાદી તૈયાર કરવા તથા પ્રસિદ્ધ કરવા બાબત.

આદેશ

૧. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ- ૧૭,૧૮ તથા ૨૦ (૧) અન્વયે ગુજરાત રાજયની તમામ ગ્રામ પંચાયતોની વોર્ડવાર તૈયાર કરેલ મતદારયાદીઓ રાખવા, તેની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધ કલમ-૨૦ (૨) તથા ૨૦ (૭) અન્વયે રાજય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

INDEX

૨. રાજય ચૂંટણી પંચના નીચેના આદેશ / પરિપત્રોની સુચનાઓ અનુસાર તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ-૩ થી નિયત કરેલ નમૂનાઓ તથા રાજય ચૂંટણી પંચ તરફથી નિયત કરેલ નમૂનાઓ અનુસાર ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ ગુજરાત વિધાનસભાની નીચેની આખરી પ્રસિદ્ધ થયેલ મતદારયાદીઓ ઉપરથી નિર્દિષ્ટ સત્તાધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરવાની રહે છે.

(૧) ૧. આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-જીતાપં-૯૫. તા.૩૦-૩-૯૫.

૨. આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-જીતાપં-૯૫. તા.૬-૪-૯૫.

૩. પરિપત્ર ક્રમાંક : રાચપ-પચત-મતય-જીતાપં-૯૫. તા.૫-૪-૯૫.

૪. આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-૯૫. તા.૨૪-૭-૯૫.

૫. આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-જીતાપં-૯૬. તા.૭-૨-૯૬.

૬. આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-૯૮. તા.૧૨-૩-૯૮.

(૨) ૧. વિધાનસભા મતદાર વિભાગની મૂળ મતદારયાદી ૧૯૯૮

૨. પૂરવણી મતદારયાદી ૧૯૯૮

૩. પૂરવણી મતદારયાદી ૧૯૯૯

૪. પૂરવણી મતદારયાદી ૨૦૦૦

૩. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૦ (૨) તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ-૩ થી મળેલ સત્તાની રૂઇએ રાજય ચૂંટણી પંચ, રાજયના જિલ્લાઓની નીચેની જણાવેલ પ્રકારોવાળી ગ્રામ પંચાયતોની સને ૨૦૦૦ની વોર્ડવાર મતદારયાદીઓ નિર્દિષ્ટ સત્તાધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરવાનું નકકી કરે છે અને તૈયાર કરેલ વોર્ડવાર મતદારયાદીઓની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કરવા માટે નીચે પ્રમાણે કાર્યક્રમ નકકી કરે છે.

(અ) ગ્રામ પંચાયતોનું વિભાજન થતાં નવીન રચાયેલ ગ્રામ પંચાયતો, જેના વોર્ડોના સીમાંકન અને બેઠકોની ફાળવણીના આદેશો તા. ૨૦-૭-૨૦૦૦ સુધીમાં કરેલ હોય અને જેની મતદારયાદી પ્રસિદ્ધ થયેલ ન હોય તેવી આ સાથેના અનુસૂચિ-૧માં જણાવેલ ગ્રામ પંચાયતો

(બ) રાજય ચૂંટણી પંચને મળેલ માહિતી પ્રમાણે વિભાજન થયેલ ગ્રામ પંચાયતો જેની વોર્ડરચના થયેલ છે અને મતદારયાદી તૈયાર કરી પ્રસિદ્ધિ બાકી છે તેની યાદી આ સાથે અનુસૂચિ-૧ મુજબ છે તેમ છતાં અનુસૂચિમાં સમાવેશ ન થયેલ હોય, પરંતુ વોર્ડરચના, બેઠક ફાળવણીના આદેશ મતદારયાદીની આ આદેશ અનુસાર પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ સુધીમાં કરવામાં આવે તેવી ગ્રામ પંચાયતો.

INDEX

		કાર્યક્રમ
૧.	તા. ૧-૧-૨૦૦૦ની સ્થિતિએ તૈયાર થયેલ તા.૭-૧-૨૦૦૦ના રોજ આખરી પ્રસિદ્ધ થયેલ વિધાનસભાના મતદાર વિભાગોની મતદારયાદી ઉપરથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવાની સમય મર્યાદા	૧૫ દિવસ
૨.	હસ્તલિખિત વોર્ડવાર મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ	૨૦-૦૭-૨૦૦૦
૩.	નિયમ-૩(ક) તથા ૩(ખ) અન્વયે દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	૨૭-૦૭-૨૦૦૦
૪.	રજુ થયેલ દાવાં અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ.	૦૭-૦૮-૨૦૦૦
૫.	વોર્ડવાર હસ્તલિખિત પુરવણી મતદારયાદી તૈયાર કરવાની તારીખ	૧૧-૦૮-૨૦૦૦
૬.	વોર્ડવાર પૂરવણી સહિત હસ્તલિખિત મતદારયાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ	૧૭-૦૮-૨૦૦૦

૪. (૧) રાજય ચૂંટણી પંચના પેરા-૨ માં જણાવેલ આદેશો તથા પરિપત્રોમાં આપેલ સૂચનાઓ અનુસાર સને ૨૦૦૦ની સાલની ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તા.૧૨-૩-૯૮ના આદેશથી સુધારેલા નમૂના નંબર-૨ તથા ૫ માં જણાવેલ વિગતો દર્શાવી તૈયાર કરવાનું રાજય ચૂંટણી પંચ નકકી કરે છે.

(૧) ગ્રામ પંચાયતોની વોર્ડવાર મૂળ મતદારયાદીના મથાળામાં વિધાનસભાની મૂળ યાદી જે વર્ષની હોય તે વર્ષ દર્શાવવાનું રહેશે, જયારે ગ્રામ પંચાયતની વોર્ડવારયાદી જે વર્ષે તૈયાર થતી હોય તે વર્ષ દર્શાવવાનું રહેશે.

(૨) વિધાનસભાની ૧૯૯૮ની કોમ્પ્યુટરાઈઝડ મૂળ મતદારયાદીમાં ૧૯૯૮, ૧૯૯૯ તથા ૨૦૦૦ સાલની પૂરવણી મતદારયાદી મુજબ સૌ પ્રથમ નીચે મુજબ સુધારા વધારા કરવાના રહેશે.

(અ) ૧૯૯૮, ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની પૂરવણી મતદારયાદી મુજબના નવીન મતદારોના નામો તથા તા.૭-૧-૨૦૦૦ના રોજ ગુજરાત વિધાનસભાની આખરી પ્રસિદ્ધિ થયેલ સને ૨૦૦૦ની સાલની પૂરવણી મતદારયાદી બાદ જિલ્લાના વિધાનસભા મતદાર વિભાગના મતદાર નોંધણી અધિકારીઓ/મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ તરફથી નવીન/વધારાના મતદારોના નામો દાખલ કરવા અગર દાખલ કરેલ મતદારોના નામો કમી કરવા કરેલ હુકમો ઉપરથી તેવા મતદારોના અને તે ઉપરથી પૂરવણી મતદારયાદી તૈયાર કરેલ હશે તો તેવી પૂરવણી મતદારયાદીનાં વધારાના નામોની યાદી મુજબ નવીન મતદારોના નામો જે તે ઘર/કુટુંબના મતદારોના નામો સાથે રાખી આવા મતદારોના નામો વિધાનસભાની મૂળયાદીમાં જણાવેલ જે તે અનુક્રમ નંબરો પછી દાખલ કરવા/નામો અંતર્ગત કરવાના રહેશે. અને આ રીતે ૧૯૯૮ની મૂળ મતદારયાદીમાં નવીન નામો દાખલ થવાથી મતદારોના અનુક્રમ નંબરોમાં ફેરફાર કરવાનો રહેશે.

(બ) ૧૯૯૮, ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની વિધાનસભાની પૂરવણી મતદારયાદીની સુધારા યાદી મુજબ વિધાનસભાની ૧૯૯૮ની મૂળ યાદીમાં જણાવેલ મતદારોના જે તે નામો તેમજ અન્ય વિગતોમાં સુધારા કરવાના રહેશે.

(ક) ઉપરે પેરા (અ) માં જણાવેલ પૂરવણી મતદારયાદી ૧૯૯૮, ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની વિધાનસભાની પૂરવણી મતદારયાદી અને હુકમો આધારે કમી થયેલ મતદારોના નામો સહુ પ્રથમ ૧૯૯૫ની સાલની વિધાનસભાની મૂળ મતદારયાદીમાંથી કમી કરવાના રહેશે. આવા કમી થયેલ મતદારોના નામોનો ૨૦૦૦ની સાલની હસ્તલિખિત તૈયાર થનાર યાદીમાં સમાવેશ કરવાનો નથી.

(૩) ગ્રામ પંચાયતોની સને ૨૦૦૦ના વર્ષની વોર્ડવાર મતદારયાદીઓ તા.૧-૧-૨૦૦૦ના રોજની સ્થિતિએ તૈયાર કરવાની છે જેથી વિધાનસભાની ૧૯૯૮ની સાલની મૂળ મતદારયાદી તથા ૧૯૯૮ની સાલની પૂરવણી મતદારયાદીમાં જણાવેલ ઉંમરમાં બે વર્ષ ઉમેરીને હસ્તલિખિત યાદીમાં ઉંમર દર્શાવવાની રહેશે. તેવી જ રીતે ૧૯૯૯ની સાલની પૂરવણી મતદારયાદીમાં જણાવેલ ઉંમરમાં એક વર્ષ ઉમેરીને હસ્તલિખિત યાદીમાં ઉંમર દર્શાવવાની રહેશે. જયારે ૨૦૦૦ની સાલની વિધાનસભાની પૂરવણી મતદારયાદીમાં જણાવેલ ઉંમરમાં કોઇ ફેરફાર કર્યા સિવાય મતદારયાદીમાં જણાવેલ ઉંમર હસ્તલિખિત મતદારયાદીમાં દર્શાવવાની રહેશે.

(૪) નમૂના નંબર - ૨ તથા ૫ મુજબ ગ્રામ પંચાયતની નીચેની વોર્ડવાર મતદારયાદી તૈયાર કરવા માટે કોલમોમાં દર્શાવવાની વિગતોની સમજૂતી નોંધ આ આદેશ સાથે સામેલ રાખેલ છે તે મુજબ જે તે કોલમમાં સાચી વિગતો દર્શાવવાની ખાસ નોંધ રાખવાની છે.

(૧) ગ્રામ પંચાયતોની વોર્ડવાર મૂળ મતદારયાદી નમૂના નંબર - ૨

(૨) ગ્રામ પંચાયતોની વોર્ડવાર પૂરવણી મતદારયાદી નમૂના નંબર - ૫

વધારાના નામોની યાદી

સુધારા નામોની યાદી

કમી નામોની યાદી

(૫) ગ્રામ પંચાયતોની વોર્ડવાર હસ્તલિખિત મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ બાદ પૂરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે તેમાં મતદારયાદીના મથાળામાં ૧૯૯૮ ને બદલે ૨૦૦૦ એ મુજબ દર્શાવવાનું રહેશે. આ મતદારયાદી તા.૧૨-૩-૯૮ના આદેશથી સુધારેલા નમૂના નંબર - ૫ મુજબ તૈયાર કરવાની રહેશે. આ નમૂનો તા.૧૨-૩-૯૮ના આદેશ સાથે સામેલ છે. છતાં પણ નમૂના નંબર - ૫ નો સુધારેલી પૂરવણી મતદારયાદીનો નમૂનો આ સાથે સામેલ રાખેલ છે.

(૬) ગુજરાત વિધાનસભાની તા. ૭-૧-૨૦૦૦ના રોજ આખરી પ્રસિદ્ધિ થયેલ સને ૧૯૯૮ ની સાલની મૂળ કોમ્પ્યુટરાઇઝ્ડ મતદારયાદી ૧૯૯૮, ૧૯૯૯ તથા ૨૦૦૦ ની સાલની પૂરવણી મતદારયાદી સાથે સર્વિસ મતદારોની યાદી પણ પ્રસિદ્ધ થયેલ હશે તો સર્વિસ મતદારોની યાદીમાં જણાવેલ જે તે ગામોના સર્વિસ મતદારોના નામો જે તે ગ્રામ પંચાયતના વોર્ડમાં સમાવેશ કરવાના રહેશે અને તે માટે સર્વિસ મતદારોની ૨૦૦૦ની સાલની હસ્તલિખિત મતદારયાદી વોર્ડવાર તૈયાર કરવાની રહેશે અને તે યાદી સને ૨૦૦૦ની સાલની મતદારયાદી સાથે રાખવાની રહેશે. આ મતદારયાદી નમૂના નંબર-૬ મુજબ તૈયાર કરવાની રહેશે. જેમાં મથાળામાં '૨૦૦૦' એ મુજબ દર્શાવવાનું રહેશે.

(૭) ગ્રામ પંચાયતોની સને ૨૦૦૦ની સાલની વોર્ડવાર મતદારયાદી તથા સર્વિસ મતદારોની યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ બાદ નિયત સમયમર્યાદામાં કોઇ દાવા અરજીઓ રજૂ થયેલ નહિ હશે તો તે માટે પૂણ પૂરવણી મતદારયાદી તૈયાર કરવાનું રાજય ચૂંટણી પંચ નકકી કરે છે. અને તે અનુસારની ૨૦૦૦ની સાલની ગ્રામ પંચાયતોના દરેક વોર્ડની મૂળ મતદારયાદી તથા સર્વિસ મતદારોની યાદી સાથે ગ્રામ પંચાયતની દરેક વોર્ડ માટેની પૂરવણી મતદારયાદી તથા સર્વિસ મતદારોની યાદી તૈયાર કરી આખરી પ્રસિદ્ધિ કરવામાં આવે તેની ખાસ કાળજી નિર્દિષ્ટ સત્તાધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ રાખવાની રહેશે.

૫. ઉપર પેરા ૪(૨) થી ૪(૩) માં જણાવ્યા પ્રમાણે વિધાનસભાની મૂળ મતદારયાદીમાં નવીન નામો જે તે સ્થળે દાખલ કરી, કમી મતૃદારોના નામો કમી કરી, સુધારા યાદી મુજબ મતદારોના નામ, ઉંમર, જાતિમાં સુધારા કર્યા બાદ ગ્રામ પંચાયતના ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૬ મુજબ વોર્ડવાર સીમાંકનના થયેલ આદેશ અનુસાર નકકી કરેલ જે તે વોર્ડના વિસ્તારના રહીશ મતદારોની ખાત્રી કરી જે તે ગ્રામ પંચાયતની વોર્ડવાર હસ્તલિખિત મતદારયાદી તૈયાર કરાવવાની રહેશે. અને તેમાં જે તે વોર્ડના વિસ્તારના જ મતદાર જે તે વોર્ડની યાદીમાં દાખલ થાય તેની ખાસ નોંધ રાખવાની રહેશે. આ મતદારયાદીની ચાર પ્રતો તૈયાર કરવાની રહેશે.

રાજય ચૂંટણી પંચ ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદી તૈયાર કરી તેની પ્રસિદ્ધિ કરવા માટે નકકી કરેલ કાર્યક્રમ અનુસાર મતદારયાદીઓ તૈયાર કરી તેની પ્રાથમિક તેમજ આખરી પ્રસિદ્ધિ કરવાની સૂચનાઓ આપવામાં આવે ત્યારે યથાપ્રસંગે નીચે જણાવેલ મતદારયાદીઓમાં છેવટના ભાગે નીચે મુજબની નોંધ તથા સહીઓ નિર્દિષ્ટ સત્તાધિકારી અને તાલુકા મામલતદારોએ કરવાનું રાજય ચૂંટણી પંચ નકકી કરે છે.

૧. ગ્રામ પંચાયતની મૂળ મતદારયાદીમાં
૨. ગ્રામ પંચાયતની પૂરવણી મતદારયાદીમાં
૩. ગ્રામ પંચાયતની પૂરવણી મતદારયાદી નંબર - ૧ માં
૪. ગ્રામ પંચાયતની પૂરવણી મતદારયાદી નંબર - ૨ માં

રાજય ચૂંટણી પંચ તરફથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તથા સર્વિસ મતદારોની મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ અને આખરી પ્રસિદ્ધિ જે તારીખે કરવા કાર્યક્રમ નકકી કરેલ હોય તે તારીખોની નોંધ ગ્રામ પંચાયતોના દરેક વોર્ડની મૂળ અગર પૂરવણી મતદારયાદીમાં યથાપ્રસંગ નીચે મુજબની નોંધ તથા સહી નિર્દિષ્ટ સત્તાધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ કરવાનું રાજય ચૂંટણી પંચ નકકી કરે છે.

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી
સ્થળ : નિર્દિષ્ટ સત્તાધિકારી
તારીખ : .....ગ્રામ પંચાયત
અને મામલતદાર ..... તાલુકો

આખરી પ્રસિદ્ધિ કરી
સ્થળ : નિર્દિષ્ટ સત્તાધિકારી
તારીખ: ..... ગ્રામ પંચાયત
અને મામલતદાર ..... તાલુકો

૬. ગ્રામ પંચાયતોની વોર્ડવાર હસ્તલિખિત મતદારયાદીઓ ઉપરથી જરૂરિયાત મુજબ ટાઇપ (સાઇકલોસ્ટાઇલ/ઝેરોક્ષ) નકલો કરાવી ગ્રામ પંચાયતોની સામાન્ય/મધ્યસત્ર/પેટા ચૂંટણી સમયે ઉપયોગમાં લેવાનું રાજય ચૂંટણી પંચ નકકી કરે છે.

૮. વિધાનસભાના મતદાર વિભાગોની ભાગવાર મૂળ મતદારયાદી તથા તેની પુરવણી મતદારયાદીઓના મતદારોનો મહાનગરપાલિકાના કયા વોર્ડના કયા વિભાગમાં સમાવેશ કરેલ છે તે તથા કમી મતદારો મહાનગરપાલિકાના કયા વોર્ડના કયા વિભાગના મતદારો છે તે દર્શાવતું રાજય ચૂંટણી પંચના તા.૧૦–૩–૯૮ના આદેશથી નક્કી કરેલ નમૂના : ૨ મુજબનું પત્રક તૈયાર કરવાનું રહે છે. નમૂના નંબર : ૧ તથા નમૂના નંબર : ૨ નું પત્રક પ્રાથમિક પ્રસિદ્ધિનો અહેવાલ રાજય ચૂંટણી પંચ તથા શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રીને મોકલવામાં આવે તે સાથે મોકલવાની ખાસ નોંધ રાખવા જે તે મહાનગરપાલિકાના મતદાર નોંધણી અધિકારી અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી મહાનગરપાલિકાઓને અંગત ધ્યાન આપવા જણાવવામાં આવે છે.

૯. રાજય ચૂંટણી પંચના ઉપર પેરા ૨ માં જણાવેલ આદેશો / પરિપત્રો તથા આ પરિપત્રથી આપેલ સૂચનાઓ અનુસાર રાજયની મહાનગરપાલિકા વિસ્તાર માટેની વોર્ડવાર / વિભાગવાર જે તે વર્ષે મૂળ મતદારયાદીઓ અગર પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે ત્યારે આવી મતદારયાદીઓની નોંધોની ૧૦૦ ટકા ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા કલેકટર અને શહેર ચૂંટણીઅધિકારીઓએ કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે છે હાલ પંચના આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–મનપા–મતય–૨૦૦૧, તા. ૫–૧૨–૨૦૦૦ અન્વયે ૨૦૦૧ની વોર્ડવાર પુરવણી મતદારયાદી તૈયાર થાય છે તેથી આ પુરવણી યાદીની નોંધોની ૧૦૦ % ચકાસણી કરવા પંચ સૂચના આપે છે. આ ચકાસણી માટે નીચે જણાવેલ કક્ષાના અધિકારીઓ / કર્મચારીઓ વચ્ચે મહાનગરપાલિકાના વોર્ડો તથા તેના વિભાગોની વહેંચણી શહેર ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટરશ્રીઓએ કરવાની રહેશે.

	મતદારયાદીમાં દાખલ કરેલ નોંધોની ચકાસણી કરવાની ટકાવારી
(૧) નાયબ કલેકટર / નાયબ કમિશ્નર કક્ષાના અધિકારીઓ	૫
(૨) મામલતદાર / મદદનીશ કમિશ્નર કક્ષાના અધિકારીઓ	૫
(૩) મહાનગરપાલિકાના સેક્રેટરી કક્ષાના અધિકારીઓ	૨૦
(૪) મહાનગરપાલિકાના ઈન્સ્પેકટરો / સુપરવાઈઝરી કક્ષાના અધિકારીઓ	૩૦
(૫) નાયબ મામલતદાર કક્ષાના કર્મચારીઓ / મહાનગરપાલિકાના અધિકારી કક્ષાના કર્મચારીઓ	૩૦

તમામ નોંધોની ચકાસણીએ રીતે કરવાની રહેશે કે એક જ નોંધની ચકાસણી એકના એક અધિકારી તથા કર્મચારીઓ તરફથી થાય નહી તે માટેની સૂચનાઓ સંબંધકર્તા અધિકારીઓ / કર્મચારીઓને આપવાની રહેશે.

ઉપર જણાવેલ અધિકારી / કર્મચારીઓ તરફથી ચકાસણી કરેલ હોય તેની વિગતો સંબંધકર્તા અધિકારી / કર્મચારીઓ પાસેથી મતદાર નોંધણી અધિકારી અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ મેળવવાની રહેશે અને તેઓએ તેનો અહેવાલ રાજય ચૂંટણી પંચને મોકલવાનો રહેશે.

૧૦. ઉપર પેરા ૨ માં જણાવેલ પરિપત્રો / આદેશો તથા આ પરિપત્ર અનુસાર પુરવણી મતદારયાદીઓ તૈયાર થાય તે માટે મહાનગરપાલિકાઓના મતદાર નોંધણી અધિકારી અને મ્યુનિસિપલ કમિશ્નરશ્રી મહાનગરપાલિકાઓ તથા મદદનીશ નોંધણી અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવાની રહેશે તેઓને આ પરિપત્રની નકલો તાત્કાલિક મહાનગરપાલિકા વિસ્તારના શહેર ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મોકલવાની રહેશે.

INDEX

૧૧. રાજ્ય ચૂંટણી પંચ તરફથી મહાનગરપાલિકાઓની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ તેમજ આખરી પ્રસિદ્ધિ જે તારીખે કરવાની નક્કી કરેલ હોય તે તારીખની નોંધ દરેક વોર્ડની દરેક વિભાગની મૂળ અંગર પુરવણી મતદારયાદીમાં યથાપ્રસંગ નીચે મુજબની મતદાર નોંધણી અધિકારી અને કમિશ્નરશ્રીઓએ હોદ્દા સાથે નોંધ તથા સહી કરવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી		આખરી પ્રસિદ્ધિ કરી	
	મતદાર નોંધણી અધિકારી .....મહાનગરપાલિકા અને		મતદાર નોંધણી અધિકારી ..... મહાનગરપાલિકા અને
સ્થળ	મ્યુનિસિપલ કમિશ્નર	સ્થળ :	મ્યુનિસિપલ કમિશ્નર
તારીખ	..... મહાનગરપાલિકા	તારીખ:	..... મહાનગરપાલિકા

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

નમૂના નંબર : ૪

(જુઓ નિયમ – ૪)

..... મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડના મતદારો જોગ

જાહેર સૂચના

મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) ૧૯૯૪ના નિયમ ૪ અનુસાર આથી ..... મહાનગરપાલિકા હદ વિસ્તારના વિસ્તારના નાગરિકોને જણાવવામાં આવે છે કે ..... મહાનગરપાલિકાની ચૂંટણી અંગેની વોર્ડ નંબર ૧ થી ..... સુધીની મુસદ્દારૂપ મતદારયાદી સને +હસ્તલિખિત તૈયાર કરેલ હોઈ / છપાવવામાં આવેલ હોઈ શહેર / નગરની હદમાં વસતા નાગરિકોને જોવા માટે હસ્તલિખિત / છાપેલી મતદારયાદીઓ નીચેના સ્થળોએ તારીખ : ..... ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

મતદારયાદીઓ જોવા માટેના સ્થળોના નામો

(૧)

(૨)

(૩)

આ પ્રસિદ્ધિને અનુલક્ષીને નીચેની બાબતો તરફ પણ ધ્યાન દોરવામાં આવે છે.

૧. ઠરાવેલી લાયકાત ધરાવતા જે કોઈ શખ્સનું નામ મતદારયાદીમાં ન હોય અને પોતાનું નામ તેમાં દાખલ કરાવવા માંગતા હોય તેવા દરેક શખ્શે ઉપરોક્ત નિયમો અન્વયે વિહિત થયેલી નમૂના 'ક' માં યાદી પ્રસિદ્ધ થયાના દિવસ–૨૨ની અંદર મતદાર નોંધણી અધિકારીને લેખિત સૂચના આપવી અથવા મહાનગરપાલિકાના મતદાર નોંધણી અધિકારીની / મદદનીશ મતદાર નોંધણી અધિકારીની નીચે જણાવેલ સ્થળે આવેલી કચેરીમાં / ચૂંટણી શાખામાં રૂબરૂ અગર રજી.પોસ્ટથી નિયત સમય મર્યાદામાં મળે તે રીતે મોકલવાની રહેશે.

૨. નમૂના 'ક' ની અરજીના છાપેલા ફોર્મ અગર નમૂનો મહાનગરપાલિકાની ચૂંટણી શાખામાંથી નમૂના દીઠ રૂા.૦.૫૦ પૈસાની કિમતે વેચાણ મળી શકશે. મહાનગરપાલિકાની કચેરીમાંથી નમૂના મજબ ટાઈપ કરાવેલ અગર હસ્તલિખિત અરજીઓ પુરી વિગતો સાથે નિયત સમયમર્યાદામાં મતદાર નોંધણી અધિકારીને રજૂ કરી શકશે.

૩. જે તે વોર્ડની હસ્તલિખિત મતદારયાદીઓ છપાવવામાં આવેલ ન હોવાથી જે તે વોર્ડની છાપેલી યાદી વેચાણ મળી શકશે નહી પરંતુ હસ્તલિખિત મતદારયાદી ઉપરથી ઝેરોક્ષ કોપી વેચાણ મળી શકશે તે માટે કોઈપણ વ્યક્તિએ મતદારયાદીની ઝેરોક્ષ નકલ મેળવવી હશે તો હસ્તલિખિત યાદી ઉપરથી ઝેરોક્ષ કઢાવવાના થનાર ખર્ચની રકમ મહાનગરપાલિકાની કચેરીમાં રોકડમાં જમા કરાવ્યા બાદ તેવી વ્યકિતને મતદારયાદીની મહાનગરપાલિકાની ચૂંટણી શાખામાંથી વેચાણ મળી શકશે.

૪. મતદારયાદીની નકલ ગુજરાત વિધાનસભાની મતદારયાદીની નકલ અથવા તેના ભાગની નકલ જે દરે વેચવામાં આવતી હોય તે મુજબના દરેક અગર મહાનગરપાલિકા નક્કી કરે તે દરે મહાનગરપાલિકાની ચૂંટણી શાખામાંથી વેચાણ મળી શકશે.

તા. –૧–૨૦૦૦

મતદાર નોંધણી અધિકારી
..... મહાનગરપાલિકા
અને મ્યુનિસિપલ કમિશ્નર .....

ચૂંટણી શાખા
મહાનગરપાલિકા

નોંધ : + લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું

[illegible] નંબર : નમૂના નંબર : ૬

[illegible] નિયમ ૮. (જુઓ નિયમ ૭)

[illegible]લિકા [illegible]દે ..... મહાનગરપાલિકા વિસ્તારના વોર્ડના મતદારો જોગ

[illegible] [illegible] જાહેર સૂચના

[illegible] હદમાં [illegible] આથી ..... નગર / શહેર ની હદમાં વસતા તમામ નાગરિકોને જણાવવામાં આવે છે કે, મુંબઈ [illegible] પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) નિયમો ૧૯૯૪ નાં નિયમ ૪ અનુસાર ..... [illegible] મંહાનગરપાલિકાના વોર્ડ નંબર ..... થી ..... ની તારીખે ..... નાં રોજ મુસદ્દારૂપ પ્રસિદ્ધ કરેલી [illegible] સને ..... ની મતદારયાદીનાં અનુસંધાને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (મતદાર નોંધણી) [illegible] નિયમો ૧૯૯૪ ના નિયમ : ૬ ની જોગવાઈઓ અન્વયે જે દાવાઓ આવ્યા હતા તે વિગતોને ધ્યાનમાં લઈને નિયમ : ૭ ની [illegible] જોગવાઈ અન્વયે ..... મહાનગરપાલિકાના વોર્ડનંબર ૧ થી ..... ની × હસ્તલિખિત / છાપેલી [illegible] આખરી મતદારયાદીઓ નીચેના સ્થળોએ તા..... ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

[illegible]ઓ જોવા [illegible] આખરી મતદારયાદીઓ જોવા માટેના સ્થળાના નામો.

(૧)
(૨)
(૩)

[illegible] પ્રસિદ્ધ [illegible] *૨. મહાનગરપાલિકાની ઉપરોક્ત વોર્ડોની આખરી પ્રસિદ્ધ કરેલ મતદારયાદીઓ છપાવવામાં આવી હોય ત્યારે [illegible]ઈપણ [illegible] મતદારયાદીની છાપેલી નકલો જોઈતી હોય તેવી કોઈપણ વ્યક્તિને ગુજરાત વિધાનસભાની મતદારયાદીની નકલ અથવા [illegible] હોય તે [illegible] તેના ભાગની નકલ જે દરે વેચવામાં આવતી હોય તે મુજબના દરે અગર મહાનગરપાલિકા નક્કી કરે તે દરે [illegible] શકશે. મહાનગરપાલિકાની ચૂંટણી શાખામાંથી વેચાણ મળી શકશે.

[illegible]રયાદી [illegible] *૩. મહાનગરપાલિકાની આખરી પ્રસિદ્ધ કરેલ મતદારયાદીઓ છપાવવામાં આવેલ ન હોવાથી જે તે વોર્ડની છાપેલી [illegible]લિખિત [illegible] મતદારયાદીઓ વેચાણ મળી શકશે નહી પરંતુ હસ્તલિખિત મતદારયાદી ઉપરાંત ઝેરોક્ષ કોપી વેચાણ મળી શકશે તે માટે [illegible]વવી હોય [illegible] કોઈપણ વ્યક્તિ મતદારયાદીની ઝેરોક્ષ નકલ મેળવવી હશે તો હસ્તલિખિત મતદારયાદી ઉપરથી ઝેરોક્ષ કઢાવવામાં [illegible] રોકડમા [illegible] થનાર ખર્ચની રકમ મહાનગરપાલિકા કચેરીમાં રોકડમાં જમા કરાવ્યા બાદ તેવી વ્યક્તિને મતદારયાદીની નકલ મહાનગરપાલિકાની ચૂંટણી શાખામાંથી મળી શકશે.

મતદાર નોંધણી અધિકારી
..... મહાનગરપાલિકા
અને મ્યુનિસિપલ કમિશ્નર .....

સ્થળ : .....
તારીખ : .....

નોંધ : * લાગુ ન પડતો હોય તે ચેરો કાઢી નાખવો.
× લાગુ ન પડતું હોય તે છેકી નાંખવું.

INDEX

નમુના નંબર : ૭ (૧)
(જુઓ નિયમ—૭)

મતદાર કેન્દ્ર નંબર : ..... વિભાગ નંબર : .....

..... મહાનગરપાલિકાની ચૂંટણી માટેની સને ૧૯૯૫ની સાલની મતદારયાદીની સને ૨૦૦૧ની પુરવણી મતદારયાદી નંબર ૧

વોર્ડનંબર : ..... વોર્ડનું નામ : .....

વધારાના નામોની યાદી

અનું નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા.૧ જાન્યુઆરી ૨૦૦૧ના રોજની ઉંમર	મતદારને ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભુલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

કમી નામોની યાદી

મતદારયાદીના અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

મતદાર નોંધણી અધિકારી
.....મહાનગરપાલિકા અને
મ્યુનિસિપલ કમિશ્નર ..... મહાનગરપાલિકા

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી

સ્થળ
તારીખ

મતદાર નોંધણી અધિકારી
..... મહાનગરપાલિકા
મ્યુનિસિપલ કમિશ્નર..... મહાનગરપાલિકા

નમુના નંબર : ૭ (૨)
(જુઓ નિયમ–૭)

મતદાર કેન્દ્ર નંબર : .....

વિભાગ નંબર : .....

..... મહાનગરપાલિકાની ચૂંટણી માટેની સને ૧૯૯૫ની સાલની મતદારયાદીની સને ૨૦૦૧ની પુરવણી મતદારયાદી નંબર ૨

વોર્ડનંબર : .....

વોર્ડનું નામ : .....

વધારાના નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા.૧ જાન્યુઆરી ૨૦૦૧ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભુલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

કમી નામોની યાદી

મતદારયાદીના અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ :.....

મતદાર નોંધણી અધિકારી
.....મહાનગરપાલિકા અને
મ્યુનિસિપલ કમિશ્નર ..... મહાનગરપાલિકા

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી

સ્થળ

મતદાર નોંધણી અધિકારી
..... મહાનગરપાલિકા

તારીખ

મ્યુનિસિપલ કમિશ્નર..... મહાનગરપાલિકા

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 796 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIJ TUESDAY, DECEMBER 5, 2000/AGRAHAYANA 14, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય,ગાંધીનગર.
તારીખ : ૫ –૧૨–૨૦૦૦

ક્રમાંક : રાચપ–ચટણ–ન.પા.–પીડીઈ–૨૦૦૧

વિષય : નગરપાલિકા / નગરપંચાયતો
મતદારયાદીમાં સુધારા–વધારા કરવા / પુનઃ નિરીક્ષણ કરવા તથા પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા તથા પ્રસિધ્ધ કરવા બાબત.

પરિપત્ર

૧. ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ – ૯ ની પેટા કલમ – ૨, ૨(ક) તથા ૩ અનુસાર તથા ગુજરાત

INDEX

નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો ૧૯૯૪ અન્વયે ગુજરાત રાજ્યની નગરપાલિકા / નગરપંચાયતોના વોર્ડવાર તથા વિભાગવાર મતદારયાદીઓ તૈયાર રાખવા, અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાની રહે છે.

૨. રાજ્યની નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડવાર તથા વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવા તેમજ તેની પ્રસિદ્ધિ કરવા રાજ્ય ચૂંટણી પંચ તરફથી નીચેના પરિપત્રો / આદેશોથી વિભાગવાર સૂચનાઓ આપવામાં આવેલ છે.

(૧) પરિપત્ર નંબર : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૫, તા.૨૭–૧–૯૫
(૨) આદેશ નંબર : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૭૪૦–૯૬, તા.૩–૪–૯૬
(૩) પરિપત્ર ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૬, તા.૨૭–૬–૯૬
(૪) આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૮, તા.૧૧–૩–૯૮
(૫) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૮, તા.૧–૧–૯૯
(૬) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૯, તા.૨૧–૭–૯૯
(૭) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૯, તા.૩–૮–૯૯
(૮) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૯, તા.૧૨–૧૦–૯૯
(૯) આદેશ ક્રમાંક : એસઈસી–ઈએલસી–એમયુએન–પીડીઈ–૯૯, તા.૩૦–૯–૯૯
(૧૦) સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૨૦૦૦, તા.૧૨–૧–૨૦૦૦

ઉપરોક્ત આદેશો / પરિપત્રોથી આપેલ સૂચનાઓ અનુસાર ગુજરાત વિધાનસભાની જે તે વર્ષે અમલમાં હોય તેવી અને આખરી પ્રસિદ્ધિ થયેલી નીચે જણાવેલ મતદારયાદીઓ ઉપરથી નગરપાલિકા / નગરપંચાયતોના વોર્ડોના સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી અંગેના આદેશો રાજ્ય ચૂંટણી પંચ તરફથી બહાર પાડેલ છે, તે સીમાંકનના આદેશો મુજબ શહેર / નગરના તમામ વોર્ડોની વોર્ડવાર તથા વિભાગવાર મતદારયાદીઓ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરવાની રહે છે અને તેની પ્રસિદ્ધિ રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે તે કાર્યક્રમ અનુસાર કરવાની રહે છે.

(૧) ગુજરાત વિધાનસભાની જે તે વર્ષની નગર / શહેરની ભાગવાર મૂળ મતદારયાદીઓ

(૨) ગુજરાત વિધાનસભાની જે તે વર્ષની જે તે ભાગની પુરવણી મતદારયાદીઓ

INDEX

૩. ભારત સરકારના કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા વિધાનસભાની ૧૯૯૮ ની સ્થિતિની મતદારયાદીઓ કોમ્પ્યુટરાઈઝ્ડ કરાવવામાં આવેલ છે. રાજ્ય ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની કોમ્પ્યુટરાઈઝ્ડ થયેલી ૧૯૯૮ની સ્થિતિની મતદારયાદીઓ પરથી રાજ્યની ૧૪૧ નગરપાલિકા / નગરપંચાયતોની ૧૯૯૮ની સ્થિતિની અને પાદરા તથા મોરબી નગરપાલિકાની ૨૦૦૦ની સ્થિતિની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરાવેલ છે. આ મતદારયાદીઓમાં નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારીઓએ ૧૯૯૯ તથા ૧૯૯૮માં સંક્ષિપ્ત સુધારણા કર્યા પ્રમાણેના વધારાના મતદારોના નામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

રાજ્ય ચૂંટણી પંચ તરફથી ૧૯૯૮ની સ્થિતિની કોમ્પ્યુટરાઈઝ્ડ તૈયાર કરેલ પાદરા તથા મોરબી નગરપાલિકા સિવાયની ૧૪૧ નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડવાર અને વિભાગવાર મતદારયાદીઓ તથા તેમાં સુધારા–વધારા કરી સને ૧૯૯૯ ની સાલની પુરવણી મતદારયાદીઓ સાથે તા.૨૦–૧૧–૯૯ના રોજ આખરી પ્રસિદ્ધિ કરી છે. જ્યારે પાદરા તથા મોરબી નગરપાલિકા સને ૨૦૦૦ની સ્થિતિની મતદારયાદીઓ તા.૩૧–૫–૨૦૦૦ના રોજ આખરી પ્રસિદ્ધ કરી છે. ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા.૧–૧–૨૦૦૧ની સ્થિતિએ સુધારી તા.૨–૧–૨૦૦૧ ના રોજ આખરી પ્રસિદ્ધિ કરેલ મતદારયાદીઓ પરથી ૧૪૧ નગરપાલિકા / નગરપંચાયતોની ૧૯૯૮ની સાલની જ્યારે પાદરા તથા મોરબી નગરપાલિકાઓની ૨૦૦૦ની સાલની વોર્ડવાર / વિભાગવાર મૂળ મતદારયાદીઓમાં સુધારા–વધારા કરી સને ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા અને તેની પ્રસિદ્ધ કરવા રાજ્ય ચૂંટણી પંચે નક્કી કર્યુ છે, અને તે માટે ઈલાયદા કાર્યક્રમ આપવામાં આવેલ છે.

૪. ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની સને ૧૯૯૮ની સાલની મૂળ મતદારયાદી સાથે ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા અને તેની પ્રસિદ્ધિ કરવાનું ભારતના ચૂંટણી પંચે નક્કી કર્યા મુજબ ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદી સહિત ગુજરાત વિધાનસભાની ૨૦૦૧ની સાલે મતદારયાદીઓની આખરી પ્રસિદ્ધિ તા.૨–૧–૨૦૦૧ના રોજ કરવામાં આવેલ છે જે તા.૨–૧–૨૦૦૧ થી અમલમાં આવેલ છે.

૫. ગુજરાત નગરપાલિકા અધિનિયમ – ૧૯૬૩ની કલમ–૯ની પેટાકલમ–૨, ૨(ક), ૩ અનુસાર ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની તા.૨–૧–૨૦૦૧ના રોજ અમલમાં આવેલ મતદારયાદીઓ ઉપરથી રાજ્યની નગરપાલિકા / નગરપંચાયતોની કોમ્પ્યુટરાઈઝ્ડ તૈયાર કરેલ મતદારયાદીઓ તથા ૧૯૯૯ની પુરવણી મતદારયાદીઓમાં સુધારા–વધારા કરી ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા માટે જે તે નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ નીચે પ્રમાણે કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા રાજ્ય ચૂંટણી પંચ સૂચના આપે છે.

(૧) ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદી તૈયાર કરવા માટે જિલ્લા કલેકટરશ્રીઓએ તાલુકા મામલતદારશ્રીઓને તા.૧–૧–૨૦૦૧ની રોજની ઉપરની સ્થિતિએ તૈયાર થયેલ અને તા.૨–૧–૨૦૦૧ ના રોજ આખરી પ્રસિદ્ધ થયેલ ગુજરાત વિધાનસભાની મતદાર વિભાગોની ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદીઓના બે થી ત્રણ રોલ / સેટ નગરપાલિકા / નગરપંચાયતો પાસેથી થતી કિંમત વસુલ લઈ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને પુરા પાડવા સુચના આપવાની રહેશે.

(૨) ગુજરાત વિધાનસભાની તા.૧–૧–૨૦૦૧ની સ્થિતિએ તૈયાર થયેલ તા.૨–૧–૨૦૦૧ના રોજ આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદી બાદ નામો કમી કરવા / દાખલ કરવાના ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોના મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ તરફથી હુકમો થયેલ હશે તો તેવા હુકમોની નકલો અગર તે અનુસાર પુરવણી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરેલ હશે તો તેવા હુકમોની નકલો અગર તે અનુસાર પુરવણી મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરેલ હશે તો તેવી પુરવણી મતદારયાદીના બે થી ત્રણ સેટ / રોલ જે તે મામલતદારશ્રીઓએ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને દિન–૭ માં પુરા પાડવાનાં રહેશે.

(૩) ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની જે તે વર્ષની મૂળ તથા પુરવણી મતદારયાદીઓના ભાગો ઉપરથી જે તે શહેર / નગરના ભાગોના મતદારોની કુલ સંખ્યા પૈકી કમી મતદારો અને બાકી રહેતા મતદારોની વિગત બતાવતું પત્રક નમૂના નંબર–૧ પ્રમાણે સંબંધકર્તા તાલુકા મામલતદારશ્રીઓએ જે નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને વિધાનસભાના રોલ / સેટ વેચાણ આપવામાં આવે ત્યારે લેખિત પત્ર સાથે પુરૂ પાડવાનું રહે છે. આ પત્રક તારીખ : ૧૧–૩–૯૮ ના આદેશ સાથેના નમૂના નંબર–૧ માં જરૂરી ફેરફાર કરીને તૈયાર કરવાનું રહે છે. તેમાં સને ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદીના મતદારો સહિતની સંખ્યાની વિગતો પૂરી પાડવાની રહેશે.

(૪) ઉપર પેરા–૫ના પેટા પેરા (૧) તથા (૨) મુજબની ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની તા.૧–૧–૨૦૦૧ના રોજની ઉપરની સ્થિતિએ તૈયાર થયેલ ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદીમાં દાખલ થયેલ નવીન મતદારોના નામોના લત્તા / વિસ્તાર નક્કી કરી જે તે વર્ષની નગરપાલિકા / નગરપંચાયતની વોર્ડવાર / વિભાગવાર મૂળ મતદારયાદીના લત્તા / વિસ્તાર અનુસાર જે તે વોર્ડના જે તે વિભાગના વિસ્તાર / લત્તામાં દાખલ કરવા હસ્તલિખિત પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે. જેના અનુક્રમ નંબરો ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની મૂળ મતદારયાદી ઉપરથી કોમ્પ્યુટરાઈઝ્ડ તૈયાર કરેલ નગરપાલિકા / નગરપંચાયતોની ૨૦૦૦ની સ્થિતિની વોર્ડ / વિભાગની પુરવણી મતદારયાદીમાં છેવટે જણાવેલ મતદારોના અનુક્રમ નંબરો પછીના અનુક્રમ નંબરોથી શરૂઆત કરી ક્રમાનુસાર નંબરો આપવાના રહેશે. તમામ નવીન મતદારોનો નગરપાલિકા / નગરપંચાયતોના જે તે વોર્ડના જે તે વિભાગની યાદીમાં દાખલ કરવામાં આવે તે ખાસ જોવાનું રહેશે. આ મતદારયાદીને તા.૧૧–૩–૯૮ના આદેશ સાથેના નમૂના નંબર – ૭ (૧) મુજબ ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદી નંબર–૧ એ મુજબ મથાળું આપી પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે. નગરપાલિકા / નગરપંચાયતોની પુરવણી મતદારયાદીઓના સુધારા નમૂના નંબર ૭ (૧) તથા ૭ (૨) તા.૧૧–૩–૯૮ નાં આદેશથી નક્કી કરવામાં આવેલ છે. પુરવણી મતદારયાદી નમૂના નંબર ૭ (૧) નો મુસદ્દા રૂપ નમૂનો તૈયાર કરી આ સાથે સામેલ રાખેલ છે તે મુજબ ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદી નંબર – ૧ તૈયાર કરવાની રહેશે.

(૫) ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદીમાં જણાવેલ મતદારોની યાદી અનુસાર કમી મતદારોના નામો નમૂના નંબર – ૭ (૧)ની કમી યાદીમાં જણાવવાના રહેશે જેના અનુક્રમ નંબરો જે તે વોર્ડની જે તે વિભાગની મૂળ યાદીના જણાવવાના રહેશે. તમામ કમી મતદારોના નામો નગરપાલિકા / નગરપંચાયતના જે તે વોર્ડની જે તે વિભાગની યાદીમાં દર્શાવવામાં આવે તે ખાસ જોવાનું રહેશે.

(૬) વિધાનસભાની સુધારા નામોની યાદી મુજબ જે મતદારોના નામોમાં તથા અન્ય વિગતોમાં સુધારો થયેલ હશે તો તેની વિગત નગરપાલિકા / નગરપંચાયતના જે તે વોર્ડની જે તે વિભાગની નમૂના નંબર – ૭ (૧) ની સુધારા નામોની યાદીમાં દર્શાવવાની રહેશે. જેના અનુક્રમ નંબરો કોલમ નંબર–૧ માં જણાવવાના રહેશે.

(૭) જે તે વર્ષની પુરવણી યાદીમાં જણાવેલ નવીન મતદારોના લત્તા / વિસ્તાર યાદીમાં દર્શાવેલ નહી હશે તો વિધાનસભા મતદાર વિભાગના મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ વિધાનસભાની જે તે વર્ષની પુરવણી મતદારયાદી તૈયાર કરવામાં આવેલ હોય તે સમયે નામો દાખલ કરવા રજુ થયેલ નમૂના નંબર–૬ની મૂળ અરજીઓમાં લત્તાની વિગતો નહીં હશે તો લત્તાની વિગતો નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને પુરી પાડવાની રહેશે અને તે માટે નમૂના નંબર–૬ની મૂળ અરજીઓ પણ પૂરી પાડીને તાલુકા મામલતદારોએ પરત મેળવવાની રહેશે અને તે અનુસાર જે તે વોર્ડની જે તે વિભાગની મતદારયાદીમાં વિધાનસભાની જે તે વર્ષની પુરવણી મતદારયાદીના તમામ નવીન મતદારોનો સમાવેશ કરવાનો રહેશે.

(૮) વિધાનસભાની યાદીમાં જણાવેલ કમી નામોની યાદીમાં જણાવેલ મતદારોના નામોના અનુક્રમ નંબરો વિધાનસભાની મૂળ મતદારયાદીમાં જણાવેલ અનુક્રમ નંબરો સાથે મળતા ન હોય તો તેવા મતદારોના અનુક્રમ નંબરો મેળવવા માટે વિધાનસભા મતદાર વિભાગના મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીએ મતદારોના નામો કમી કરવા હુકમો કરેલ હશે તે હુકમો અંગેનું રેકર્ડ તથા વિધાનસભાની હસ્તલિખિત મતદારયાદીની સ્થળપ્રત ઉપરથી મૂળ મતદારયાદીના અનુક્રમ નંબરોની વિગત નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને તાલુકા મામલતદારશ્રીઓએ પૂરી પાડવાની રહેશે.

(૯) ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોના નગરપાલિકા / નગરપંચાયતના વિસ્તારોના જે તે વિભાગોની જે તે વર્ષની પુરવણી મતદારયાદીમાં દર્શાવેલ મતદારો પૈકી નગરપાલિકા / નગરપંચાયતના હદ બહારના મતદારોની નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડની જે તે વિભાગની હસ્તલિખિત મતદારયાદીમાં સમાવેશ ન કરવામાં આવે તેની ખાસ નોંધ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ રાખવાની રહેશે.

INDEX

(૧૦) નગરપાલિકા / નગરપંચાયતના વોર્ડોના સીમાંકનના આદેશ અનુસાર જે તે વોર્ડના લત્તા / વિસ્તારના મતદારોનો જે તે વોર્ડની જે તે વિભાગની મતદારયાદીમાં સમાવેશ કરવા માટે જે તે વર્ષની પુરવણી મતદારયાદી જે તે વોર્ડના જે તે વિભાગ માટે તૈયાર કરવાની રહેશે. જેમાં એક વોર્ડના લત્તા / વિસ્તારના મતદારોનો અન્ય વોર્ડના લત્તા / વિસ્તારોમાં સમાવેશ કરવામાં ન આવે તેની ખાસ નોંધ રાખવાની રહેશે અને તે માટે પેરા–૫ (૭) મુજબ ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની જે તે વર્ષની પુરવણી મતદારયાદીમાં જણાવેલ નવીન મતદારોના નામોના લત્તા અને વિસ્તાર સહુ પ્રથમ નક્કી કરવાના રહેશે.

(૧૧) ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની જે તે વર્ષની પુરવણી મતદારયાદીમાં જણાવેલ નવીન મતદારોના નામો કયા વોર્ડની કયા વિભાગની મતદારયાદીમાં સમાવેશ કરેલ છે તેની નોંધ ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની જે તે વર્ષની છાપેલી પુરવણી મતદારયાદીમાં જે તે મતદારના નામ સામે કરવાની રહેશે અને ગુજરાત વિધાનસભાના જે તે મતદાર વિભાગની જે તે વર્ષની છાપેલી મતદારયાદીમાં નવીન મતદારોના નામ સામે નગરપાલિકા / નગરપંચાયતના જે તે વોર્ડના જે તે વિભાગની પુરવણી મતદારયાદીના અનુક્રમ નંબરોની વિગતો, વોર્ડ નંબર તેમજ વિભાગ નંબર સાથે દર્શાવવાની રહેશે કે જેથી ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગની જે તે વર્ષની પુરવણી મતદારયાદીના નવીન મતદારો નગરપાલિકા / નગરપંચાયતના કયા વોર્ડની કયા વિભાગની મતદારયાદીમાં કયા અનુક્રમ નંબરો ઉપર દાખલ કરેલ છે તેની ખાત્રી થઈ શકશે.

૬(૧) મતદારયાદીમાં સુધારા–વધારા કરવા માટે નક્કી કરેલ નમૂના 'ક' ના ફોર્મો પ્રાથમિક પ્રસિદ્ધિ પહેલા વેચાણ માટે તૈયાર અગર ઉપલબ્ધ રાખવા અને તે અનુસાર નિયત સમયમર્યાદામાં રજુ થયેલ હક્ક / દાવાઓની નોંધણી માટે વોર્ડવાર તેમજ વિભાગવાર તા.૧૨–૧૦–૯૯ના સુધારા આદેશથી નક્કી કરેલ નમૂના નંબર 'અ' માં રજીસ્ટર રાખવાનું રહેશે અને તે રજીસ્ટરમાં દાવાના નિકાલની વિગત દર્શાવી મતદાર નોંધણી અધિકારીઓએ પોતાની સહીઓ દરેક દાવા સામે કરવાની રહેશે. જેથી કેટલા દાવા પૈકી કેટલા માન્ય રાખ્યાં અને કેટલા અમાન્ય રાખી રદ કર્યા તેની વિગતો ઉપલબ્ધ થઈ શકશે.

૬ (૨) નગરપાલિકા / નગરપંચાયતની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદી જે તે વર્ષે તા.૧ લી જાન્યુઆરી..... ની તારીખે મતદારની ઉંમર હોય તે ધ્યાને લઈ તૈયાર કરવાની રહેશે અને તે અનુસાર નવીન નામો દાખલ કરવા દાવા અરજી રજુ કરવામાં આવે તેમાં ૧ લી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજની ઉંમર દર્શાવવાની રહેશે અને તેના માટેનો આધાર પણ રજુ થાય અને એની ખાત્રી કરવાની વ્યવસ્થા પણ મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ કરવાની રહેશે.

૬(૩) નગરપાલિકા / નગરપંચાયતોની મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ બાદ નિયત કરેલ કાર્યક્રમ મુજબ નિયત કરેલ સમયમર્યાદામાં રજુ થયેલ દાવા / અરજીઓનો નિકાલ રાજય ચૂંટણી પંચ તરફથી આપેલ સૂચનાઓ તથા ઉપરોકત નિયમોની જોગવાઈઓ અનુસાર જે તે મતદાર નોંધણી અધિકારીઓએ કરવાનો રહેશે અને તે અંગે સંક્ષિપ્ત હુકમો કરવાના રહેશે અને તેની જાણ સંબંધકર્તા અરજદારોને કરવાની રહેશે અને તેની વિગતો તા.૧૨–૧૦–૯૯ ના સુધારા આદેશ સાથેના નમૂના નંબર 'અ' મુજબના રજીસ્ટરમાં દરેક દાવાના નિકાલ કર્યાની જાણ કર્યા સુધીની વિગતો મતદાર નોંધણી અધિકારીઓએ નોંધવાની રહેશે અને તેની તેઓએ ખાત્રી કરવાની રહેશે.

સમય મર્યાદામાં રજુ થયેલ દાવા અરજીમાં નિકાલ સમયે રાજય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : એસઈસી–ઈએલસી–એમયુએન–પીડીઈ–૯૯, તા.૩૦–૯–૯૯ થી આપેલ સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

૬(૪) વિધાનસભાની જે તે સાલની પુરવણી મતદારયાદીમાં જણાવેલ નવીન મતદારોના ઘરનંબર / સરનામા / લત્તાની વિગતો મતદારયાદીમાં દર્શાવેલ નહી હશે તો નવીન મતદારો કયા ઘરના છે તેની વિગત મેળવવા માટે વિધાનસભાની યાદીમાં નવીન નામ દાખલ કરવા રજુ થયેલ નમુના નંબર ૬ ની મૂળ અરજીઓ ઉપરાંત, સસ્તા અનાજની દુકાનદારોના રેશનકાર્ડના રજીસ્ટર ઉપરથી કયા લત્તાના કયા ઘર / કુટુંબના મતદાર છે તેમજ વિધાનસભાની યાદીના મતદારોના ફોટો કાર્ડના રજીસ્ટર ઉપરથી ઘર / કુટુંબના લત્તા / વિસ્તારની વિગત મેળવવી અને તેમ છતાં ઓળખ ન મળે તો જે તે લત્તા / વિસ્તારના નગરપાલિકા / નગરપંચાયતના અધિકારી / કર્મચારીઓ પાસે જે તે સ્થળે ખાત્રી કરાવી કયા ઘર / કુટુંબના મતદાર છે તેની ઓળખ મેળવી જે તે વોર્ડના જે તે વિભાગની મતદારયાદીમાં નામો દાખલ કરવાનો નિર્ણય મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ લેવાનો રહેશે.

INDEX

૭. પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખથી નિયત સમય મર્યાદામાં દાવા / અરજીઓ રજુ થાય તેનો નિકાલ કરી લેવામાં આવેલ નિર્ણય અનુસાર મતદાર નોધણી અધિકારીઓ તરફથી ઉપર પેરા ૬(૩) માં જણાવ્યા મુજબ કરેલ હુકમો અનુસાર હસ્તલિખિત વોર્ડવાર તથા વિભાગવાર પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે જેને"સને ૨૦૦૧ ની સાલની પુરવણી મતદારયાદી નંબર ૨ " એ મુજબ દર્શાવવાનું રહેશે. આ પુરવણી મતદારયાદી નીચે જણાવ્યા મુજબ સળંગ સંયુક્ત તૈયાર કરવાની રહેશે.

(૧) તા.૧૧–૩–૯૮ના આદેશ સાથેના નમૂના નંબર ૭(૧) માં જણાવેલ નમૂના પ્રમાણે જે તે વર્ષની નગરપાલિકા / નગરપંચાયતની વોર્ડવાર / વિભાગવાર પુરવણી મતદારયાદી નંબર ૧ તૈયાર કરવાની રહેશે. જેમાં નમૂના નંબર ૭(૧)માં જણાવેલ મથાળું તથા કોલમો મુજબ વિગત દર્શાવવાની છે. નમૂના નંબર ૭(૧) મુજબ જે તે વર્ષની પુરવણી મતદારયાદી તૈયાર કરવા માટે કોલમ નંબર ૭ માં ૨૦૦૧ ના વર્ષની પુરવણી મતદારયાદી માટે "તા.૧ લી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજની ઉંમર'' એ મુજબ દર્શાવવાનું રહેશે. પુરવણી મતદારયાદીના મથાળા ઉપર ''નમૂના નંબર ૭(૧) '' દર્શાવવાનું નથી તેની ખાસ નોધ રાખવાની રહેશે.

મથાળા બાદ નીચે મુજબની યાદી તૈયાર કરવાની રહેશે.

(૧) વધારાના નામોની યાદી
(૨) સુધારા નામોની યાદી
(૩) કમી નામોની યાદી

(૨) નમૂનારૂપ પુરવણી મતદારયાદી તૈયાર કરવાનો નમૂના નંબર ૭(૧) તથા ૭(૨) નો સુધારેલો નમૂનો આ સાથે સામેલ રાખેલ છે. તે અનુસાર પુરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે. દરેક વોર્ડના દરેક વિભાગમાં પુરવણી મતદારયાદીના દરેક પ્રકારના નામોની નીચે એટલે કે

(૧) વધારાના નામોની યાદી
(૨) સુધારા નામોની યાદી
(૩) કમી નામોની યાદી

નીચેના ભાગે પુરૂષ / સ્ત્રી તથા કુલ નામોની સંખ્યા દર્શાવવાની છે

ત્રણ પ્રકારના નામોની યાદી ન હોય તો પણ નીચે મુજબની વિગત જે તે મથાળા નીચે દર્શાવીને પુરવણી મતદારયાદી દરેક વોર્ડનાં દરેક વિભાગ માટે અલગ અલગ તૈયાર કરવાની ખાસ નોધ નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોધણી અધિકારી અને મામલતદારશ્રીઓએ રાખવાની રહેશે.

(૧) વધારાના નામોની યાદી નથી
(૨) સુધારા નામોની યાદી નથી
(૩) કમી નામોની યાદી નથી

૮(૧) નમૂના નંબર ૭ (૨) માં મથાળામાં તા.૧૧–૩–૯૮ના આદેશ મુજબ મથાળું દર્શાવી વધારાના નામોની યાદી તૈયાર કરવાની રહેશે. જેમાં વધારાના નામોની યાદીનું મથાળું તથા કોલમો મુજબ વિગત દર્શાવી નવીન મતદારોના નામો દાખલ કરવાના રહેશે. જેનો અનુક્રમ નંબરો નગરપાલિકા / નગરપંચાયતની જે તે વોર્ડની જે તે વિભાગની જે તે વર્ષની પુરવણી મતદારયાદી નંબર ૧ માં જણાવેલ અનુક્રમ નંબરો પછીના અનુક્રમ નંબરો આપી ક્રમાનુસાર અનુક્રમ નંબરો આપવાના રહેશે.

INDEX

૮(૨) વધારાના નામો દાખલ કર્યા પછી સુધારા નામોની યાદીનું મથાળું તથા કોલમો મુજબ વિગત દર્શાવી સુધારાના નામોની યાદી તૈયાર કરવાની રહેશે. જેમાં નગરપાલિકા / નગરપંચાયતની જે તે વોર્ડની જે તે વિભાગની જે તે વર્ષની મૂળ મતદારયાદીના અનુક્રમ નંબર તથા તે મતદારનું સાચું નામ અને ભૂલવાળી તથા સુધારાની વિગતો જે તે કોલમમાં દર્શાવવાની રહેશે. આ યાદીના કોલમ નંબર ૨ માં મતદારનું સાચું પુરેપુરૂ નામ દર્શાવવાનું છે. કોલમ નંબર ૨ માં નગરપાલિકા / નગરપંચાયતની જે તે વોર્ડના જે તે વિભાગની મૂળયાદીમાં છપાયેલ નામ દર્શાવવાનું નથી તેની ખાસ નોંધ રાખવાની છે અગર તો રાજ્ય ચૂંટણી પંચે આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૯, તા.૩–૮–૯૯ થી નક્કી કરેલ કોલમ ૧ થી ૮ ના નમૂનામાં સુધારા નામોની યાદી તૈયાર કરી શકાશે.

૮(૩) સુધારા નામોની યાદી પછી કમી નામોની યાદીનું મથાળું તથા કોલમો મુજબ વિગત દર્શાવી કમી નામોની યાદી તૈયાર કરવાની રહેશે. જેમાં નગરપાલિકા / નગરપંચાયતના જે તે વોર્ડની જે તે વિભાગની જે તે વર્ષની મૂળ મતદારયાદીના અનુક્રમ નંબર તથા તેના મતદારનું નામ જે તે કોલમમાં દર્શાવવાનું રહેશે.

૮(૪) નમૂના નંબર ૭(૧) તથા ૭(૨) ના મથાળાના ઉપરના ભાગે ડાબી બાજુ જે તે વોર્ડના મતદાન કેન્દ્રનો નંબર દર્શાવવાનો છે. રાજ્ય ચૂંટણી પંચ તરફથી જે તે નગરપાલિકા / નગરપંચાયતની ચૂંટણી માટે જે તે વોર્ડના મતદાન મથકો મંજુર કરવામાં આવેલ છે, તે પ્રમાણેનો મતદાન કેન્દ્રનો નંબર દર્શાવવાનો છે.

૮(૫) નગરપાલિકા / નગરપંચાયતની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવા રાજ્ય ચૂંટણી પંચે નક્કી કરેલ હોઈ નમૂના નંબર ૭(૨) ના મથાળાના ઉપરના ભાગે જમણી બાજુ જે તે વોર્ડનો વિભાગ નંબર દર્શાવવાનો છે.

૯(૧) તા.૧૧–૩–૯૮ના આદેશ સાથે નમૂના 'ક' તથા 'ખ' આપવામાં આવેલ છે. તેમાં જરૂરી ફેરફાર કરી પત્રકો તૈયાર કરાવવાની ખાસ નોંધ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારીઓએ રાખવાની છે.

૯(૨) ઉપરોક્ત પેરા ૭ તથા ૮ માં જણાવેલ વિગતે હસ્તલિખિત પુરવણી મતદારયાદી નંબર ૧ તથા નંબર ૨ તૈયાર કરવામાં આવે તેનાં પુરૂષ, સ્ત્રી તથા કુલ મતદારોની વિગત નમૂના 'ક' નાં પત્રક તથા નમૂના 'ખ' ના પત્રક અનુસાર પ્રાથમિક પ્રસિદ્ધિની નક્કી કરેલ તારીખ પછીના બીજા દિવસે નમૂના 'ક' નું પત્રક અને આખરી પ્રસિદ્ધિની નક્કી કરેલ તારીખ પછીના બીજા દિવસે નમૂના 'ખ' નું પત્રક રાજ્ય ચૂંટણી પંચના કાર્યાલય તથા જિલ્લા કલેકટર શ્રીઓને જાણકાર કર્મચારી સાથે રૂબરૂમાં મોકલવાની વ્યવસ્થા જે તે નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદાર શ્રીઓએ ગોઠવવાની રહેશે.

૯(૩) પ્રાથમિક પ્રસિદ્ધિ અને આખરી પ્રસિદ્ધિ કર્યા અંગેના નમૂના નંબર ૪ તથા ૬ ની જાહેર સુચના દૈનિક પેપરોના પ્રેસ કટીંગની નકલો તથા નમૂના નંબર ૪ તથા ૬ ની જાહેર સૂચના જે જાહેર સ્થળોએ પ્રસિદ્ધ કરેલ હોય તે જાહેર સ્થળોના નામો તથા નમૂના નંબર ૪ તથા નંબર ૬ ની જાહેર સૂચનાની નકલ સાથે અહેવાલ રાજ્ય ચૂંટણી પંચના કાર્યાલયને તથા કલેકટર શ્રીઓને મોકલવાની ખાસ નોંધ મતદાર નોંધણી અધિકારીઓએ રાખવાની છે. આ અહેવાલ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદાર શ્રીએ પોતાની સહીથી મોકલવાનો છે. નગરપાલિકા / નગરપંચાયતોના મુખ્ય અધિકારી અને મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓની સહીથી મોકલવાનો નથી તેની ખાસ નોંધ રાખવાની છે. તા.૧૨–૧–૨૦૦૦ ના સુધારા આદેશથી નક્કી કરેલ જાહેર સૂચના નમૂના નંબર ૪ તથા નમૂના નંબર ૬ ની પ્રસિદ્ધિ કરવાની છે તેની ખાસ નોંધ મતદાર નોંધણી અધિકારીઓ અને તાલુકા મામલતદાર શ્રીઓએ રાખવાની છે.

૧૦. વિધાનસભાના મતદાર વિભાગોની ભાગવાર યાદીના મતદારોનો નગરપાલિકા / નગરપંચાયતના કયા વોર્ડના કયા વિભાગમાં સમાવેશ કરેલ છે તે તથા કમી મતદારો નગરપાલિકા / નગરપંચાયતના કયા વોર્ડના કયા વિભાગના મતદારો છે તે દર્શાવતુ રાજ્ય ચૂંટણી પંચના તા.૧૧–૩–૯૮ના આદેશથી નક્કી કરેલ નમૂના ૨ મુજબનું પત્રક તૈયાર કરવાનું રહેશે. નમૂના નંબર ૧ તથા નમૂના નંબર ૨ નું પત્રક પ્રાથમિક પ્રસિદ્ધિનો અહેવાલ રાજ્ય ચૂંટણી પંચ તથા જિલ્લા કલેકટર શ્રીઓને મોકલવામાં આવે તે સાથે મોકલવાની ખાસ નોંધ રાખવા જે તે નગરપાલિકા / નગરપંચાયતના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદાર શ્રીઓને અંગત ધ્યાન આપવા જણાવવામાં આવે છે.

INDEX

૧૧. રાજય ચૂંટણી પંચના ઉપર પેરા–૨માં જણાવેલ આદેશો / પરિપત્રો તથા આ પરિપત્રથી આપેલ સૂચનાઓ અનુસાર રાજયની નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડવાર / વિભાગવાર જે તે વર્ષે મૂળ મતદારયાદીઓ તથા પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે ત્યારે આવી મતદારયાદીઓની ૧૦૦ ટકા ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીઓએ કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે છે. આ ચકાસણી માટે નીચે જણાવેલ કક્ષાના અધિકારીઓ / કર્મચારીઓ વચ્ચે નગરપાલિકા / નગરપંચાયતોના વોર્ડો તથા તેના વિભાગોની વહેંચણી જિલ્લા કલેકટરશ્રીઓએ કરવાની રહેશે.

		મતદારયાદીમાં દાખલ કરેલ નોધોની ચકાસણી કરવાની ટકાવારી
૧.	નાયબ કલેકટર	૧૦
૨.	મામલતદાર	૧૦
૩.	નગરપાલિકા /નગરપંચાયતના મુખ્ય અધિકારીઓ	૨૦
૪.	નાયબ મામલતદાર કક્ષાના કર્મચારીઓ / નગરપાલિકા / નગરપંચાયતના અધિકારી કક્ષાના કર્મચારીઓ	૩૦
૫.	નગરપાલિકા / નગરપંચાયતના ઈન્સ્પેકટરો / સુપરવાઈઝર કક્ષાના અધિકારીઓ	૩૦

તમામ નોધોની ચકાસણી એ રીતે કરવાની રહેશે કે એક જ નોધની ચકાસણી એકના એક અધિકારી તથા કર્મચારીઓ તરફથી થાય નહી તે માટેની સૂચનાઓ સંબંધકર્તા અધિકારી / કર્મચારીઓને આપવાની રહેશે.

ઉપર જણાવેલ અધિકારી / કર્મચારીઓ તરફથી ચકાસણી કરેલ હોય તેની વિગતો સંબંધકર્તા અધિકારી / કર્મચારી પાસેથી જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મેળવવાની રહેશે અને જિલ્લા કલેકટરશ્રીઓએ તેની વિગતો અહેવાલ સાથે રાજય ચૂંટણી પંચને મોકલવાની રહેશે.

૧૨. ઉપર પેરા–૨ માં જણાવેલ પરિપત્રો / આદેશો તથા આ પરિપત્ર અનુસાર પુરવણી મતદારયાદીઓ તૈયાર થાય તે માટે નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓ તથા મદદનીશ મતદાર નોધણી અધિકારી અને નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ જરૂરી સૂચનાઓ આપવાની રહેશે તથા આ તેઓને આ પરિપત્રની નકલો તાત્કાલિક મોકલવાની રહેશે.

રાજય ચૂંટણી પંચ તરફથી નગરપાલિકા / નગરપંચાયતોની વોર્ડવાર / વિભાગવાર મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિદ્ધિ તેમજ આખરી પ્રસિદ્ધિ જે તારીખે કરવાની નક્કી કરેલ હોય તે તારીખની નોધ દરેક વિભાગની મૂળ અગર પુરવણી મતદારયાદીમાં, યથાપ્રસંગ પ્રમાણે નીચે મુજબની મતદાર નોધણી અધિકારીઓએ હોદ્દા સાથે નોધ તથા સહી કરવાનું રાજય ચૂંટણી પંચ નક્કી કરે છે.

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી

મતદાર નોધણી અધિકારી
.....નગરપાલિકા / નગરપંચાયત
અને મામલતદાર ..... તાલુકા

સ્થળ
તારીખ

આખરી પ્રસિદ્ધિ કરી

મતદાર નોધણી અધિકારી
..... નગરપાલિકા / નગરપંચાયત
અને મામલતદાર ..... તાલુકો

સ્થળ :
તારીખ:

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

નમુના નંબર : ૭ (૧)
(જુઓ નિયમ–૭)

મતદાર કેન્દ્ર નંબર : ..... વિભાગ નંબર : .....

..... નગરપાલિકા / નગરપંચાયતની ચૂંટણી માટેની સને ૧૯૯૮ની સાલની મતદારયાદીની સને ૨૦૦૧ની પુરવણી મતદારયાદી નંબર ૧

વોર્ડનંબર : ..... વોર્ડનું નામ : .....

વધારાના નામોની યાદી

અનું નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા.૧ જાન્યુઆરી ૨૦૦૧ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભુલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

કમી નામોની યાદી

મતદારયાદીના અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

મતદાર નોંધણી અધિકારી
.....નગરપાલિકા / નગરપંચાયત
મામલતદાર ..... તાલુકો

પ્રાથમિક પ્રસિદ્ધિ કરી

સ્થળ
તારીખ

મતદાર નોંધણી અધિકારી
..... નગરપાલિકા / નગરપંચાયત
મામલતદાર ..... તાલુકો

પાદરા અને મોરબી નગરપાલિકાની મતદારયાદીના કિસ્સામાં મથાળે '૧૯૯૮' ને બદલે '૨૦૦૦' દર્શાવવાનું રહેશે.

INDEX

નમુના નંબર : ૭ (૨)
(જુઓ નિયમ–૭)

મતદાર કેન્દ્ર નંબર : ..... વિભાગ નંબર : .....

..... નગરપાલિકા / નગરપંચાયતની ચૂંટણી માટેની સને ૧૯૯૮ની સાલની મતદારયાદીની સને ૨૦૦૧ની પુરવણી મતદારયાદી નંબર ૨

વોર્ડનંબર : ..... વોર્ડનું નામ : .....

વધારાના નામોની યાદી

અનું નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા.૧ જાન્યુઆરી ૨૦૦૧ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભુલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારા નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

કમી નામોની યાદી

મતદારયાદીના અનુક્રમ નંબર	મતદારનું પુરૂ નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ :..... સ્ત્રી : ..... કુલ : .....

મતદાર નોંધણી અધિકારી
.....નગરપાલિકા / નગરપંચાયત
મામલતદાર ..... તાલુકો

આખરી પ્રસિદ્ધિ કરી

સ્થળ
તારીખ

મતદાર નોંધણી અધિકારી
..... નગરપાલિકા / નગરપંચાયત
મામલતદાર ..... તાલુકો

પાદરા અને મોરબી નગરપાલિકાની મતદારયાદીના કિસ્સામાં મથાળે '૧૯૯૮' ને બદલે '૨૦૦૦' દર્શાવવાનું રહેશે.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 797 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLI] TUESDAY, DECEMBER 5, 2000/AGRAHAYANA 14, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commissioa, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૫ –૧૨–૨૦૦૦

ક્રમાંક:રાચપ–ચટણ–નપા–નપં–મતય–૨૦૦૧

વિષય : નગરપાલિકા/નગરપંચાયતોની ૧૯૯૮ની સાલની (કોમ્પ્યુટરાઈઝડ) મતદારયાદીઓ ૧૯૯૯ તથા ૨૦૦૦ની સાલની પુરવણી મતદારયાદીઓ સહિત તથા પાદરા તથા મોરબી નગરપાલિકાની સને ૨૦૦૦ ની મતદારયાદીઓ સહિત ૨૦૦૧ની સાલની મતદારયાદીઓની પ્રસિધ્ધિ કરવા બાબત.

આ દે શ

૧. ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૯ ની પેટા કલમ–૨, ૨(ક) તથા ૩ તથા ગુજરાત નગરપાલિકા (મતદાર

INDEX

નોંધણી) નિયમો–૧૯૯૪ ના નિયમ–૪ તથા ૭ (૧) અનુસાર નગરપાલિકા/નગરપંચાયતોની મતદારયાદીઓ, તે સમયે અમલમાં હોય તેવા કેન્દ્રીય કાયદાની જોગવાઈઓ અનુસાર તૈયાર કરેલ અને સુધારેલ ગુજરાત વિધાનસભાની મતદારયાદીના જેવી જ રાજ્ય ચુંટણી પંચ દ્વારા સુધારા, ફેરફાર, અદ્યતન અને પ્રસિધ્ધ કર્યા પ્રમાણેની રાખવાની થાય છે.

૨. ગુજરાત વિધાનસભાની ૧૯૯૮ની કોમ્પ્યુટરાઈઝડ મૂળ મતદારયાદી પરથી નગરપાલિકા/નગરપંચાયતોની ૧૯૯૮ની સ્થિતિની કોમ્પ્યુટરાઈઝડ મતદારયાદી તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ તા. ૨૦–૧૧–૯૯ના રોજ કરેલ છે. ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની મતદારયાદીઓની તા. ૧–૧–૯૯ ની સ્થિતિએ સુધાર્યા પ્રમાણેની તા. ૨૧–૭–૯૯ ના રોજ આખરી પ્રસિધ્ધ થયેલી મતદારયાદીઓ પરથી રાજ્યની વડોદરા જિલ્લાની પાદરા તથા રાજકોટ જીલ્લાની મોરબી નગરપાલિકા સિવાયની તમામ નગરપાલિકા/નગરપંચાયતોની ૧૯૯૮ની સ્થિતિની વોર્ડવાર વિભાગવાર મતદારયાદીઓમાં સંક્ષિપ્ત સુધારણા કરી ૧૯૯૯ ની પુરવણી યાદીઓ સહીત મતદારયાદીઓની તા. ૨૦–૧૧–૯૯ નાં રોજ આખરી પ્રસિધ્ધિ કરવામાં આવી છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧–૧–૨૦૦૦ની સ્થિતિએ સુધાર્યા પ્રમાણેની તા. ૭–૧–૨૦૦૦ નાં રોજ આખરી પ્રસિધ્ધ થયેલી મતદારયાદીઓ પરથી વોર્ડવાર વિભાગવાર મતદારયાદીઓમાં સંક્ષિપ્ત સુધારણા કરી સને ૨૦૦૦ ની પુરવણી મતદારયાદીઓ સહીત મતદારયાદીઓની તા. ૧૪–૩–૨૦૦૦ નાંરોજ આખરી પ્રસિધ્ધિ કરવામાં આવી છે જ્યારે રાજ્યની વડોદરા જિલ્લાની પાદરા તથા રાજકોટ જિલ્લાની મોરબી નગરપાલિકાની સને ૨૦૦૦ની સ્થિતિની વોર્ડવાર/ વિભાગવાર મૂળ મતદારયાદીઓ તૈયાર કરાવી તેની આખરી પ્રસિધ્ધિ તા. ૩૧–૫–૨૦૦૦ નાં રોજ કરવામાં આવી છે. આમ રાજ્યની ૧૪૩ નગરપાલિકા/નગરપંચાયતની આ મતદારયાદીઓ અમલમાં છે.

૩. ગુજરાત વિધાનસભાના મતદાર વિભાગોની મતદારયાદીઓની તા. ૧–૧–૨૦૦૧ ની સ્થિતિએ સુધારણા કરવામાં આવી છે. અને વિધાનસભા મતદાર વિભાગોની ૨૦૦૧ ની પુનઃનિરીક્ષણ કરેલી તા. ૨–૧–૨૦૦૧ નાં રોજ આખરી પ્રસિધ્ધિ થયેલી મતદારયાદીઓ પરથી ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ ની કલમ–૯ તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો–૧૯૯૪ ના નિયમ–૪ તથા ૭(૧) અન્વયે રાજ્યની વડોદરા જીલ્લાની પાદરા તથા રાજકોટ જિલ્લાની મોરબી નગરપાલિકા સિવાય તમામ નગરપાલિકા/નગરપંચાયતોની ૧૯૯૮ની સ્થિતિની વોર્ડવાર વિભાગવાર મતદારયાદીઓમાં તથા પાદરા તથા મોરબી નગરપાલિકાની સને ૨૦૦૦ની સ્થિતિની વોર્ડવાર વિભાગવાર મતદારયાદીઓમાં સુધારા–વધારા કરવા / સંક્ષિપ્ત રીવીઝન કરવા અને વોર્ડવાર વિભાગવાર સને ૨૦૦૧ની પુરવણી મતદારયાદીઓની મૂળ મતદારયાદીઓ / પુરવણી મતદારયાદીઓ સહિત પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે, અને તે માટે નીચે પ્રમાણેનો કાર્યક્રમ નકકી કરે છે.

INDEX

		કાર્યક્રમ
૧	તા. ૧–૧–૨૦૦૧ ની સ્થિતિએ તૈયાર થયેલી ગુજરાત વિધાનસભાની પુરવણી મતદારયાદીઓ ઉપરથી સને ૨૦૦૧ ની હસ્તલિખિત /કોમ્પ્યુટરાઈઝ્ડ/ સાઈકલોસ્ટાઈલ્ડ વોર્ડવાર/વિભાગવાર મતદારયાદી તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવાની સમય મર્યાદા (આ પુરવણી મતદારયાદીને ૨૦૦૧ ની પુરવણી મતદારયાદી નંબર–૧ આપવાનો રહેશે.)	અઢી માસ
૨	નિયમ–૪ અન્વયે હસ્તલિખિત /સાઈકલોસ્ટાઈલ્ડ /કોમ્પ્યુટરાઈઝ્ડ વોર્ડવાર/વિભાગવાર ૨૦૦૧ની પુરવણી મતદારયાદી નંબર–૧ ની પ્રાથમિક પ્રસિધ્ધિની તારીખ (ગુજરાત વિધાનસભાની કોમ્પ્યુટરાઈઝ થયેલી મતદારયાદી પરથી નગરપાલિકા/ નગરપંચાયતની તૈયાર કરાવેલ મૂળ મતદારયાદી, ૧૯૯૯ અને અગર ૨૦૦૦ની પુરવણી મતદારયાદીઓ તથા ૨૦૦૧ની પુરવણી મતદારયાદી નંબર–૧ સહિત)	૨૦–૩–૨૦૦૧
૩	નિયમ–૬ અન્વયે દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ.	૩૧–૩–૨૦૦૧
૪	નિયમ–૬ અન્વયે દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે આખરી નિર્ણય કરવા માટેની છેલ્લી તારીખ.	૨૦–૪–૨૦૦૧
૫	હસ્તલિખિત / સાઈકલોસ્ટાઈલ્ડ /કોમ્પ્યુટરાઈઝ્ડ વોર્ડવાર/ વિભાગવાર ૨૦૦૧ની પુરવણી મતદારયાદી નંબર–૨ તૈયાર કરવાની તારીખ.	૨૭–૪–૨૦૦૧
૬	નિયમ–૭ (૧) અન્વયે હસ્તલિખિત / સાઈકલોસ્ટાઈલ્ડ /કોમ્પ્યુટરાઈઝ્ડ વોર્ડવાર વિભાગવાર મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિની તારીખ (મૂળ મતદારયાદી, ૧૯૯૯ અને અગર ૨૦૦૦ની પુરવણી મતદારયાદીઓ તથા ૨૦૦૧ ની પુરવણી મતદારયાદી નં. ૧ તથા નં. ૨ સહિત)	૩–૫–૨૦૦૧

૪. નગરપાલિકા/નગરપંચાયતોની વોર્ડવાર / વિભાગવાર સને ૨૦૦૧ ની પુરવણી મતદારયાદીઓ તૈયાર કરવા અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિધ્ધિ કરવા તા.૫–૧૨–૨૦૦૦ નાં પરિપત્ર ક્રમાંકઃરાચપ–ચટણ–નપા–પીડીઈ–૨૦૦૧માં આપેલ સૂચનાઓ મુજબ જે તે નગરપાલિકા/નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારીઓએ કાર્યવાહી કરવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે અને નીચે મુજબની સુચનાઓનો અમલ કરવાનો રહેશે.

(૧) ૨૦૦૧ની પુરવણી યાદી તૈયાર કરવા માટે જિલ્લા કલેકટરશ્રીઓએ તાલુકા મામલતદારશ્રીઓને તા. ૨–૧–૨૦૦૧ના રોજ આખરી પ્રસિધ્ધિ થયેલ વિધાનસભાની મતદારયાદીઓના બે થી ત્રણ રોલ / સેટ નગરપાલિકા / નગરપંચાયતો પાસેથી કિમત વસુલ લઈ જે તે નગરપાલિકા/નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને પુરા પાડવા સૂચના આપવાની રહેશે.

(૨) વિધાનસભાની તા. ૨–૧–૨૦૦૧નાં રોજ આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદી બાદ નામો કમી કરવા /દાખલ કરવા હુકમો મતદાર નોંધણી અધિકારી / મદદનીશ મતદાર નોંધણી અધિકારીઓ તરફથી થયેલ હશે તો તેના હુકમોની નકલો અગર તે અનુસાર પુરવણી મતદારયાદી તૈયાર કરી પ્રસિધ્ધ કરેલ હશે તો તેવી પુરવણી મતદારયાદીઓના બે સેટ પણ મામલતદારશ્રીઓએ નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને પુરા પાડવાના રહેશે.

(૩) વિધાનસભા મતદાર વિભાગની નગરપાલિકા / નગરપંચાયત વિસ્તારની મતદારયાદીના મતદારોની કુલ સંખ્યા, તે પૈકી કમી મતદારો અને બાકી રહેતા મતદારોની વિગત બતાવતું પત્રક નમુના નંબર–૧ પ્રમાણે સંબધકર્તા તાલુકા મામલતદારશ્રીઓએ જે તે નગરપાલિકા / નગરપંચાયતના મુખ્ય અધિકારીઓને વિધાનસભાના રોલ /સેટ સાથે લેખિત પત્ર દ્વારા પુરું પાડવાનું રહેશે. આ પત્રક તા. ૧૧–૩–૯૮ ના આદેશ ક્રમાંકઃરાચપ–ચટણ–નપા–પીડીઈ–૯૮ અનુસાર ફેરફાર સાથેનું તૈયાર કરી પુરું પાડવાનું રહેશે.

INDEX

(૪) નગરપાલિકા / નગરપંચાયતોની પુરવણી મતદારયાદીઓ, મતદારોની તા. ૧–૧–૨૦૦૧ના રોજની ઉમરને ધ્યાનમાં લઈને તૈયાર કરવાની છે અને તેથી તે અનુસાર ઉમર, ૨૦૦૧ ની પુરવણી મતદારયાદીમાં નવીન મતદારોની યાદીના કોલમ નં. ૭ માં દર્શાવવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે અને નમુના નં. ૭ (૧) ની પુરવણી મતદારયાદીના વધારાના મતદારોની યાદીના મથાળાના કોલમ નં. ૭ માં તા. ૧–૧–૨૦૦૧ના રોજની ઉમર એ મુજબ દર્શાવવાનું રહેશે.

(૫) તા.....૫–૧૨–૨૦૦૦ ના પરિપત્રમાં આપેલ સૂચનાઓ અનુસાર વિધાનસભાની ૨૦૦૧ ની પુરવણી યાદી ઉપરથી નગરપાલિકા / નગરપંચાયતની વોર્ડવાર / વિભાગવાર સને ૨૦૦૧ ની પુરવણી મતદારયાદી નંબર–૧ તૈયાર કરવાની રહેશે.

(૬) આ યાદીની સૌ પ્રથમ હસ્તલિખિત ૪ (ચાર) પ્રતો તૈયાર કરવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે. નમુના નં. ૭(૧) અનુસાર સને ૨૦૦૧ ની વોર્ડવાર / વિભાગવાર પુરવણી મતદારયાદીનું મથાળું રાજય ચુંટણી પંચના તા. ૧૧–૩–૯૮ ના આદેશથી નમુના નંબર.૭(૧) ના નકકી કરેલ મથાળા પ્રમાણે દર્શાવવાનું છે.

(૭) તા.....૫–૧૨–૨૦૦૦ ના પરિપત્ર મુજબ દરેક વોર્ડના દરેક વિભાગ માટે ૨૦૦૧ ની પુરવણી મતદારયાદી નંબર–૧ તથા નંબર–૨ માં તૈયાર કરવાનું અને તેવી યાદી ન હોય તો તેવી યાદી માટેની સૂચના અનુસાર "આવી યાદી નથી " તેવી નોંધ જે તે યાદીના મથાળા નીચે કરી પુરવણી યાદી સંયુકત કરવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

(૮) ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો–૧૯૯૪ ના નિયમ–૪ અનુસાર મતદારયાદીઓની પ્રાથમિક પ્રસિધ્ધિની તથા આખરી પ્રસિધ્ધિની જાહેર સુચના અનુક્રમે તા. ૧૨–૧–૨૦૦૦ના સુધારા આદેશથી સુધારેલ નમુના નંબર–૪ તથા નંબર–૬ અનુસાર કરવાની છે અને તે નગર/શહેરના જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરવાનું અને નગર/શહેરના દૈનિક /સ્થાનિક બે વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ થાય તેવું રાજય ચુંટણી પંચ નકકી કરે છે. નમુના નંબર–૪ તથા ૬ ની જાહેર સુચના માટે પ્રસિધ્ધિની તારીખ ઉપર જણાવેલ કાર્યક્રમ અનુસારની દર્શાવવા અને આ જાહેર સુચનાઓ જે તારીખે પ્રસિધ્ધ કરવાની હોય તે તારીખના વર્તમાનપત્રોમાં જ પ્રસિધ્ધ થાય તેવું રાજય ચુંટણી પંચ નકકી કરે છે. પ્રસિધ્ધિની તારીખ સિવાય વર્તમાનપત્રોમાં જાહેર સુચના પ્રસિધ્ધ થશે તેમજ જાહેર સૂચનામાં પ્રસિધ્ધિની તારીખ સિવાયની કોઈ તારીખ દર્શાવેલ હશે, તો તે માટે સંબંધકર્તા નગરપાલિકા /નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓને અંગત જવાબદાર ગણી ખુલાસાની અપેક્ષા સિવાય આગળની કાર્યવાહી કરવાનું રાજય ચુંટણી પંચ વિચારશે તેની નોંધ સંબંધકર્તા નગરપાલિકા /નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ લેવાની રહેશે.

(૯) પ્રાથમિક પ્રસિધ્ધિનો અહેવાલ, જાહેર સુચના નંબર–૪ ની નકલ, દૈનિક પેપરોની પ્રેસ કટીંગ તથા જાહેર સ્થળોની વિગત સાથે તેમજ નમુના નંબર–૧, ૨ તથા 'ક' ના પત્રક સાથે પ્રસિધ્ધિની તારીખના બીજા દિવસે રાજય ચુંટણી પંચને મોકલવા અને તેવી જ રીતે આખરી પ્રસિધ્ધિનો અહેવાલ આખરી પ્રસિધ્ધિની તારીખ પછીના બીજા દિવસે તા...૫–૧૨–૨૦૦૦ ના પરિપત્રથી આપેલ સુચનાઓ અનુસાર જરુરી બિડાણો સહીત સાથે મોકલવાનું અને તે સને ૨૦૦૧ ની પુરવણી મતદારયાદી નંબર–૧ તથા નંબર–૨ ના બે સેટ રાજય ચુંટણી પંચને મોકલવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

(૧૦) આ આદેશથી રાજયની તમામ નગરપાલિકા/ નગરપંચાયતોની સને ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદી નંબર–૧ તથા નંબર–૨ છપાવવાને બદલે હસ્તલિખિત /સાઈકલોસ્ટાઈલ્ડ કોમ્પ્યુટરાઈઝ્ડ કરાવવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે. અને જયારે નગરપાલિકા / નગરપંચાયતની સામાન્ય / મધ્યસત્ર ચુંટણી કે વોર્ડની બેઠકોની પેટા ચુંટણી યોજવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે હસ્તલિખિત/ સાઈકલોસ્ટાઈલ્ડ /કોમ્પ્યુટરાઈઝ્ડ યાદી ઉપરથી ૨૦૦૧ની સાલની પુરવણી મતદારયાદીની ૫૦ પ્રતો છપાવવાનું રાજય ચુંટણી પંચ નકકી કરે છે.

(૧૧) રાજય ચુંટણી પંચ તરફથી નકકી કરેલ નમુના નંબર–૭(૧) તથા ૭(૨) ના સુધારેલા નમુના પ્રમાણે તેમાં જણાવેલ મથાળા તથા કોલમો મુજબ કોલમ નંબરો તથા કોલમો મુજબની વિગતો સાથે પુરવણી મતદારયાદી નંબર–૧ તથા નંબર–૨ તૈયાર કરવામાં આવશે નહી અને તેમાં ફેરફાર કરી ફેરફારવાળા મથાળા તથા કોલમો દર્શાવી મતદારયાદી તૈયાર કરવામાં આવશે તો તે માટે જે તે નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓને અંગત જવાબદાર ગણી ખુલાસાની અપેક્ષા સિવાય આગળની કાર્યવાહી કરવાનું રાજય ચુંટણી પંચ વિચારશે.

INDEX

(૧૨) રાજ્ય ચુંટણી પંચ તરફથી નકકી કરેલ નમુના નંબર–૧ તથા નંબર–૨ ના પત્રક તથા નમુના નંબર 'ક' તથા 'ખ' ના પત્રકમાં આપેલ સૂચનાઓ પ્રમાણે કોલમો મુજબ સાચી વિગતો તથા આંકડા દર્શાવી તેની મેળવણી કરવામાં આવે અને તે કોલમો મુજબ સાચી છે તેની ખાત્રી મુખ્ય અધિકારીઓ પાસે કરાવવા અને તેની મામલતદારશ્રીઓએ જાતે ખાત્રી કરવા અને કોલમોમાં જણાવેલ આંકડા, સંખ્યા તથા વિગતો સાચી નહી જણાશે તો સંબંધકર્તા તાલુકા મામલતદારશ્રીને અંગત જવાબદાર ગણવાનું રાજ્ય ચુંટણી પંચ નકકી કરે છે.

(૧૩) રાજ્ય ચુંટણી પંચના આદેશો / પરિપત્રોથી આપેલ સુચનાઓ અનુસાર જિલ્લાની નગરપાલિકા/નગરપંચાયતોની સને ૨૦૦૧ ની પુરવણી મતદારયાદી વોર્ડવાર / વિભાગવાર તૈયાર થયેલ છે કે નહી અને તા. ૦૫...–૧૨–૨૦૦૦ ના પરિપત્ર અનુસાર પુરવણી મતદારયાદીઓની કરેલ નોંધોની ૧૦૦ ટકા ચકાસણી કરાવવા અને તેની જિલ્લા કક્ષાએ ખાત્રી કરાવવા અને સુચનાઓનો અમલ થયેલ ન હોય તો સંબંધકર્તા નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રી તથા મદદનીશ મતદાર નોંધણી અધિકારીઅને મુખ્ય અધિકારીઓ પાસેથી ખુલાસા મેળવવા અને રીમાર્કસ / અભિપ્રાય સાથે અહેવાલ રાજ્ય ચુંટણી પંચને નગરપાલિકા / નગરપંચાયતવાર જિલ્લા કલેકટરશ્રીઓએ મોકલવાના રહેશે.

જિલ્લા મ્યુનિસિપલ ચુંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ આ આદેશ અનુસાર કાર્યવાહી કરવા જે તે નગરપાલિકા / નગરપંચાયતોના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓને તથા નગરપાલિકા / નગરપંચાયતોના મુખ્ય અધિકારીઓને જિલ્લા કક્ષાએ બેઠક બોલાવી સુચનાઓ આપવાની રહેશે અને તેઓને આ આદેશની નકલો પણ મોકલવાની રહેશે.

આદેશથી,

યો. જે. દીક્ષિત
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Extra No. 798 REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLI] TUESDAY, DECEMBER 5, 2000/AGRAHAYANA 14, 1922

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV—C

Statutory Rules and Orders (other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજય ચૂંટણી પંચનું કાર્યાલય
બ્લોક નંબર : ૯, ૬ ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન,
નવા સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૫ –૧૨–૨૦૦૦

ક્રમાંક : રાચપ–ચટણ–પચત–મતય–જીતાપં–૨૦૦૧

વિષય : જિલ્લા / તાલુકા પંચાયતોની મતદારયાદીઓનું પુનઃ નિરીક્ષણ કરવા બાબત.

આદેશ

૧. રાજ્યની જિલ્લા / તાલુકા / ગ્રામ પંચાયતોની તથા સરપંચની ચૂંટણી માટે મતદારયાદીઓ તૈયાર કરવા તથા પ્રસિદ્ધ કરવા માટે રાજ્ય સરકાર તરફથી ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪માં જોગવાઈ કરવામાં આવેલ છે.

INDEX

૨. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૭, ૧૮ તથા ૨૦(૧) અન્વયે ગુજરાત રાજયની તમામ જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ થયેલ ગામોની મતદાર વિભાગવાર તૈયાર કરેલ મતદારયાદીઓ રાખવા અને તેની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કલમ–૨૦(૨) તથા ૨૦(૭) અન્વયે રાજય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધીન રહીને કરવાનાગી રહે છે.

૩. ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૧૮ તથા ૨૦ મુજબ જિલ્લા / તાલુકા પંચાયતોની સામાન્ય / પેટા /મધ્યસત્ર ચૂંટણી માટે જિલ્લા / તાલુકા પંચાયતના મતદાર વિભાગોમાં સમાવિષ્ટ કરેલ ગામોની વિધાનસભા મતદાર વિભાગોની અમલમાં હોય તેવી મતદારયાદી ઉપરથી જિલ્લા / તાલુકા પંચાયતોની વિભાગવાર મતદારયાદીઓ તૈયાર કરવા માટે રાજય ચૂંટણી પંચ તરફથી આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–જીતાપંચાયત –મનઅ–૯૫, તા.૨–૩–૯૫ તથા સુધારા આદેશ ક્રમાંક : રાચપ–ચટણ–જિતાપં–મનઅ–૯૫, તા.૨૪–૩–૯૫ થી સંબંધકર્તા વિસ્તારો માટે નિર્દિષ્ટ સત્તાધિકારી તરીકે સંબંધકર્તા તાલુકા મામલતદારને નિયુકત કરવામાં આવેલ છે.

